શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૮૪૬

# ...નદેવદર્શન.

(...ુ, વિવેચન સહિત.)

(મુનિશ્રી ચારિત્રવિજયજીની સહાયતાથી)

સંયોજક

**મોહનલાલ દલીચંદ દેશાઇ**

બી. એ. એલ્ એલ્. બી.

( જૈન હોસ્ટેલ, એલ્ફીન્સ્ટન રોડ પરેલ, મુંબઈ. )

**દા. મૂલચંદ હીરજી માંગરોળવાળા**

તરફથી

**પોતાની મર્હુમ પત્નિ બાઈ મોંઘીના સ્મરણાર્થે**

**જૈનબંધુઓને ભેટ.**

વીરસંવત્ ૨૪૩૬. ઈ. સ. ૧૯૧૦.

મુંબઈ.

કોલભાટલેઈન નં. ૨૩ માં આવેલ "નિર્ણયસાગર" પ્રેસમાં બાળકૃષ્ણ રામચંદ્ર ઘાણેકરે માલીકને માટે છાપ્યું.

( સર્વ હક્ક સ્વાધીન. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી જિનદેવદર્શન.

( વિધિ, હેતુ, વિવેચન સહિત. )

( મુનિશ્રી ચારિત્રવિજયજીની સહાયતાથી )


સંયોજક

**મોહનલાલ દલીચંદ દેશાઇ**

બી. એ. એલ્. એલ્. બી.

( જૈન હોસ્ટેલ. એલ્ફીન્સ્ટનરોડ પરેલ, મુંબઈ. )


**હા. મૂલચંદ હીરજી માંગરોળવાળા**

તરફથી

**પોતાની મર્હુમ પત્નિ બાઇ મોંઘીના સ્મરણાર્થે**
**જૈનબંધુઓને ભેટ.**


વીરસંવત્ ૨૪૩૬. ઈ. સ. ૧૯૧૦.

મુંબઈ.

કોલભાટલેઈન નં. ૨૩ માં આવેલ "નિર્ણયસાગર" પ્રેસમાં
બાળકૃષ્ણ રામચંદ્ર ઘાણેકરે માલીકને માટે છાપ્યું.



( સર્વ હક્ક સ્વાધીન. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

जिनेंद्रपूजा गुरुपर्युपास्ति
सत्वानुकंपा शुभपात्रदानं ।
गुणानुरागः श्रुतिरागमस्य
नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥

આ નરજન્મરૂપી વૃક્ષનાં ફલો જિનદેવની પૂજા, ગુરૂની સેવા, સર્વ જીવોપર દયા, સુપાત્રે દાન, ગુણોનો અનુરાગ, અને શ્રુત એટલે આગમપર પ્રીતિ એ છે.

सावलेपं विहायैव स्वृद्धिमान् सदुपासकः ।
भक्तिपूर्वं जिनं स्तौति स एव जगदुत्तमः ॥

—उपदेशप्रासाद.

ઉત્તમ પુરૂષોનો ઉપાસક સમૃદ્ધિવાળો જે શ્રાવક ગર્વને તજી ભક્તિપૂર્વક જિનેશ્વરની સ્તુતિ કરે છે તે જગત્માં ઉત્તમ ગણાય છે.

पापं लुंपति दुर्गतिं दलयति व्यापादयत्यापदं
पुण्यं संचिनुते श्रियं वितनुते पुष्णाति नीरोगताम् ।
सौभाग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः
स्वर्गं यच्छति निर्वृतिं च रचयत्यर्चार्हतां निर्मिता ॥

—सिंदुरप्रकरण.

શ્રી અરિહંતોની પૂજા પાપનો લોપ કરે છે, દુર્ગતિને દળી નાંખે છે, આપદાનો નાશ કરે છે, પુણ્યને એકઠું કરે છે શ્રીને વધારે છે, આરોગ્યતાથી પવિત્ર કરે છે, સૌભાગ્યને આપે છે, પ્રીતિને ખીલાવે છે, યશને ઉત્પન્ન કરે છે, સ્વર્ગને આપે છે અને છેવટે મોક્ષની રચના કરે છે.

ते जन्मभाजः खलु जीवलोके
येषां मनो ध्यायति अर्हनाथम् ।
वाणी गुणान् स्तौति कथां शृणोति
श्रोत्रद्वयं ते भवमुत्तरन्ति ॥

જેઓનું મન અરિહંત ભગવાનનું ધ્યાન કરે છે, જેની વાણી તેમના ગુણોનું સ્તવન કરે છે અને જેના બે કાન તેમની કથા સાંભળે છે તેમનોજ, ખરેખર આ જીવલોકમાં લીધેલો જન્મ સાર્થક છે અને તેઓજ સંસારને ઉતરી જશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા.


| નંબર. | | પૃષ્ઠ. |
|---|---|---|
| નિવેદન. | | |
| પ્રભુમંદિરે પ્રભુતાપ્રાપ્તિ. | | |
| જિનદેવદર્શન. | | |
| ૧ | મંગલાચરણ... ... | ૧ |
| ૨ | પ્રબંધ ચતુષ્ટય ... | ૧ |
| ૩ | વીતરાગ મૂર્તિ કેવી છે? | ૧ |
| ૪–૫ | વિષયનો પ્રસ્તાવ ... | ૨ |
| ૬ | ચૈત્ય શબ્દનો અર્થ ... | ૩ |
| ૭ | દેવદર્શન ધર્મક્રિયા છે. | ૪ |
| ૮ | સદ્દેવનો અર્થ ... | ૪ |
| ૯ | મંદિરમાં હાલનું વાતાવરણ ... ... | ૫ |
| ૧૦ | દર્શનવખતે વાતાવરણ કેવું હોવું જોઇએ? | ૬ |
| ૧૧ | અશાંતિથી કર્મબંધન. | ૭ |
| ૧૨ | દર્શન કરનારમાં જ્ઞાન કેટલું જોઈએ?... | ૮ |
| ૧૩ | મનની શુદ્ધિ અને એકાગ્રતા... ... | ૧૧ |
| ૧૪ | દેવવંદન ... ... | ૧૪ |
| ૧૫ | દેવવંદનનો હેતુ ... | ૧૪ |
| ૧૬ | અરિહંત અને સિદ્ધદેવમાં ફેર... ... | ૧૪ |
| ૧૭ | અરિહંતનો વ્યુત્પત્તિ અર્થ... ... | ૧૫ |
| ૧૮ | નિક્ષેપે અરિહંત ... | ૧૬ |
| ૧૯ | દેવપૂજા પ્રત્યે મનને ઉપદેશ... ... | ૧૬ |
| ૨૦ | જપપૂજા ... ... | ૧૭ |
| ૨૧ | નિક્ષેપે વીરપ્રભુ ... | ૧૭ |
| ૨૨ | 'વીર' એ પ્રભુના નામના અર્થ... ... | ૧૮ |
| ૨૩ | બીજાં નામનાં અર્થ... | ૧૯ |
| ૨૪ | પ્રભુનાં નામ તથા કથાનું ફલ ... | ૧૯ |
| ૨૫ | સ્થાપના જિનપૂજા... | ૨૦ |
| ૨૬ | દ્રવ્યપૂજા ... ... | ૨૧ |
| ૨૭ | ભાવપૂજા ... ... | ૨૧ |
| ૨૮ | કોઈ ભવે દર્શન સત્યરીતે થયું છે? ... | ૨૧ |
| ૨૯ | દેવના ગુણ ... | ૨૩ |
| ૩૦ | આઠ પ્રાતિહાર્ય ... | ૨૩ |
| ૩૧ | દરેક પ્રાતિહાર્ય પર ભાવના ... ... | ૨૪ |
| ૩૨ | પ્રથમ અશોક વૃક્ષ પ્રાતિહાર્યપર ભાવના... | ૨૪ |
| ૩૩ | બીજા પુષ્પવૃષ્ટિ પ્રાતિહાર્યપર ભાવના... | ૨૪ |
| ૩૪ | ત્રીજા દિવ્યધ્વનિ પ્રાતિહાર્યપર ભાવના ... | ૨૫ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| નંબર. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૩૫ | ચોથા ચામર પ્રાતિહાર્યપર ભાવના ... | ૨૫ |
| ૩૬ | પાંચમા સિંહાસન પ્રાતિહાર્યપર ભાવના ... | ૨૬ |
| ૩૭ | છઠા ભામંડલ પ્રાતિહાર્યપર ભાવના ... | ૨૬ |
| ૩૮ | સાતમા દેવદુંદુભિ પ્રાતિહાર્યપર ભાવના. | ૨૭ |
| ૩૯ | આઠમા છત્રત્રય પ્રાતિહાર્યપર ભાવના... | ૨૭ |
| ૪૦ | ચાર અતિશય ... | ૨૮ |
| ૪૧ | તીર્થંકરની વાણીના ૩૫-ગુણ ... ... | ૨૯ |
| ૪૨ | તીર્થંકરના ૩૪ અતિશય | ૩૦ |
| ૪૩ | સિદ્ધનું સ્વરૂપ ... | ૩૩ |
| ૪૪ | વિધિની જરૂર ... | ૩૪ |
| ૪૫ | અંગશુદ્ધિ ... ... | ૩૪ |
| ૪૬ | દશત્રિક ... ... | ૩૫ |
| ૪૭ | અભિગમ ... ... | ૪૦ |
| ૪૮ | દ્વિદિશા ... ... | ૪૦ |
| ૪૯ | અવગ્રહ ... ... | ૪૦ |
| ૫૦ | વંદના ... ... | ૪૦ |

| નંબર. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૫૧ | પ્રણિપાત ... ... | ૪૧ |
| ૫૨ | નમસ્કાર ... ... | ૪૧ |
| ૫૩ | નવકાર પ્રમુખ નવ સૂત્રો | ૪૧ |
| ૫૪ | આશાતના ... ... | ૪૨ |
| ૫૫ | અવિધિથી કરવું તેના કરતાં ન કરવું સારૂં ? | ૪૭ |
| ૫૬ | સ્વસ્તિક એટલે સાથીઓ ... ... | ૪૭ |
| ૫૭ | પૂજા ... ... | ૪૮ |
| ૫૮ | અષ્ટપ્રકારી પૂજામાં ભાવના ... ... | ૫૦ |
| ૫૯ | ભાવપૂજાનું વિશેષ સ્વરૂપ ... ... | ૫૪ |
| ૬૦ | પૂજાનો પ્રસ્તાવ ... | ૫૭ |
| ૬૧ | સ્તુતિના પ્રકાર ... | ૫૭ |
| ૬૨ | ચૈત્યવંદન અને તેના પ્રકાર ... ... | ૫૮ |
| ૬૩ | જઘન્ય ચૈત્યવંદનનું વિશેષ સ્વરૂપ ... | ૫૮ |
| ૬૪ | ક્રમના હેતુસાથે સૂત્રો | ૫૯ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# નિવેદન.

શ્રી જિનેશ્વર ભગવાનનાં દર્શન, વંદન, સ્તુતિ, પૂજા, આદિ સત્ય વિધિપૂર્વક તેના હેતુસાથે લખવાની ઇચ્છા રહેતી હતી. ઇચ્છાને માર્ગ મળવાને યોગ્ય નિમિત્તભૂત સાધનો મળે ત્યારે ઇચ્છા ફલીભૂત થાય છે. મુનિશ્રી ચારિત્રવિજયજીની પાસે ટુંકી અને અપૂર્ણ નોટ્સ હતી તે તેમણે મને આપી, અને તેને વિસ્તારવાનું કાર્ય પણ સોંપ્યું. આથી પૂર્વની ઇચ્છા ગતિમાન્ થઈ, અને તેના ફલરૂપે આની સાથે જે લખીને જૈનપ્રજા સંમુખ ધરવામાં આવ્યું છે તે કરી શકાયું.

આ કૃતિમાં દેવવંદન ભાષ્યનો મુખ્યપણે આધાર લેવામાં આવ્યોછે, પરંતુ મોટા ચૈત્યવંદનમાં જે સૂત્રો આદિ વિસ્તારમાં બોલવામાં આવે છે, તેનો ઉપયોગ આમાં કરવામાં આવ્યો નથી, અને તેની મર્યાદા નાના ચૈત્યવંદનસુધી રાખવામાં આવી છે, કારણકે તેજ સર્વત્ર વિશેષ પ્રચારમાં છે. ભાષ્ય સિવાય કલ્યાણમંદિર અને ભક્તામર સ્તોત્રો, શ્રી આનંદઘનજી ચોવીશી, શ્રી દેવચંદ્રજી ચોવીશી આદિ પુસ્તકોનો આધાર લેવામાં આવ્યો છે. આથી તે સર્વનો ઉપકાર થયો છે.

આ પુસ્તકમાં વિષય શ્રી જિન ભગવાનનાં દર્શન કયા પ્રકારે કરવાં તે છે, અને તે દરેક જૈનને હમેશાં પ્રથમ આવશ્યકરૂપે છે, તેથી દરેક જૈનને ઉપયોગી આ ગ્રંથિકા છે. આમાં દર્શનની વિધિ હેતુસહિત બતાવવામાં આવી છે. પૂર્વાચાર્યોએ જે વિધિ દરેક ક્રિયાની બતાવી છે, તે સર્વથા સહેતુક છે; આજકાલ વિધિનો વ્યવહાર જોવામાં આવે છે, તેની સાથે તે વિધિ પરંપરાના કારણે તેમજ શિષ્ટજનો ઘણા કાલથી આચરતા આવ્યા છે તે કારણે સ્વીકાર કરવા—આદરવા યોગ્ય છે, એટલુંજ નહિ. પરંતુ તેની સાથે તે વિધિ આચરવાના શુભ આશયો, હેતુઓ, કારણો હમેશાં હોય છે; તે હેતુ લક્ષમાં રાખી વિધિનું આચરવું થાય તો વિશેષ કલ્યાણકારી નીવડે છે. આથી વ્યવહાર અને નિશ્ચય નય બંનેને સમાન–યોગ્ય આદર આપી શકાય છે, અને તેથી શુદ્ધતા તરફ ધીમે ધીમે એક શ્રેણીથી બીજી તેનાથી ઉત્તમ શ્રેણી તરફ જઈ શકાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ વાત ધ્યાનમાં રાખી શ્રી જિન ભગવાનના અતિશયો અને પ્રાતિહાર્યોમાં જે જે ભાવના ભાવી શકાય તેમ છે તે તે ભાવના, જે દર્શન-વંદનનો વિધિ છે તેના હેતુઓ, અને દેવવંદનમાં જે સૂત્રો-નો ક્રમ આપેલ છે તે ક્રમનો જે મૂલ આશય હોઈ શકે તે આપેલ છે, અને સાથે શ્રી જિનપૂજાનું સામાન્ય સ્વરૂપ પણ સમજાવેલ છે. આ સંબંધે મુનિશ્રી ચારિત્રવિજયજીએ જે અમૂલ્ય સહાય આપી છે તેને માટે આ લેખક તેમનો અતિ ઉપકાર માને છે; અને વિશાલ વાંચનથી સ્થિતપ્રજ્ઞ રા. રા. અમરચંદ ઘેલાભાઈ( ભાવનગરવાળા )-એ આ પુસ્તક આખું અવલોકી જે જે સૂચનાઓ કરી છે, તેનેમાટે તેમનો પણ આભાર સ્વીકારે છે.

ભાષા બહુ સરલ, સામાન્યજન અને વિદ્યાર્થી વર્ગથી સમજી શકાય તેવી રાખવા પ્રયત્ન કર્યો છે. તેથી જ્યાં જ્યાં દેવવંદન ભાષ્ય અગર ત્રણ ભાષ્ય શિખવવામાં કે અભ્યાસક્રમમાં રાખે છે-જેવી રીતે શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક પરીક્ષા, શેઠ ઉત્તમચંદ જૈન સ્ત્રી ધાર્મિક પરીક્ષા, જૈન પાઠશાળાઓ વગેરે-ત્યાં ત્યાં આ પુસ્તક ઉપયોગી નીવડશે એમ આ લેખક નમ્રપણે આશા રાખે છે, અને તેમ થયે તેનો શ્રમ વિશેષ કૃતાર્થ થશે.

આ પુસ્તકને હજુ પણ વિશેષ વિસ્તારવાની જરૂર રહે છે, છતાં હાલતો બીજા સંજોગોને લઇને, તથા તેને જેમ બને તેમ જલદી બહાર પાડવાની તાકીદીથી થોડું પણ મુદ્દાસર જે લાગ્યું તે સરલ ભાષામાં રજુજ કર્યું છે.

છેવટે આ પુસ્તક લખતાં જે કંઈ દોષ, અસત્ય કથન આદિ થયું હોય તો તે સંબંધે "**तन्मिथ्या दुष्कृतं भूयात्, चिन्तितं यन्मयान्यथा**" માગી લઈ વિદ્વાનોને વિનતિ કરીશ કે તે સર્વ મને લખવામાં કે જણાવવામાં આવશે, તો સુયોગે બીજી આવૃત્તિ થાય તો તેમાં યોગ્ય અનુસરણ કરવાનું કદી ભૂલીશ નહિ.

શેઠ ગોકુલભાઈ મૂલચંદ
જૈન સ્ટુડંટ્સ હોસ્ટેલ
પરેલ, મુંબઈ.
૨૪. ૯. ૧૯૧૦.

જિનચરણોપાસક,
**મોહનલાલ દ. દેશાઇના**
જયજિનેન્દ્ર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ( પ્રભુમંદિરે પ્રભુતાપ્રાપ્ત. )

આવો-પ્રભુના મંદિરે, દેવનું પૂજન કરીએ,
સ્થિર મને હૃદયો ઉલ્લસિએ,
ભાવનાથી સમતાનાં દીવ્યગાન ગાઇએ,
તલ્લીન થઈ જગત્ સર્વને ભૂલીએ.

જુઓ !-ઓજસ ભર્યાં અમીઝરણાં પ્રભુશિરે વહે છે,
ઝળહળતું જ્યોતિઃસ્વરૂપ વ્યાપ્ત થાય છે,
દિગન્તમાં પ્રસરે છે,
અંધકાર વિદારે છે.

ભૌતિક લોચનો દિવ્ય થઇ તેનું ભીંતર દર્શન કરે છે,
એકતા-અનેકતા, જડત્વ-જીવત્વ સર્વમાં
**સમતા** નિહાળે છે,-
નિરપેક્ષતા પિછાને છે.

* * *

ચાલો ! આપણે **સમતા**નાં શાંતિદાયક ગાન કરીએ;

૧.*

કલ્પતરૂની લતા, પ્રેમમય જનની તું મા,
ઉરે લઈ અમ બાળ, અમીનાં દૂધડલાં પા.
પ્રભુ રહિત જે દોષ રાગ ને દ્વેષજ બંને
તેનાથી અતિદૂર કરે અમ બાલકડાંને.

* રોળા વૃત્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨.*

ઝુલાવો પારણિએ, પ્રેમે ઝુલાવો!
હાલરડાંથી ધૂન મચાવો–ઝુલાવો.

કોમળ આશાથી ભર્યાં, શિશુ અમ હૃદયે માત!
પ્રશાન્ત ભાવ ભરી કરો, સ્થાયી સંસ્કૃત જાત્ય.

સ્ખલના થઈ કંઇ તો ધાવો,
અધઃપાતમાંથી બચાવો,
સુમાર્ગે ચડાવો,
કંઈ જ્યોતિ બતાવો, પારણીએ બિછાવો–ઝુલાવો.

* * *

ગાન સાંભળી સ્વીકારી **સમતામાતા** પધાર્યાં,
અમી દુધડલાં પાયાં, રોમ રોમ પ્રસરાવ્યાં,
રાગ-દ્વેષ–ને મોહ વિદાર્યાં;
દર્શન પ્રગટયું, જ્ઞાન જ્યોતિ વિસ્તરી,
આત્મસ્વરૂપ જાગ્યું, શક્તિ સ્ફુરણા થઈ,
આત્મગુણઘાતક કર્મ ફેડી અંતરનો પ્રભુ પ્રભુતામય થયો,
દેવદુંદુભિ ગાજ્યાં,
દેહવિલયે આનંદઘન–પરમાત્મા–સિદ્ધ બન્યો.

---

* ભૈરવી. અરે કોઈ આવો, પિયાને મનાવો. એ રાહ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી જિનદેવદર્શન.

૧.

મંગલાચરણ.

**तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ !**
**तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।**
**तुभ्यं नमः त्रिजगतः परमेश्वराय**
**तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥**

અર્થ–હે નાથ! ત્રણ ભુવનની પીડા હરનાર એવા આપને નમસ્કાર હો! તથા પૃથ્વીતલને વિષે નિર્મલ અલંકારરૂપ એવા આપને નમસ્કાર હો! ત્રણ જગત્‌ના પ્રભુ એવા આપને નમસ્કાર હો! તથા હે શ્રી વીતરાગ! સંસારરૂપ સમુદ્રનું શોષણ કરનારા એવા આપને નમસ્કાર હો!

૨.

પ્રબંધચતુષ્ટય.

અહીં વિષય દેવવંદન છે, તેના અધિકારી આત્માર્થીજનો છે, ગ્રંથનું પ્રયોજન અધિકારી એવા આત્માર્થીને આ દેવવંદનના વિષયનો અર્થબોધ થવાથી ઉપકારરૂપ થશે તે છે, અને સંબંધ એ છે કે આજકાલ દેવવંદનનું ખરૂં રહસ્ય દેખાવામાં આવતું નથી.

૩.

જે શ્રી જિનભગવાન્‌નાં દર્શન પરમ પવિત્ર કરે છે તેની મૂર્તિ–
વીતરાગમુદ્રા કેવી છે? શ્રી **આનંદઘનજી** કથે છે:–

મૂર્તિ કેવી છે? અમીય ભરી મૂરતિ રચીરે, ઉપમા ન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય;
વિમલજિન! દીઠા લોયણ આજ.

વિશેષાર્થ–પરમાત્માની મૂર્તિના સ્વરૂપનું વિશેષ વર્ણન એક મુખે કેટલું કરી શકું? તોપણ અલ્પમાં બહુ કહીશ. જગત્‌માં અમૃતસમાન પ્રશંસાપાત્ર કોઈ વસ્તુ નથી, તેથી નિઃકેવલ અમૃતમયજ જેમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોઇએ રચી હોય તેમ આપની મૂર્તિ સ્વાભાવિક તેવી રચાયેલી છે. જગત્માં એવો કોઈ પદાર્થ નથી કે જેની ઉપમા આપની મૂર્તિને આપી શકાય; અહીં જે મૂર્તિને અમીયભરી કહી છે તે માત્ર વચન-વ્યાપાર કરવારૂપ ઉપમા કહી છે; પરંતુ પ્રભુની મૂર્તિ તો રાગદ્વેષના અભાવથી પરમ શાંતરૂપ અમૃતરસમાંજ ઝીલી રહી છે, જાણે મૂર્તિ-માન્ શાંતરસ દ્રવતો હોય, તેવી મૂર્તિ છે. વળી અમૃતોપમા પણ ઘટતી નથી, કારણ કે અમૃતથી તો માત્ર અંગોપાંગ અજર થવાય છે, અને પ્રભુમૂર્તિના શાંતરસથી આત્મા જન્મમરણરહિત થાય છે; તેથી પ્રભુની મૂર્તિને નિરખતાં નિરંખતાં મારી ચક્ષુને, દર્શનની ઇચ્છા-ને, અને હૃદયનેત્રને તૃપ્તિ થતી નથી.

શ્રીજ્ઞાનસારકૃત બાલાવબોધમાંથી.

**स्वान्तं ध्वान्तमयं मुखं विषमयं दग्धूम्रधारामयी**
**तेषां यैर्न नता स्तुता न भगवन् मूर्तिर्न वा प्रेक्षिता ।**

શ્રીમદ્યશોવિજયજી.

અર્થ—જેઓએ ભગવાન્‌ની મૂર્તિને નમસ્કાર કર્યો નથી તેમનું હૃદય અંધકારવાળું છે, જેઓએ તેની સ્તુતિ કરી નથી, તેમનું મુખ ઝેરવાળું છે, અને જેઓએ તેનાં દર્શન કર્યાં નથી, તેમની દૃષ્ટિ ધુ-માડાના ગોટેગોટાથી ભરેલી છે.

૪.

પ્રભુદર્શન એ ધર્મક્રિયા છે, અને ધર્મ વગર અર્થ અને કામ સાધી શકાય તેમ નથી. એક સુભાષિત છે કેઃ—

પ્રસ્તાવ. **त्रिवर्गसंसाधनमंतरेण पशोरिवायुर्विफलं नरस्य ।**
**तत्रापि धर्मं प्रवरं वदन्ति न तं विना यद्भवतोऽर्थकामौ ॥**

અર્થ—ધર્મ, અર્થ અને કામ એ ત્રણવર્ગ સાધ્યાવિના પુરૂષનું આયુષ્ય પશુના આયુષ્યની પેઠે નિષ્ફળ સમજવું. તેમાં પણ ધર્મ સર્વોત્તમ કહેવાય છે કારણ કે તેવિના અર્થ અને કામની સિદ્ધિ નથી.

આ ઉપરથી સમજાશે કે આપણે અર્થલાભ તથા કામેચ્છા વ્ય-વહાર માટે પરિપૂર્ણ કરીએ પરંતુ તે જો ધર્મપૂર્વક ન થાય તો તે નકામાં છે—પ્રયોજન વગરનાં છે એટલું જ નહિ પરંતુ હાનીકારક છે—અધોગતિમાં નાંખનારાં છે. તો જેટલી જેટલી ક્રિયા કરવી તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મપૂર્વક કરવી જોઇએ અને તેમ થતી ક્રિયાને ધર્મક્રિયા કહેવામાં આવેછે.

આવી ધર્મક્રિયાઓમાં પ્રભુદર્શન ઉત્તમ ક્રિયા છે. પ્રભુદર્શનમાં પ્રભુનાં ગુણગાન, નામસ્મરણ, સ્તુતિપાઠ–ધ્યાન ઇત્યાદિ સર્વનો સમાવેશ થાય છે અને તેથી પ્રભુસ્વરૂપનું જ્ઞાન થાય છે. અશુભ કર્મ (પાપ) ધીમે ધીમે ખરી જાયછે, અને આત્મા પરમાત્માને ઓળખતાં તેમાં મગ્નતા પામે છે એટલે મોક્ષ મળે છે.

કહ્યું છે કે

**दर्शनं देवदेवस्य दर्शनं पापनाशनं ।**
**दर्शनं स्वर्गसोपानं दर्शनं मोक्षसाधनम् ॥**

અર્થ–દેવના પણ દેવ એવા અરિહંત ભગવાન્નું દર્શન પાપનો નાશ કરનાર છે–સ્વર્ગની સીડી છે—મોક્ષનું સાધન છે.

હવે સ્વર્ગ કરતાં મોક્ષનું સુખ અનંતગણું વધારે છે, છતાં એજ દર્શન સ્વર્ગને પણ આપે છે, અને મોક્ષને પણ આપે છે. તો તેનું. કારણ એ છે કે જેવી ભાવના તે પ્રમાણે સિદ્ધિ. અમુક પ્રકારની ઇચ્છાથી જેટલી જેમાં સમજ તેટલાથી તે દર્શન કરે તો તેવું ફલ મળે છે કારણ કે જ્યાં ક્રિયા ત્યાં ફલ હોય. જો ઇચ્છાવગર ઉદાસીન ભાવે પ્રભુના સ્વરૂપ ચિંતવનની દશા પ્રાપ્ત કરી પછી આત્મરમણતા થાય તો આત્મા પરમાત્મા બને છે એટલે મોક્ષ પામે છે.

કહ્યું છે કે.—

**चैत्यवंदनतः सम्यक् शुभो भावः प्रजायते ।**
**तस्मात्कर्मक्षयः सर्वं ततः कल्याणमश्नुते ॥**

અર્થ–રૂડે પ્રકારે ચૈત્ય (પ્રભુ) વંદનથી શુભ ભાવ ઉત્પન્ન થાય છે, તેથી (શુભ ભાવથી) કર્મનો નાશ સર્વથા થાય છે અને તેથી કલ્યાણ (મોક્ષ) મેળવાય છે.

૬.

ચૈત્ય શબ્દનો અર્થ. ચૈત્ય શબ્દનો અર્થ, લોકમાં જિનબિંબ અથવા જિનમંદિર એ પ્રસિદ્ધ છે, છતાં કેટલાએક તેનો અર્થ જ્ઞાન, મુનિ, અને વન એવો કરે છે તે યથાર્થ નથી. વ્યાકરણમાં ચિત્ ધાતુ કે જેનો અર્થ સંજ્ઞા ઉત્પન્ન કરવી એ થાય છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેપરથી ચૈત્ય થયેલ છે. જેમ કાષ્ઠ વગેરેમાં પ્રતિમાને જોઈને આ અરિહંતની પ્રતિમા એવું જ્ઞાન થાય છે. ધાતુપાઠમાં પણ ચિત્ ધાતુથી ચૈત્યનો પ્રયોગ કરેલ છે. હવે કોશ આદિ શબ્દશાસ્ત્ર જોઈએ. નામમાળા ગ્રંથમાં '**चैत्यविहारे जिनसद्मनि**' એવીરીતે ચૈત્યશબ્દ વિહાર અને જિનાલયમાં વપરાયેલ છે. આજ ગ્રંથના ટીકાકારે '**चियते इति चिति**' જેનાથી વૃદ્ધિ પમાડાય તે ચિત્ અને તેનો જે ભાવ–વૃદ્ધિ પમાડવાપણું–તે ચૈત્ય કહેવાય છે એમ સિદ્ધ કર્યું છે. અમરકોશમાં પણ '**चैत्यमायतनं प्रोक्तं**' એટલે ચૈત્યશબ્દનો અર્થ સિદ્ધાયતન–જિનમંદિર એમ કહ્યું છે. વળી શ્રીહેમચંદ્રાચાર્યે પોતાના અનેકાર્થ સંગ્રહમાં '**चैत्यं जिनौकस्तद्‌बिंबं, चैत्यमुद्देशपादपः ।** ચૈત્ય તે જિનમંદિર, જિનબિંબ અને જે વૃક્ષની નીચે શ્રી તીર્થંકરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે વૃક્ષ એમ ત્રણ અર્થ કર્યા છે. વલી આગમાદિમાં પણ વિચારતાં એજ અર્થ સ્પષ્ટતાથી ધ્વનિત થાય છે.

૭.

દેવદર્શન ધર્મક્રિયા છે.

**આ**વીરીતે વિષયનું દિગ્દર્શન બતાવી ફરી સ્મરણમાં લાવીશું કે દેવવંદન એ ઉત્તમ ધર્મક્રિયારૂપ પાપ નાશ કરનાર છે. દેવમાં અરિહંત અને સિદ્ધ છે, અરિહંતમાં આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ એ ત્રણેનો સમાવેશ થાય છે, તેથી દેવવંદન પાપનો નાશ કરનારૂં છે અને પંચપરમેષ્ઠિને નમસ્કાર એ પણ પાપ નાશ કરનાર છે. એ બે વાક્યોથી એક બીજામાં વિરોધ આવી શકતો નથી તેથીજ કહ્યું છે કે,

**एष पंचनमस्कारः सर्वपापप्रणाशनः ।**

સામાયિક અને પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ યથાર્થરીતે કરવામાં આવે તો પરંપરાએ મોક્ષના નિમિત્તભૂત છે અર્થાત્ તે મોક્ષના રસ્તારૂપ છે, પરંતુ દેવદર્શન એ ધોરી રસ્તો છે કારણ કે ત્યાં ક્રિયાની સાથે દેવતા–પરમાત્માના સ્વરૂપનું ચિંતવન છે.

૮.

સદ્દેવનો અર્થ.

**દેવ** એ દિવ્ એટલે પ્રકાશવું અથવા દિવ્ એટલે ક્રિડા કરવી એ ધાતુપરથી થયેલ છે, અને તેનો અર્થ જ્ઞાનનો પ્રકાશ કરનારા અથવા આત્મસ્વરૂપમાં રમણ કરનાર એમ થાય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. જ્યાં રાગદ્વેષરૂપી અંધકાર છે ત્યાં જ્ઞાનનો પ્રકાશ નથી. જ્યાં જ્ઞાનનો પ્રકાશ છે ત્યાં દેવત્વ છે, તેથી દેવ રાગદ્વેષ વગરનાજ હોવા જોઇએ, અને તેથીજ આત્મરમણ તે કરે છે. જે દેવ હથિયાર ધારણ કરે તે રાગદ્વેષવાળા છે કારણ કે કાંઇપિણ હથિયાર ધારણ કરવું એ દ્વેષની નિશાની છે, તેથી આવા દેવ ખરાદેવ–સદ્દેવ ન કહેવાય. આવા હથિયાર ધારણ કરનારા દેવ ભય ટાળી શકે તેમ નથી કારણ કે જેને ભય હોય તેજ હથિયાર ધારણ કરે અને જે બીતા હોય તે બીજાની બીક કેમ નિવારિ શકે? કેટલાક દેવને જપમાળા હોય છે. ખરા દેવને આની જરૂર નથી કારણ કે જે સર્વજ્ઞ છે તે વળી કોનો જપ કરે? ખરા દેવ પવિત્ર છે તેથી તેને કમંડળ આદિ જળપાત્રની જરૂર નથી; તે દયાના સાગર છે તેથી તેને સિંહ, હાથી આદિ વાહનની જરૂર હોયજ નહિ. તેથી ખરા–સદ્દેવને વંદન કરવાથી ભય મટે છે, રાગદ્વેષાદિ દૂર થાય છે અને કર્મોનો ક્ષય થવાથી શુદ્ધ આત્મગુણ પ્રગટે છે.

હવે આપણે ચૈત્યમાં દેવદર્શન કરવા જઇએ છીએ ત્યાં હાલ શું વાતાવરણ જોઇએ છીએ, તે વાતાવરણ કેમ સુધારી શકાય, અને દેવદર્શન કરનારમાં જ્ઞાન અને મનશુદ્ધિ કેટલાં, હોવાં જોઇએ, કે જેથી હેતુ, ઉત્તમવંદન કયું? વગેરે તે સમજી શકે તે જરા જોઇશું.

## ૯.

હાલનું વાતાવરણ.

દેવદર્શન કરવાનો હેતુ દેવના ગુણોનું ધ્યાન કરી તેમની પેઠે આપણે કર્મનો ક્ષય કરવાનો છે. આત્મસ્વરૂપના આડે આવનારાં ચાર ઘનઘાતી કર્મો દૂર કરવાનાં છે; જ્યારે આપણે તેને તોડવા દેવમંદિરે જવું જોઇએ ત્યારે ઉલટાં કર્મો બાંધીને આવીએ છીએ. આ વાત નીચેની હકીકતથી સત્ય જણાશે.

આ વસ્તુતઃ તપાસીએ તો હમણાંની જે જે સ્થિતિ જાણ્યે અજાણ્યે ઉભી કરવામાં આવી છે તે સારી નથી. જે દેવમંદિરે શાંતિનું સામ્રાજ્ય હોવું જોઇએ ત્યાં જતાં આજકાલ દેરાસરની અંદર નીચેની સ્થિતિ માલૂમ પડે છે.

૧. અનેક વ્યક્તિઓ આવી ઘંટના જબરા અવાજ કરે છે.

૨. કેટલાક દુઃસ્વરવાળા ભેંકડા તાણી સમજ્યા વગર ભુમાણુસથી સ્તવન ગાનારાના અવાજો સંભળાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવા શોરબકોરમાં યોગીઓજ સ્વસ્થ ચિત્ત રાખી દેવધ્યાન અને શાંતિથી દેવનું દર્શન ગુણાનુરાગ અને ભાવપૂર્વક કરી શકે તેમ છે. આપણે યોગીઓ ન હોવાથી એમ કરી શકીએ તેમ નથી. આથી આપણને પ્રભુદર્શનમાં થવા જોઇતા પ્રભુસંબંધના ઉચ્ચ વિચારોમાં વિઘ્ન આવે છે તે દરેક સમજુ માણસ કહી શકશે. આથી વિનતિ કે કોઈ વિદ્વાન્ સુસ્વરથી અમુક સ્તવન ગાતો હોય તો બીજાએ અસભ્ય થઈ પોતાનો દુઃસ્વર કાઢી સુસ્વરથી ગાનારને તથા અન્યને વિઘ્નરૂપ ન થઈ કાંતો ધીમેથી અગર મનમાં પોતે સ્તવન ગાવું, અગર સુસ્વરથી ગાતા જન પાસે જઈ તેનું સ્તવન એકચિત્તથી શ્રવણ કરવું. ઘંટ આદિના નાદ કરવા.તો ધીમેથી કરવા.

૧૦.

દર્શન વખતે વાતાવરણ કેવું હોવું જોઈએ?

આપણું મનોબલ બહુજ નબળું છે તેમ મન બહુ ચંચલ છે; તેથી આ મર્કટ જેવી ચેષ્ટા કરનાર અને પવન કરતાં બલવાન્ મનને સ્થિર જેથી કરી શકાય તેવું વાતાવરણ જોઇએ. દર્શન વખતે શાંતિ (કારણ કે શાંતિને વખતે મન સ્થિર રાખી શકાય છે) એટલી બધી હોવી જોઇએ કે એક સાધારણ માણસ પણ સ્વસ્થતાથી પ્રભુસંબંધીના ઉચ્ચ વિચારોનો લાભ મેળવી શકે.

આપણે જાણીએ છીએ કે શબ્દો જેમ પૌદ્ગલિક છે તેમ મન પણ પૌદ્ગલિક છે; આવાં શબ્દો—મનના વિચારો—માનસિક ભાવનાઓ ઘણાખરાઓના પ્રભુદર્શન કરતી વખતે ઉચ્ચ હોવાથી ઉચ્ચ મનોવર્ગણાના અને ભાષાવર્ગણાના પુદ્ગલોથી દેવમંદિરમાં પુદ્ગલોતો હમેશાં શુદ્ધ રહ્યાંજ કરે છે. આ વખતે માત્ર શાંતિનીજ જરૂર રહે છે, કે જેથી આપણા મનઉપર શુદ્ધ પુદ્ગલોની વધારે સારી અસર થતી રહે.

જુવો! પારસીઓની અગીઆરીમાં—વોરા મુસલમાનાદિની મસીદોમાં—ખ્રીસ્તિના દેવળોમાં જોઇએ છીએ તો તરતજ માલૂમ પડે છે કે પ્રભુપ્રાર્થના તે તે સ્થલે તેઓ કેવી શાંતિમાં કરે છે? શાંતિનો આ ખાસ ગુણ આપણે જૈનો ગુણગ્રાહી હોવાથી સ્તુતિ કરતી વખતે અવશ્ય ગ્રહણ કરવો જોઇએ અને આશા છે કે તેમ થશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧૧.

**શાંતિનો સ્વીકાર નહીં થાય, તો નીચેનાં ઘનઘાતી કર્મ બાંધીશું.**

અશાંતિથી કર્મબંધન.

ઘનઘાતી કર્મ એટલે આત્માના સ્વરૂપનાં ઘાતક કર્મો કે જેથી આત્માનું મૂલ સ્વરૂપ મેળવી શકાતું નથી તે ચાર છે.

૧–જ્ઞાનાવરણીય કર્મ–જ્ઞાનીઓના સ્તવનમાં વિઘ્નરૂપ થવાથી.

૨–દર્શનાવરણીય કર્મ–બીજાઓને દેવદર્શન થતાં અટકાવવાથી.

૩. **મોહનીય.**—કેટલાક દુઃસ્વર કાઢતા હોય તો તે ઉપર ક્રોધ આવી જાય છે તેથી. ( આની સાથે કહેવું પડે છે કે કેટલાક પોતાની દૃષ્ટિ કે ચિત્ત પુદ્ગલ રચના તરફ રાખે છે તેથી આ કર્મ બાંધે છે. ) વળી દર્શન કરતી વખતે દેવના ગુણોનું રટન, સ્મરણ, અને ધ્યાન કરવાને બદલે પ્રભુની આંગી સારી નથી થઈ, આભૂષણ–પુષ્પ આદિ બરાબર પહેરાવ્યાં નથી. એવા વિચાર સાથે દર્શમ ન કરવાં જોઈએ; પરંતુ આવી તપાસ માત્ર પ્રભુભક્તિ માટે દર્શન પહેલાં કરી લેવી, અને કાર્ય કરનારાઓને શાંતિથી સૂચના આપવી પણ દ્વેષ ન કરવો. દર્શન કરતાં આવી ખટપટ ન કરવી.

૪. **અંતરાય.**—તાણીને ઘોંઘાટ કરવાથી બીજાના દર્શનમાં અંતરાયરૂપ થાય છે. ( આની સાથે કહેવાનું કે પ્રભુમંદિરમાં લોભના કારણથી અથવા તો નોકરો ખાઈ જશે એવાં કારણોથી કે ઉપરીને રાજી રાખવા હલકા નૈવેદ્યાદિ ચઢાવવાથી અને બીજાને તેમ કરતાં શીખવવાથી થાય છે. વળી હાલમાં દેરાસરમાં હલકા ઘીના દીવા બલે છે, કંદોઈની દુકાનની મીઠાઈ ચઢે છે; હલકા ચોખાંના સાથીઆ થાય છે તે શોચનીય છે, અને તેથી પણ ખરી રીતે અંતરાય કર્મ બંધાંય છે.)

આથી સમજી શકાશે કે ઉપલી વાત ધ્યાનમાં રાખી શાંતિના આરાધક થવું–વિરાધક ન થવું જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૨.

પ્રભુનું દર્શન કરનારમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ઉંચા પ્રકારનું જોઇએ; તે પણ ઉંચા પ્રકારનું ન હોય તો ભાષા જ્ઞાન અને અર્થજ્ઞાન તો અવશ્ય જોઇએ. ભાષા વગર પ્રભુના ગુણો વર્ણવી શકાય નહિ, અને અર્થજ્ઞાન વગર પ્રભુનાં સ્તુતિગાન, સ્તવનોમાં શું રહસ્ય છે તે સમજી શકાય નહિ; કારણ કે સમજ્યા વગર જો બોલવું કે સાંભળવું હોય તો એક સારૂં ગ્રામોફોન કે ફોનોગ્રાફ દહેરાસરમાં રાખવાથી કામ સરે તેમ છે. જોકે ફોનોગ્રાફમાં ઉતારેલાં ભક્તિરસપૂર્ણ સ્તવનો આદિમાં પણ ભાષા અને અર્થના જાણ ઉત્તમ પુરૂષો લીન થઈ શકે છે; તો ભાષા–અર્થજ્ઞાન અવશ્યનું છે. ભાષા તથા અર્થનું જ્ઞાન મતિ તથા શ્રુતજ્ઞાનમાં સમાવેશ પામે છે. શ્રુતજ્ઞાનથી શ્રી પ્રભુનાં ગુણો–તેમની પૂજા–પૂજાવિધિ–ભાવપૂજા આદિનું જ્ઞાન થાય છે તે પણ ખાસ જરૂરનું છે.

દર્શન કરનારમાં જ્ઞાન કેટલું જોઈએ ?

આપણામાં મતિ અને શ્રુતજ્ઞાન છે ? જ્ઞાન માટે શ્રાવકો ઘણા ભાગે હમેશાં વ્યાખ્યાનોમાં જઈ સાંભળે છે, પરંતુ કેટલાક શ્રાવકોને કેમ જાણે અદત્તાદાનનો દોષ લાગતો હોય તેમ સાંભળેલું વ્યાખ્યાનમાંજ મૂકીને ઘેર આવે; વગેરે થોડું શોચનીય છે ?

આપણે યથાપ્રકારે ચર્મચક્ષુથી અશુભ કર્મના ઉદયે સાક્ષાત્ દેવનાં દર્શન કરવા અસમર્થ છીએ, તો પછી અંતર્ચક્ષુથી થતા દર્શનની ક્યાં વાત કરવી ?! છતાં આ સ્થિતિ પુરૂષાર્થ–વીર્યનો ઉપયોગ કરવાથી ઘણી સુધારી શકીએ તેમ છીએ. હાલ આપણે નિર્બળ–શક્તિહીન પ્રજા તરીકે લેખાઇએ છીએ—જે વીર પ્રભુએ એક ચરણના અંગુઠડાથી મેરૂપર્વતને કંપાવ્યો હતો તેના પુત્રો આપણે આત્મશૌર્યવગરના હોઇએ તે ઓછું શરમાવનારૂં છે ? આગળના શ્રાવકો સાથે આપણને સરખાવતાં તરતજ જણાઈ આવે છે કે તેમનો આચાર પરમ શુદ્ધ હતો. સદ્‌ગુણો અને વીરત્વની મુદ્રાથી તેઓ અંકિત હતા, ન્યાયી અને પરાક્રમી હતા. આપણે હવે જો ચેતીએ તો તેમના જેવા કાં ન થઈ શકીએ ? જે કોમનો ધર્મજ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ છે તેમાં વિદ્વાનો કે જે હાલમાં હોય તો ગણ્યાગાંઠ્યાજ છે તેનો મોટો જથ્થો કાં ન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોય ? હોવો જોઇએ; તો મતિજ્ઞાન, અને શ્રુતજ્ઞાન મેળવવામાં દરેક શ્રાવકોએ વીર્ય સ્ફુરાવવું જોઇએ.

ધ્યેય એવા જે અનંત ચતુષ્ટયવાળા પ્રભુરૂપ ધ્યાતા થાય તોજ ખરૂં ધ્યાન કહેવાય અને એજ અંતિમમાર્ગ છે. આ ધ્યાનની યથાર્થ દશા જાણવા માટે પણ જ્ઞાન અને વીર્યની પૂર્ણ જરૂર છે.

પરમસુખને સૌ કોઇ ઇચ્છે છે. હવે પરમસુખ તે કયું? જે ત્રિકાલાબાધિત, શાશ્વત હોય તે. આવા સુખને વાસ્તે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ત્રણજ બસ છે. જ્ઞાનવિનાના જીવો આંધળાથી પણ આંધળા છે. જ્ઞાન એ પ્રાણીમાત્રની બે ચક્ષુ સિવાયની અંતર્ચક્ષુ છે.

હવે આ જ્ઞાન મેળવવા માટે સમ્યગ્દર્શન જોઇએ; કહ્યું છે કે—

જ્ઞાન નહિ દરશન વિના, જ્ઞાન વિના ન ચરિત,
ચરણ વિના નહિ મોક્ષ છે, તવ નિર્વાણ વદિત્ત.

દર્શન વિના જ્ઞાન નથી, જ્ઞાન વિના ચારિત્ર નથી. ચારિત્ર વિના મોક્ષ નથી, અને મોક્ષ એટલેજ નિર્વાણ.

સમ્યગ્દર્શન એટલે યથાતથ્ય દર્શન છે. તે પ્રાપ્ત કરવાને માટે પ્રભુદર્શન એક મુખ્ય કારણ છે કેમકે તેથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વથી આધ્યાત્મિક ગુણો પ્રાપ્ત થાય છે, અને સત્ જ્ઞાનનો વિકાસ થતાં થતાં કેવલજ્ઞાન પણ પ્રકટ કરી શકાય છે. આ ઉપરથી સમજાશે કે કેવલજ્ઞાન–દર્શનનું મૂળ, પ્રભુદર્શન છે.

ખરા દર્શનનું સ્વરૂપ સમજવામાં, અને સ્વામીની પીછાન કરવામાં જ્ઞાનની આવશ્યકતા તો રહેલીજ છે. જુઓ! પ્રભુને નમસ્કાર કરતાં આપણે બે શબ્દો જેમકે '**नमो अरिहंताणं**' એમ કહીએ છીએ, તેમાં પણ જ્ઞાનનો ઉપયોગ થાય તો તે બે શબ્દથી આખા સંસારભ્રમણથી તરી જઇએ છીએ. તેની ટુંક સમજણ આ છે. અરિ એટલે શત્રુઓ—અંતરંગ જેવા કે કામક્રોધાદિ કષાયો વગેરે જે કર્મબંધનાં કારણો છે તે. આથી આ જાણવામાં કર્મબંધ કેનાથી થાય છે, તેનું સ્વરૂપ, તે પરથી ઉપજતા બંધ, આસ્રવ તત્ત્વોનું સ્વરૂપ; અને હંતા એટલે હણનાર. હણવામાં કેનાથી હણાય છે તે એટલે સંવર, નિર્જરા અને મોક્ષનું સ્વરૂપ; અને કોણ હણી શકે છે કે જીવ અને કોને હણવાનું છે એટલે કર્મરૂપી અજીવને—આથી જીવ અને અજીવ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તત્વનું સ્વરૂપ જાણવું જોઇએ.—આથી સાત તત્વોના સ્વરૂપનું જ્ઞાન, તેમાં શ્રદ્ધા, અને ચારિત્ર એ ત્રણે તત્વ સમાઈ ગયાં તેથી એ ત્રણના સમુદાયથી પ્રાપ્ત થતો મોક્ષમાર્ગ સુલભ થયો. એવા શ્રી પરમાત્માને કે જેણે ઉપલો મોક્ષમાર્ગ પ્રાપ્ત કર્યો છે તેને નમો કહેતાં નમસ્કાર છે. આ ઉપરથી સ્વામી એવા શ્રી અરિહંતને ઓળખવાથી આપણે પણ અંતે મોક્ષગામી થઈ શકીએ છીએ. શ્રી દેવચંદ્રજી મહારાજ કથે છે કેઃ—

સ્વામિદર્શન સમો નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે,
દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો,
સ્વામિસેવા સહી નિકટ લાશે-
તાર પ્રભુ તારહો મુજ સેવક ભણી૦

અર્થ—શ્રી વીતરાગના દર્શન સમાન નિર્મલ નિમિત્ત કારણ (જેમ ઘડો બનાવવામાં કુંભાર, ચક્ર આદિ નિમિત્ત કારણ છે તેમ) લઈ જો આત્માનું ઉપાદાન મૂલપરિણતિ (જેમ ઘડામાં ઉપાદાનકારણ માટી છે તેમ) શુચિ એટલે પવિત્ર ન થાય તો તેનો દોષ વસ્તુનો એટલે જીવનો છે (એટલે જીવ અયોગ્ય–અભવ્ય હોય), અહવા–અથવા ઉદ્યમનો દોષ છે એટલે પુરૂષાર્થની ખામી છે માટે ઉપાય એજ છે કે સ્વામીની સેવાજ નિશ્ચયે નિકટ એટલે નજીકતા પમાડશે.

વળી તેની સાથેજ કહ્યું છે કેઃ—

સ્વામિગુણ ઓલખી સ્વામીને જે ભજે
દર્શનશુદ્ધતા તેહ પામે
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી
કર્મ ઝીંપી વસે મુક્તિધામે. તાર પ્રભુ૦

અર્થ—સ્વામી જે શ્રી અરિહંત તેના ગુણને ઓલખી જે પ્રાણી શ્રી અરિહંતને ભજે–સેવે, તે દર્શન એટલે સમકીતરૂપ ગુણ પામે, દર્શનની નિર્મળતા પામે, જ્ઞાન તે યથાર્થભાસન, ચારિત્ર તે સ્વરૂપ રમણ, તપ તે તત્ત્વએકાગ્રતા, વીર્ય તે આત્મસામર્થ્ય તેના ઉલ્લાસથી કેતાં ઉલસવેથી જ્ઞાનાવરણીય કર્મને જીતી મુક્તિ એટલે મોક્ષ–નિરાવરણ સંપૂર્ણ સિદ્ધતારૂપ ધામ–સ્થાનકે વસે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વામીને ઓળખવો એ જ્ઞાન છે. આ જ્ઞાન વિનાના જીવો મુ-ડદાં સમાન છે, કારણ કે જ્ઞાન એ જીવનું લક્ષણ છે. જ્ઞાનીને મનરૂપી મંદિરમાં દેવનાં દર્શન ગમેત્યારે અને ગમેત્યાં થઇ શકે છે; પરંતુ સાધારણ માણસોથી તેમ થવું મુશ્કેલ છે, માટે ઉપાસક જ્ઞાની હોવો જોઇએ. "મન મંદિર આવો રે, કહું એક વાતડલી," એમ ગાઈએ છીએ તો ત્યાં વિચારો કે, શાણા માણસને આપણે બોલાવશું તો ઘરની કેટલી મનોહરતા, સ્વચ્છતા, રાખીશું? તો પ્રભુને મનમંદિરમાં બોલા-વતાં મનની નિર્મલતા કેટલી કરવી જોઈએ?

જેમ અજવાળું હોય ત્યાં અંધારૂં રહેતું નથી, તેમ જ્ઞાન હોય ત્યાં અજ્ઞાન રહી શકે નહિ; અજ્ઞાન એ અશુભ કર્મોનું કારણ છે. અજ્ઞાન જતાં અશુભ કર્મો પણ થતાં અટકે છે તો અશુભ કર્મોને અટકાવવાની ખાતર જ્ઞાનની જરૂર છે. કેટલીક વખત એટલેસુધી બને છે કે અ-જ્ઞાનીની સમજમાં જે પુણ્ય હોય તે જ્ઞાનીની સમજમાં પાપ હોય, અને તે અજ્ઞાની જ્ઞાની થાય ત્યારે તેને પણ પાપ માલુમ પડે.

આ સર્વ વિસ્તાર કરવાનું કારણ જ્ઞાનની પરમ અને મુખ્ય આ-વશ્યકતા બતાવવાનું છે.

## ૧૩.

### મનની શુદ્ધિ અને એકાગ્રતા.

**विना मनःशुद्धिमशेषधर्म-**
**कर्माणि कुर्वन्नपि नैति सिद्धिम् ।**
**दृग्भ्यां विना किं मुकुरं करेण**
**वहन्नपीक्षेत जनः स्वरूपम् ॥**

અર્થ—મનઃશુદ્ધિ વગર સર્વ ધર્મકાર્યો કરતા હોવા છતાં સિદ્ધિ મળતી નથી જેમ માણસ આંખો વિના હાથમાં મુકુરને ધારણ કરેલ હોય તો પણ તે સાથે હોય છતાં તેના સ્વરૂપને દેખી શકતો નથી.

આ શ્લોકથી મનની શુદ્ધિની જરૂર છે એમ સાબીત થાય છે. જ્ઞાનની સાથે મનની શુદ્ધિ જોઇએ. શુદ્ધ મનનો આધાર સાત્વિક ખોરાકપર છે. સાત્વિક એટલે શુદ્ધ (મનને જડ કે સુસ્ત ન બના-વનારો) અને ન્યાયથી મેળવેલો. અન્યાયથી મેળવેલ પૈસાના ઉપભો-ગથી બુદ્ધિ મલીન રહે છે. આહારશુદ્ધિની ખાસ જરૂર છે. છ પ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ર્યાપ્તિમાં પણ પહેલીજ આહારપર્યાપ્તિ કહેલી છે, એટલે બાકીની પાંચે પર્યાપ્તિનો એ પાયો છે. બીજી પર્યાપ્તિઓની શક્તિનો આધાર પહેલી ઉપ-રજ છે. પહેલી જેમ શુદ્ધ હશે, તેમ તેટલી બીજીઓ સારી હશે. આહારથી શરીર, શરીરથી ઇંદ્રિયો, શ્વાસોચ્છ્વાસ, ભાષા, અને મન. આ બધા સાત્વિક આહારથી સારા રહે છે, અને રાજસ કે તામસ આ-હારથી મલીન રહે છે. સામાન્યપણે આહાર વધારે ખાનારો વધારે ખાવાથી આળસુ થતો જાય છે અને સાધારણ માણસનું મન ભૂખ્યા રહેવાથી અસ્થીર થઈ જાય છે. તેથી તેઓ મનને એકાગ્ર કરી શકતા નથી. જ્યારે આહારવિહારમાં નિયમિત રહેનારા તનને તથા મનને વધારે દુરસ્ત રાખી શકે છે, અને તેમ નહિ કરનારા તંદુરસ્તી ગુમાવી બેસે છે. તંદુરસ્તી ગુમાવતાં અનેક રોગો જોરજુલમથી શ-રીરમાં પેસી જાય છે અને માનસિક દુઃખોના ભોક્તા થવું પડે છે. વધારે ખાવું કે શક્તિ ન હોય છતાં કાયકલેશ અતિશય કરવો, કે ખા-વામાં અનિયમિત રહેવું એ શારીરિક પાપ છે. શારીરિક અવ્યવસ્થાથી માનસિક અવ્યવસ્થા છે અને માનસિક અવ્યવસ્થાથી ચિત્તની એકા-ગ્રતા નથી, એકાગ્રતા વગર પ્રભુસ્વરૂપની પીછાન નથી. આથી આ-હાર ઉપર થોડો વિસ્તાર કરવામાં આવ્યો છે.

હવે એકાગ્રતા ઉપર આવીએ—પ્રભુમાં એટલા બધા લીન થઈ જવું જોઈએ કે જે સ્થિતિમાં મન અને તનની આધિવ્યાધિ સર્વે આ-પણને અસર કરી શકે નહિ, અગર આપણે ગમે તે કરતાં હોઇએ, છતાં ધ્યાન પ્રભુમાં હોય. આને માટે શ્રીમદ્ આનંદઘન કહે છે કેઃ—

રાગ અલૈયો વેલાવલ.[1]

એસે જિનચરણે ચિત્ત લ્યાઉં રે મના—
એસે અરિહંત કે ગુન ગાંઉં રે મના—એસે જિન૦
ઉદર ભરનકે કારણે રે, ગૌઆં વનમેં જાય;
ચાર ચરે ચિહું દિશ ફિરે, વાકી સુરતી વછરૂઆ માંહે રે—એસે. ૧
સાત પાંચ સાહેલીયાં રે, હિલ મિલ પાણી જાય
તાલી દીયે ખડખડ હસે રે, વાકી સુરતિ ગગરૂઆ માંહે રે—એસે. ૨

---

૧ કાલિંગડામાં ઉત્તમ ભાવથી ગવાશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નટુઆ નાચે ચોકમેં રે, લોક કરે લખસોર
વાંસ ગ્રહી વરતેં ચઢે, વાકો ચિત્ત ન ચલે કહું ઠોર રે—એસે. ૩
જૂઆરી મનમેં જૂઆરેં, કામીકે મન કામ;
આનંદઘન પ્રભુ યું કહે, તુમે લ્યો ભગવંતકો નામ રે—એસે. ૪

આનો અર્થ સહેલો છે, એટલે વિસ્તારની જરૂર નથી.

ધ્યાનથી ધ્યાતા ધ્યેય સમાન થાય છે. રાગાદિકથી ગ્રસેલાને ધ્યાતાં રાગાદિકને વશ થવાય છે, કામીને કામીનીનું ધ્યાન કરતાં કામ ઉત્પન્ન થાય છે, તેમ શ્રી વીતરાગનું ધ્યાન કરતાં પુરૂષ વીતરાગ થઇને સંસારબંધનથી મુક્ત થાય છે. કહ્યું છે કે

**वीतरागं यतो ध्यायन् वीतरागो भवेद्भवी ।**
**ईलिका भ्रमरीभीता ध्यायंती भ्रमरी यथा ॥**

અર્થઃ—વીતરાગનું ધ્યાન કરતો થકો ભવી જીવ વીતરાગરૂપ થાય છે. જેવી રીતે ભ્રમરીથકી બીક પામેલી એવી જે ઇયળ તે ભ્રમરીનું ધ્યાન કરતી થકી ભ્રમરીરૂપજ થાય છે. આવી રીતે શ્રી કલ્યાણમંદિર સ્તોત્રમાં કહ્યું છે કેઃ—

**ध्यानाज्जिनेश ! भवतो भविनः क्षणेन**
**देहं विहाय परमात्मदशां व्रजन्ति ।**
**तीव्रानलादुपलभावमपास्य लोके**
**चामीकरत्वमचिरादिव धातुभेदाः ॥**

અર્થ—હે જિનેશ! ભવ્ય પ્રાણીઓ તમારા ધ્યાનથી એક ક્ષણમાત્રમાં દેહને ત્યાગ કરીને પરમાત્મદશાને પામે છે. જેમકે લોકોને વિષે ધાતુભેદો એટલે જુદી ધાતુઓ છે તે પ્રબલ અગ્નિથી પાષાણ–ભાવને છોડીને થોડા સમયમાં સુવર્ણપણાને પામે છે.

**य एव वीतरागः स देवो निश्चीयतां ततः ।**
**भविनां भवदंभौलिः स्वतुल्यपदवीप्रदः ॥**

અર્થ—જે વીતરાગજ છે તેનો દેવ તરીકે નિશ્ચય કરવો જોઇએ પછી તે ભવી જીવોના સંસારનો નાશ કરવામાં વજ્રસમાન છે અને પોતાના જેવી પદવી આપનાર છે.

આ વીતરાગ કેવા છે તેનો કંઈ ખ્યાલ ‘ઉવસગ્ગહર’ નામક દ્વિતીય સ્મરણનું મનન કરવાથી આવશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧૪.

વંદન બે પ્રકારનાં છે.

દેવવંદન.

૧. દ્રવ્યવંદન—પગ અને મસ્તકથી નમસ્કાર કરવો એટલે જેમાં હાથ, મસ્તક અને ચરણ આદિનું હલન, ચલન થાય છે તે.

૨. ભાવવંદન—વિશુદ્ધ મનનું યોજવું અને તેનાથી નમસ્કાર કરવો તે.

હવે ઉત્તમ વંદન કયું?—ઉત્તમ જાતના વંદનનું સ્વરૂપ એ છે કે શરીરવડે વંદન કરવું, વાણીવડે સ્તવન કરવું અને મનવડે અનુચિંતન કરવું આદિ ત્રિકરણ શુદ્ધિથી એટલે પ્રશંસા કરવા લાયક કાય, વાણી અને મનના વ્યાપારવડે શુદ્ધ પ્રત્યક્ષ ચડતા ભાવપ્રત્યે આત્માની પરિણતિ કરવી તે.

## ૧૫.

દેવવંદનનો હેતુ.

દેવ એટલે અરિહંત અને સિદ્ધ. અરિહંત દેવનું વંદન કરવાનું કારણ એ છે કે આ ભવમાં ભ્રમણ કરવાની બીક પામેલા જીવોને અનુપમ આનંદરૂપ એવું પરમપદ–મોક્ષ તેના માર્ગને દેખાડવામાં તે પરમોપકારી છે. સિદ્ધ દેવને વંદન કરવાનો હેતુ એ છે કે સિદ્ધને જે ગુણો નામે અનંતચતુષ્ટય–અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય પ્રગટ થયા છે તે ગુણો જીવોને અત્યંત ઉપકારના હેતુ છે.

## ૧૬.

અરિહંતદેવ અને સિદ્ધદેવમાં ફેર.

૧. અરિહંત અને સિદ્ધ એ બંનેનાં વ્યુત્પત્તિ અર્થ જુદા જુદા થાય છે તે ઉપરથી જુદા જુદા અર્થ નીકળી શકે છે તે નીચે આપ્યા છે.

૨. અરિહંતમાં પોતાના બાર ગુણ છે. સિદ્ધમાં નિજ આઠ ગુણ છે.

૩. અરિહંત એટલે તીર્થંકર. તે તીર્થ પ્રવર્તન કરે અને ઉપદેશ આપીને ઘણા જીવોને ઉપકાર કરે; જ્યારે સિદ્ધ તેમ કરતા નથી અને સિદ્ધ પણ શ્રી અરિહંતના ઉપદેશ થકી ચારિત્ર આદરી કર્મરહિત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઈ સિદ્ધપણું પામી શકે આથીજ શ્રી પંચપરમેષ્ટિમાં શ્રી અરિહંતને સિદ્ધની પહેલાં મૂકેલ છે.

૧૭.

અરિહંત ત્રણ પાઠે લખાય છે. ૧ અરહંત ૨ અરિહંત અને ૩ અરૂહંત.

અરિહંતનો વ્યુત્પત્તિઅર્થ.

૧. (૧) અરહંત (અર્હત્-જે યોગ્ય છે. અર્હ્ = યોગ્ય થવું એ ધાતુ) એટલે જે પૂજાને—આઠ મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય છે તે. કહ્યું છે કે

**अरहंति वंदण नमं सणाइ अरहंति पूअसक्कारं ।**
**सिद्धिगमणं च अरहा अरहंता तेण वुच्चंति ॥**

જે વંદન, નમસ્કારાદિને યોગ્ય છે, જેને પૂજાસત્કાર કરવા યોગ્ય છે અને જે સિદ્ધિ પામવા યોગ્ય છે તેને અરહંત કહે છે.

(૨) અરહંત (અરજઃ—રજોહનનાત્-રજ હણવાથી રજવગરના) એટલે ચાર આત્મગુણઘાતી કર્મરૂપી રજને હણનાર.

(૩) (અરહસ્યઃ—જેને રહસ્ય નથી તે) એટલે પોતાને કેવલજ્ઞાન-દર્શન પ્રાપ્ત થયેલ હોવાથી જેને કંઈ પણ છાનું નથી તે.

(૪) (અ = નથી + રહ = એકાંત પ્રદેશ + અંત = મધ્યભાગ. જેને એકાંતપ્રદેશ કે મધ્યભાગ નથી) એટલે જેને કંઈ પણ વસ્તુ છાની નથી તે.

(૫) (અ= નથી + રહ = રથરૂપી પરિગ્રહ + અંત = વિનાશ—વિનાશકરનાર એવા જરા-ઘડપણ આદિ) એટલે જેને પરિગ્રહ કે જરા આદિ નથી તે.

(૬) (અરહયત્-રહ્ = છાંડવું, જેણે છોડ્યો નથી) એટલે જેણે સ્વ-સ્વભાવ છોડ્યો નથી તે.

૨. અરિહંત. (અરિહંતા-અરિ = શત્રુ + હંતા = હણનાર) એટલે આઠ કર્મરૂપ શત્રુને હણનારા.

૩. અરૂહંત (અરૂહત્-રૂહ્ = ઉગવું-ઉપજવું-જેને ઉગવું કે ઉપજવું નથી) એટલે જેને કર્મો ક્ષીણ થઈ જવાથી બીજો ભવ લેવાનો નથી તે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી રીતે કરેલા વ્યુત્પત્તિ અર્થથી અરિહંત ભગવાનનું સ્વરૂપ થોડું ઘણું જાણ્યું.

૧૮.

હવે આપણે નિક્ષેપ–આરોપણથી અરિહંતદેવનું સ્વરૂપ જોઇએ.

નિક્ષેપે અરિહંત. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનિક્ષેપ એમ ચાર નિક્ષેપથી અરિહંતનું ચાર પ્રકારે સ્વરૂપ છે.

નામઅરિહંત—અરિહંત એટલે ઋષભાદિક જિનનાં જે નામ છે તેમને તે નામથી બોલાવીએ તે.

સ્થાપનાઅરિહંત—શ્રી જિનભગવાનની જે જે પ્રતિમા, મૂર્તિ, પગલાં આદિ છે તે.

દ્રવ્યઅરિહંત—જેમણે શ્રી તીર્થંકર નામ કર્મ બાંધ્યું છે એવા શ્રીકૃષ્ણ, શ્રેણિકાદિક સર્વે તથા જેઓ તેજ ભવમાં તીર્થંકરપદ પામશે પરંતુ દીક્ષા લઇને કેવલજ્ઞાન નથી પામ્યા તે. કારણ કે આ બધા જિનના જીવ કહેવાય.

ભાવઅરિહંત—જેઓ કેવલજ્ઞાન પામી સમવસરણમાં બેસી ધર્મોપદેશ આપે તે.

૧૯.

જ્યારે દેવપૂજા કરવાની છે ત્યારે આ ચારે પ્રકારે શ્રી અરિહંત ભગવાનનું સ્વરૂપ વિચારી પૂજા કરવાની છે.

દેવપૂજાપ્રત્યે મનને ઉપદેશ. તે દરેક પ્રકાર શુભ ફલ આપે છે તે વિચારીએ. જિનપૂજાએ જિનપ્રત્યેની આપણી પ્રીતિ છે, અને પ્રીતિ જુદી જુદી રીતે દર્શાવી શકાય છે; તેથી એક પોતાના મનને સમજાવતાં કહે છે કે હે મન! તું બીજે રસ્તે ન જતાં અથવા મને બીજે–અવળે માર્ગે ન ચડાવતાં જિનપ્રત્યે પ્રીતિ કરવામાં લઈ જા.

રાગ–ધન્યાશ્રી.

હે મનવા! કાં ચકડોળે ચડાવ,
સત્પથ મારે સાધવો, શિવપ્રીતિસાધન થાય
સાધ્ય દૃષ્ટિમાં આવતું, ભાવારોગ્ય થવાય—હે મનવા.
પૂજા પ્રીતિરૂપ છે, પ્રીતિરૂપ અનેક
દર્શન, નામ, નમન, સ્તુતિ, ધ્યાન, મગ્નતા છેક—હે મનવા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હે મન ! તું મને શામાટે ચકડોળે ચડાવે છે ! મારે તો સન્માર્ગ સાધવો છે અને તે ત્યારેજ સધાય કે જો તું શિવ એટલે કલ્યાણ-મોક્ષ અગર જિનદેવ પ્રત્યે પ્રીતિમાં સાધનરૂપ થાય તો; અને તેમ થાય તોજ મારૂં સાધ્ય એટલે મોક્ષ દૃષ્ટિમાં આવે અને ભાવથી આરોગ્ય બનું એટલે કામ, ક્રોધાદિક અંતરંગ રોગોથી મુક્ત બનું.

હવે તે શિવપ્રીતિ કઈ? તો કહે છે કે તેનાં રૂપ અનેક છે તેમાં પૂજા પણ શિવપ્રીતિ છે, અને તે જિનપૂજાનો ક્રમ સામાન્યરીતે આ-પ્રમાણે છે કે પ્રથમ જિનભગવાન્નાં દર્શન પછી તેમના નામનું સ્મરણ, તેઓશ્રીને નમન, તેમનો સ્તુતિપાઠ, પછી તેમનાં જ્યોતિસ્વરૂપનું ધ્યાન, અને છેવટ મગ્નતા-તલ્લીનતા-એકરૂપતા છે.

## ૨૦.

જપપૂજા.

પ્રભુનાં નામો ઉચ્ચારવાથી તેમનાં ચરિત્ર કથાઓનું સ્મરણ થાય છે અને તેથી તેપ્રમાણે આપણું પોતાનું વર્તન રાખવાની કલ્પના-ઇચ્છા-નિશ્ચય થાય છે. આવી ભાવ-નાથી મન નિર્મલ થાય છે, અને તેવા વર્તનથી આપણે ઉચ્ચ દશા પ્રાપ્ત કરી શકીએ છીએ.

ઉદાહરણતરીકે છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરનું નામ લઇએ. તે નામ અનેક સુંદર અર્થ અને ભાવનાનું પ્રકટીકરણ કરે છે તે જો-ઇએ, અને તેથી ચાર નિક્ષેપે શ્રી વીરભગવાન્ની ઓળખાણ કરીએ.

## ૨૧.

નિક્ષેપે વીરપ્રભુ.

નામનિક્ષેપ-વીર એવું નામ તે નામવીર.

સ્થાપનાનિક્ષેપ-વીરભગવાન્ની સ્થાપના સ્થાપવી તે સ્થાપના વીર.

દ્રવ્યનિક્ષેપ-વીશ સ્થાનક મધ્યેથી ગમે તે સ્થાનક આરાધી તીર્થંકરપણે થવાનાં દલીઆં ઉપાર્જ્યાં ત્યારથી દ્રવ્ય-વીર ભગવાન્.

ભાવનિક્ષેપ-કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી સમવસરણને વિષે બેસે, દેશના દે ત્યારથી ભાવવીર ભગવાન્-તીર્થંકર.

પ્રથમના ત્રણ નિક્ષેપ સિવાય ભાવનિક્ષેપ થઈ શકે તેમ નથી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે પ્રથમનાં ત્રણ ભાવ નિક્ષેપનાં નિમિત્ત છે, તેથી ક્રમ પ્રમાણે પહેલાં ત્રણ પછી ઉત્તમ એવો ભાવનિક્ષેપ પ્રાપ્ત થાય છે, તેનું પૂર્ણ રહસ્ય વીરનું યથાર્થ **નામા** તથા ગુણા: એ પ્રકારે નામ લેતાં જણાઈ આવે છે, તે આપણે જોઇએ.

## ૨૨.

૧. **विशेषेण ईरयति क्षिपति तत्तत्कर्माणि इति वीरः** એટલે જે વિશેષપણે તે તે કર્મને ખપાવે છે તેનું નામ વીર. ભાવનિક્ષેપમાં ચરમ–છેલ્લી સ્થિતિ કે જે કેવલીની આવે છે તે સ્થિતિ સર્વ કર્મને ખપાવ્યાવગર આવતી નથી.

'વીર' એ પ્રભુના નામના અર્થ.

૨. **विदारयति यत्कर्म तपसा च विराजते ।**
**तपोवीर्येण युक्तश्च तस्माद्वीर इति स्मृतः ॥**

જે કર્મને છોડી દે, તપથી વિરાજમાન થાય, અને તપ તથા વીર્યથી યુક્ત હોય તે વીર કહેવાય છે.

૩. વીરત્વ ત્રણ પ્રકારે કહ્યું છે.–દાનવીરત્વ, યુદ્ધવીરત્વ અને ધર્મવીરત્વ. આ ત્રણે પ્રકારનું વીરત્વ શ્રી વીરભગવાન્માં હતું એમ શ્રી માનવિજયજી પોતાના ધર્મસંગ્રહમાં કથેછે:—

**कृत्वा हाटककोटिभिर्जगदसद्दारिद्र्यमुद्रांकितम्**
**हत्वा गर्भशयानपि स्फुरदरीन्मोहादिवंशोद्भवान् ।**
**तप्त्वा दुस्तपमस्पृहेण मनसा कैवल्यहेतुं तपस्**
**त्रेधा वीरयशो दधद्विजयतां वीरस्त्रिलोकी गुरुः ॥**

દાનવીરત્વ–કોટીસુવર્ણથી દાન કરી જગત્‌ને દારિદ્રની મુદ્રાના ચિન્હથી રહિત કર્યું તેથી.

યુદ્ધવીરત્વ–મોહાદિ વંશમાં ઉત્પન્ન થયેલા અંતરના પણ સ્ફુરણાયમાન શત્રુઓને માર્યા તેથી.

ધર્મવીરત્વ–નિસ્પૃહ મનવડે કૈવલ્યપદના કારણરૂપ એવું દુસ્તપ આચર્યું તેથી.

આવીરીતે ત્રણ પ્રકારે વીરત્વ દાખવી વીરના યશને ધારણ કરતા ત્રણ લોકના ગુરૂ શ્રીમહાવીર પ્રભુ વિજય પામો. આથી 'વીર' એ નામથી કેટલી કેટલી ભાવનાઓ સ્ફુરવી જોઇએ તે બતાવ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨૩.

તેવીજ રીતે પ્રભુનાં અનેક નામો ગુણ પ્રમાણે આપી શકાય છે.

બીજા નામના અર્થ.

જેવાં કે બુદ્ધ, શંકર, વિધાતા, પુરૂષોત્તમ. શ્રી માનતુંગસૂરિ કથેછે કે,—

**बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्**

**त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात् ।**

**धातासि धीर ! शिवमार्गविधेर्विधानात्**

**व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥**

અર્થ—હે નાથ ! દેવતાઓએ જેમનો કેવલજ્ઞાનનો બોધ પૂજ્યો છે માટે તમે બુદ્ધ છો-જ્ઞાનતત્ત્વી છો ! ત્રણ ભુવનને સુખ કરનાર હોવાથી તમે શંકર છો. હે ધીર ! તમે મોક્ષમાર્ગના વિધિ (રત્નત્રય યોગરૂપ ક્રિયા)નું વિધાન કરવાથી વિધાતા-સંપન્ન છો, અને હે ભગવન્ ! તમે પ્રકટપણે પુરૂષોત્તમ છો.

૨૪.

શ્રીમાનતુંગસૂરિ ભક્તામર સ્તોત્રમાં કથેછે કેઃ—

પ્રભુનાં નામ તથા કથાનું ફલ.

**आस्तां तव स्तवनमस्तसमस्तदोषं**

**त्वत्संकथापि जगतां दुरितानि हंति ।**

**दूरे सहस्रकिरणः कुरुते प्रभैव**

**पद्माकरेषु जलजानि विकाशभांजि ॥**

જે થકી સર્વ દોષ નાશ પામ્યા છે એવું આપનું સ્તવન તો દૂર રહો, પણ આપની સંકથા-ચારિત્રકથા ત્રણ જગત્નાં પાપને હણેછે. જેવીરીતે સૂર્ય તો દૂર રહો પરંતુ તેની પ્રભા-કાંતિજ સરોવરમાંનાં કમલોને વિકસાવે છે.

આજ ભાવાર્થવાળું શ્રીમત્ સિદ્ધસેનસૂરિ કથેછે કેઃ—

**आस्तामचिंत्यमहिमा जिन संस्तवस्ते**

**नामापि पाति भवतो भवतो जगंति ।**

**तीव्रातपोपहतपांथजनान्निदाघे**

**प्रीणाति पद्मसरसः सरसोनिलोऽपि ॥**

હે જિન ! જેનો મહિમા અચિંત્ય છે એવું આપનું સંસ્તવન દૂર રહો, પરંતુ આપનું નામ પણ સંસારથકી ત્રણ જગત્નું રક્ષણ કરેછે. જેવીરીતે પદ્મસરોવરનું (પાણી દૂર રહો પરંતુ) તેનો રસ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાળો પવન પણ ઉનાળામાં સખત તડકાથી હણાયેલ એવા મુસાફ્-રોને સંતોષે છે. (કલ્યાણમંદિર સ્તોત્ર)

## ૨૫.

સ્થાપના-જિનપૂજા.

સ્થાપના જિનની પૂજા કલ્યાણકારી છે. સ્થાપના (પ્રતિષ્ઠા) લોકમાં પ્રસિદ્ધ છે, અને સત્યના ત્રણ પ્રકારમાં સ્થાપના સત્ય પણ શ્રી સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે. આમાં યુક્તિ એ છે કે જેમ સાધુઓને ભીંતઉપર ચીતરેલી પુતળી પણ જોવી ઘટે નહિ કારણ કે તેથી રાગ, કામાદિ ઉત્પન્ન થાય છે; પણ શ્રી જિનેશ્વરની મૂર્તિ હમેશાં જોવી ઘટે, કારણ કે તેથી વૈરાગ્ય ઉત્પન્ન થવાનું કારણ મળેછે. જેમ બાળક ક, ખ, આદિ અક્ષરોને ઓળખ્યા વિના ફક્ત મોઢેથી બોલેછે છતાં તે અક્ષરો કોઇએ લખેલા હોય તો તે બાળકને આપવાથી તે જેમ તેમ એટલે કોઈ અક્ષરને બદલે કોઈ અક્ષર બોલે છે, પણ જો તે ઓળખતો હોય તો દરેક અક્ષરોનાં બરાબર નામ દઈ વાંચી શકેછે, તેવીજરીતે માણસ ચોવીશ તીર્થંકરોનાં નામનો ઉચ્ચાર કરે, પણ તેમની આકૃતિને ઓળખ્યાવિના અન્ય દેવોની મૂર્તિથી જિનેશ્વરની મૂર્તિનું ભિન્નપણું તેને શીરીતે જાણી શકાય? આ કારણથી જિનેશ્વરની પ્રતિમાની સ્થાપના કરવી યોગ્ય છે.

'જિનપ્રતિમા જિનસારખી' એ વાકય યથાયોગ્યરીતે ગ્રહણ કરવાનું છે. શાહીથી કાગળપર લખેલા અક્ષરો વાંચવાથી જિનોક્ત કથનનો બોધ થાયછે તેવીજ રીતે પ્રભુની પ્રતિમા જોવાથી તેમના સ્વરૂપનો બોધ થાયછે. લૌકિક શાસ્ત્રમાં પણ એક ભિલ્લ દ્રોણાચાર્યની મૂર્તિને રાખી ધનુર્વિદ્યા શીખી શકયો હતો-તો "પ્રભુનો અનુભવ કરવા પ્રભુને પ્રત્યક્ષ કરવાની જરૂર છે, પ્રત્યક્ષ કર્યા પછી તેમાં એકાગ્રતા સાધવાની જરૂર છે, અને એકાગ્રતાથીજ દેવસ્વરૂપનું અનુભવજ્ઞાન કે જે એક અગમ્ય વસ્તુ છે તે થાય છે. પ્રતિમામાં પ્રભુભાવના કરી યજન (પૂજન) કરવાથી અંતઃકરણમાં વધારે ઉંચી ભાવના રમણ કરેછે; તેને સ્નાન કરાવવું, પુષ્પ ચડાવવાં, આંગી કરવી આદિ ક્રિયા-ઓમાં ઉચ્ચભાવના ભળેલી હોવાથી અંતઃકરણમાં પ્રભુસંબંધી પ્રેમ અને ભક્તિ પોષાય છે. અને જે સ્થાનમાં પૂજા થતી હોય તે સ્થા-નનું વાતાવરણ પણ પવિત્ર વિચારોથી અધિકાધિક પવિત્ર થતું જાયછે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિત્ય નિત્ય આવીરીતે કરવાથી દેવમંદિરની પવિત્રતા અને આધ્યાત્મિકબળ કોઈ વિલક્ષણ શાંતિને, ભક્તિને, અને વૃત્તિના ઉચ્ચભાવને પ્રકટાવનાર થાયછે."

૨૬.

દ્રવ્યપૂજા.

ઉપર કહેલ છે તેમાં દ્રવ્યપૂજાનો સમાવેશ થાયછે. તે પૂજા સ્નાન, વિલેપન, ભૂષણ, ફલ, વાસ, ધૂપ, દીપ, ફૂલ તંદુલ, પત્ર, પુગી, નૈવેદ્ય, જલ, વસ્ત્ર, છત્ર, ચામર, વાજિત્ર, ગીત, નૃત્ય, સ્તુતિ, દેવદ્રવ્ય કોશ વૃદ્ધિ એવી રીતે (૨૧) એકવીશ પ્રકારે થાયછે; અને એવા અનેક ભેદ થઈ શકેછે.

૨૭.

ભાવપૂજા.

હવે ભાવપૂજા વિષે વિચારીએ—હાલમાં ઘણાખરા લોકો જિનદર્શન કરવા જાયછે અને દહેરામાં જઈ અમુક ક્રિયાઓ કરી પોતાનામાં ભાવના થયેલી માનેછે. દર્શન કરનારા દર્શન કરતી વખતે જુદા જુદા વિચારો કરતા દેખાય છે, કેટલાક ભોળા અજ્ઞાની લોકો પુત્રાદિક સુખની તેમજ કેટલાક કુટુંબ સુખની અને કેટલાક વ્યાપારાદિમાં સારો લાભ થવાની આશા રાખેછે.—કેટલાક દેવલોકાદિક સુખની આશાએ અને કેટલાક મોક્ષની આશાએ દર્શન કરવા જતા હોય એમ દેખાય છે.

ખરીરીતે પ્રભુદર્શન કેમ કરવા જોઇએ અને તેવખતે મનમાં શું શું વિચારો આવવા જોઈએ એનો વિચાર ભાગ્યેજ થોડાને આવતો હશે. પૌદ્ગલિક સુખની આશા કે ઇચ્છાવગર પ્રભુસંબંધેજ માત્ર ઉંચા વિચાર પ્રભુદર્શન કરતી વખતે મનમાં ઉદ્ભવવા જોઇએ; તેવા પ્રભુસંબંધેના ઉચ્ચ વિચારોમાં પ્રભુના ગુણો આદિનો સમાવેશ થાય છે અને તે સરલ ભાષામાં કહેવાનો આ લઘુ પુસ્તકનો હેતુ છે. આ પૂજાનો વિષય જરા વિસ્તારપૂર્વક આગળ આપણે જોઈશું.

૨૮.

કોઈ ભવે દર્શન સત્યરીતે થયું છે?

મનુષ્યભવ દુર્લભ છે તેથી આ ભવમાં જો દેવનામસ્મરણ—પૂજન—દર્શન—ચિંતવન આદિથી ધર્મગ્રહણ નહિ થાય તો પછી ફરી, ચોરાશી લાખ જીવયોનિરૂપી સંસારચક્રમાં રખડવાનું છે; અને તેમ થશે તો અંતિમ સાધ્ય મેળવી શકાય તેમ નથી અને હજુ સુધી તે મેળવી શકાયું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી એ વાત ચોક્કસ છે અને તેથી શ્રીમત્ સિદ્ધસેનસૂરિ કરૂણાર્દ્ર-ચિત્તે કલ્યાણમંદિર સ્તોત્રમાં ચાર શ્લોકમાં કથે છે કેઃ—

**अस्मिन्नपारभववारिनिधौ मुनीश !**
**मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि ।**
**आकर्णिते तु तव गोत्रपवित्रमंत्रे**
**किं वा विपद्विषधरी सविधं समेति ? ॥**

હે મુનીશ ! હું એમ માનુંછું કે આ અપાર ભવસાગરમાં આપ મને શ્રવણગોચર થયા નથી એટલે મેં આપને કદી–કોઇભિવે સાંભળેલા નથી, કારણ કે જો આપના ગોત્ર–નામરૂપ પવિત્ર મંત્ર સાંભળેલો હોય તો આપદારૂપી સાપણી મારી સમીપ કેમ આવી શકે ? અર્થાત્ આપનું નામ સાંભળ્યા પછી તો આપદા આવેજ નહિ અને મને તો આ સંસારરૂપ આપત્તિઓ આવેલી છે તેથી હું એમ માનું છું કે મેં પૂર્વભવોને વિષે ક્યારેપણ આપનું નામ સાંભળ્યું નથી.

**जन्मांतरेऽपि तव पादयुगं न देव !**
**मन्ये मया महितमीहितदानदक्षम् ।**
**तेनेह जन्मनि मुनीश ! पराभवानां**
**जातो निकेतनमहं मथिताशयानाम् ॥**

હે દેવ ! હું માનું છે કે જન્માંતરે પણ આપનું વાંછિત આપવામાં ચતુર એવું ચરણયુગલ મેં નથી પૂજ્યું; કારણ કે હે મુનીશ ! આ જન્મમાં પરાભવો કે જેણે (મારા) આશય મથી નાંખ્યા છે તેનું હું સ્થાન થયો છું અર્થાત્ આપના ચરણારવિન્દનો પૂજક પરાભવનું સ્થાનક હોતો નથી અને હું તેમ થયો છું તેથી મેં પૂર્વભવોને વિષે આપના ચરણારવિંદ ક્યારે પણ પૂજ્યા નથી એમ ભાસે છે.

**नूनं न मोहतिमिरावृतलोचनेन**
**पूर्वं विभो ! सकृदपि प्रविलोकितोऽसि ।**
**मर्माविधो विधुरयंति हि मामनर्थाः**
**प्रोद्यत्प्रबंधगतयः कथमन्यथैते ॥**

હે સ્વામિ ! ખરેખર મોહરૂપી અંધકારથી ઢંકાયેલ આંખવાળા એવા મેં પહેલાં આપને એકવાર પણ જોયેલ નથી કારણ કે જો દર્શન કર્યાં હોત તો મર્મને ભેદી નાંખનારા અને કર્મબંધની પ્રવૃત્તિ જેણે વિશેષે પ્રાપ્ત કરી છે એવા આ અનર્થો મને કેમ પીડે છે ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**आकर्णितोऽपि महितोऽपि निरीक्षतोऽपि**
**नूनं न चेतसि मया विधृतोसि भक्त्या ।**
**जातोऽस्मि तेन जनबांधव ! दुःखपात्रं**
**यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः ॥**

(અથવા) હે જનહિતકારી ! મેં આપને સાંભળ્યા પણ (હશે), પૂજ્યા પણ હશે, તથા દીઠા પણ હશે પરંતુ ખરેખર ભક્તિથી ચિત્તમાં ધારણ કરેલા નથી કારણ કે હું દુઃખનું પાત્ર ઉત્પન્ન થયેલ છું તેથી **ભાવવગરની ક્રિયા ફલતી નથી.** (ભાવ વિષયે 'ભાવપૂજા'પર વિવેચન જુઓ.)

૨૯.

દેવના ગુણ.

હવે દેવના ગુણ તપાસીએ. દેવમાં અનંત ગુણ છે અને ખરૂં જોતાં તેનું વર્ણન સરસ્વતિ કે બૃહસ્પતિ પણ કરી શકે તેમ નથી છતાં મુખ્ય ગુણો શાસ્ત્રોમાં કહ્યા છે તે જોઈએ.

પંચપરમેષ્ઠિને નમસ્કાર એ બધા મંગલોમાં પહેલું મંગલ છે. તે પંચ પરમેષ્ઠિમાં અરિહંત અને સિદ્ધ દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરૂ છે. આ પુસ્તકમાં દેવતત્ત્વ એ વિષય હોવાથી તેજ ચર્ચીશું.

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે.

શ્રી અરિહંત પ્રભુના બાર ગુણ છે, તેમાંના આઠ પ્રાતિહાર્ય કહેવાય છે અને ચાર અતિશય કહેવાય છે.

૩૦.

૮ પ્રાતિહાર્ય.

પ્રાતિહાર્ય એટલે જે પ્રતિહારી તરીકે પ્રભુ પાસે રહે છે તે. નીચે પ્રમાણે.

**अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।**
**भामडलं दुंदुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥**

અર્થ—અશોકવૃક્ષ, દેવતાથી થતી પુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દુંદુભિ, અને છત્ર એમ જિનેશ્વરનાં આઠ પ્રાતિહાર્ય છે. એટલે શ્રી તીર્થંકર જ્યાં જ્યાં વિચરે અને સમોવસરણ કરે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાં ત્યાં દેવતાઓ પ્રભુની કાયાથી બાર ગણો, વિસ્તીર્ણ શાખાવાળો અશોકવૃક્ષ, ફૂલની વૃષ્ટિ, મનોહર વીણાના સ્વરો કે જેથી પ્રભુની દેશના મનોહર બને, રત્નથી જડિત શ્વેત ચામરો (ભગવાનને વીંજવા માટે), સુવર્ણમય સિંહાસન (ભગવાનને બેસવા માટે), જ્યોતિનું મંડલ (પ્રભુના મસ્તકને પાછલે ભાગે), દુંદુભિ–વાજિત્રો, છત્રો (પ્રભુને મસ્તકે) કરે છે.

## ૩૧.

દરેક પ્રાતિહાર્ય પર ભાવના.

આ પ્રાતિહાર્ય વિચારતાં તેમાં ભાવના મૂકી શકાય તો હૃદય ઘણુંજ ઉલ્લસિત થાય છે તેમ છે. શ્રી સિદ્ધસેનસૂરિ નીચે પ્રમાણે ભાવના ભાવી સુંદર બોધ કરે છે.

## ૩૨.

પ્રથમ અશોકવૃક્ષ નામના પ્રાતિહાર્યં વિષે ભાવના.

**धर्मोपदेशसमये सविधानुभावा—**
**दास्तां जनो भवति ते तरुरप्यशोकः ।**
**अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि**
**किं वा विबोधमुपयाति न जीवलोकः ॥**

અર્થ—(હે સ્વામિન્) ધર્મોપદેશ આપતી વખતે આપના સમીપ એટલે પાસે રહેવાના પ્રભાવથી લોક તો દૂર રહો પરંતુ વૃક્ષ પણ અશોક એટલે શોકરહિત થાય છે, અથવા સૂર્ય ઉદય પામતાં વૃક્ષાદિથી સહિત એવો જીવલોક એટલે સમસ્ત જગત્ વિબોધ કહેતાં વિકાસને નથી પામતું? (પામે છે) એટલે જેમ સૂર્યોદય થવાથી કેવલ લોકજ નિદ્રાનો ત્યાગ કરી વિબોધને પામે છે. એટલુંજ નહિ પણ વનસ્પતિ પણ પત્રસંકોચાદિ લક્ષણવાળી નિદ્રાનો ત્યાગ કરી વિકાસ પામે છે, તેમ તમારા સમીપે થવાથી કેવલ ભવિક લોકજ અશોક થાય છે એટલુંજ નહિ પરંતુ વૃક્ષ પણ અશોક થાય છે.

## ૩૩.

બીજા સુરકૃત પુષ્પવૃષ્ટિ નામના પ્રાતિહાર્યં વિષે ભાવના.

**चित्रं विभो ! कथमवाङ्मुखवृंतमेव**
**विष्वक् पतत्यविरला सुरपुष्पवृष्टिः ।**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**त्वद्‌गोचरे सुमनसां यदि वा मुनीश !**
**गच्छंति नूनमध एव हि बंधनानि ॥**

હે વિભુ ! અવિરલ–નિરંતરની દેવતાએ કરેલી પુષ્પની વૃષ્ટિ ચારે તરફ ઊંચું છે મુખ જેનું અને નીચે છે બીટ (બંધન) જેનું એવી રીતે પડે છે એ આશ્ચર્ય છે! ખરેખર, હે મુનીશ! તમો પ્રત્યક્ષ છતાં શોભાયમાન મનવાળાનાં બંધનો નિશ્ચયે નીચેજ જાય છે. અર્થાત્ તમારા સમીપે સુમનસ્ જે ફૂલ તેનાં બીટ જે બંધન તે અધોમુખ થાય છે અને સુમનસ્ જે ભવ્ય જીવ તેનાં બાહ્ય અને અભ્યંતર બંધન પણ નીચાં થાય છે.

**૩૪.**

ત્રીજા દિવ્યધ્વનિ નામના પ્રાતિહાર્ય વિષે ભાવના.

**स्थाने गभीरहृदयोदधिसंभवायाः**
**पीयूषतां तव गिरः समुदीरयंति ।**
**पीत्वा यतः परमसंमदसंगभाजो**
**भव्या व्रजंति तरसाऽप्यजरामरत्वम् ॥**

આપની વાણી ગંભીર હૃદયરૂપ સમુદ્રમાંથી ઉત્પન્ન થએલ અમૃતત્વ બહાર કાઢે છે તે યોગ્યજ છે કારણ તેનું પાન કરી ઉત્કૃષ્ટ હર્ષના સંગને સેવનાર ભવ્ય પ્રાણીઓ શીઘ્રપણે અજરત્વ અને અમરત્વને પામે છે. અર્થાત્ અમૃતપાન કરવાથી અજરામરપણું પ્રાપ્ત થાય છે તેવી રીતે આપની વાણીનું પાન કરવાથી અજરામરપણું પ્રાપ્ત થાય છે તેથી તે અમૃતનું પાન છે એમ જે કહ્યું છે તે યોગ્યજ છે. (અને દિવ્યધ્વનિ તે યથાર્થ નામ છે.)

**૩૫.**

ચોથા ચામર નામના પ્રાતિહાર્યવિષે ભાવના.

**स्वामिन् ! सुदूरमवनम्य समुत्पतंतो**
**मन्ये वदंति शुचयः सुरचामरौघाः ।**
**येऽस्मै नतिं विदधते मुनिपुंगवाय**
**ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥**

હે સ્વામિન્! હું એમ માનું છું કે પવિત્ર એવા દેવતાએ વીંજેલા ચામરોનો સમૂહ અત્યંતપણે નીચા નમીને ઉંચા ઉછલતા હોઈ એમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહે છે—જણાવે છે કે જે મનુષ્યો આ મુનિપુંગવ–મુનિમાં પ્રધાન એવા શ્રી તીર્થંકરપ્રભુને નમસ્કાર કરે છે તે ખરેખર નિશ્ચયે ઉંચી ગતિવાળા અને શુદ્ધ ભાવવાળા થાય છે અર્થાત્ ચામરો જણાવે છે કે, અમો પણ પ્રભુ આગળ નીચાં નમીને પછી ઉંચા ચડીએ છીએ તેમ બીજા પણ જે ભવ્ય જીવો છે તે પ્રભુને નમસ્કાર કરીને ઊર્ધ્વગતિ પામશે.

## ૩૬.

પાંચમા સિંહાસન નામના પ્રાતિહાર્ય વિષે ભાવના.

**श्यामं गभीरगिरमुज्ज्वलहेमरत्न-**
**सिंहासनस्थमिह भव्यशिखंडिनस्त्वाम् ।**
**आलोकयंति रभसेन नदंतमुच्चै-**
**श्चामीकराद्रिशिरसीव नवांबुवाहम् ॥**

ભવ્યરૂપ શિખંડી એટલે મોર છે તે આ સમવસરણને વિષે તમોને ઉજ્વલ હેમ અને રત્નથી જડેલ સિંહાસનમાં બેઠેલા શ્યામવર્ણયુક્ત અને ગંભીર વાણીવાળા આપને જેવી રીતે મેરૂપર્વતના શિખરમાં ઉંચે સ્વરે શબ્દ કરતા–ગર્જતા નવીન મેઘનેજ જુએ તેમ ઉત્સુકપણાથી જુએ છે. અર્થાત્ મેરૂપર્વતને સ્થાને સિંહાસન જાણવું અને મેઘને સ્થાને પ્રભુનું શ્યામ શરીર જાણવું અને ગર્જનાને સ્થાને પ્રભુની વાણી સમજવી. આ ભાવના પાર્શ્વનાથ આગલ ભાવેલ છે તેથી શ્યામ શરીર ગ્રહણ કરેલું છે. બાકી દરેક તીર્થંકરોનાં શ્યામ શરીર હોતાં નથી.

## ૩૭.

છઠા ભામંડલ નામના પ્રાતિહાર્ય વિષે ભાવના.

**उद्गच्छता तव शिति द्युतिमंडलेन**
**लुप्तच्छदच्छविरशोकतरुर्बभूव ।**
**सान्निध्यतोऽपि यदि वा तव वीतराग !**
**नीरागतां व्रजति को न सचेतनोऽपि ॥**

તમારૂં ઉંચું જતું તેવું એટલે પ્રસરતું પ્રભાના મંડલ જેવું ભામંડલ તેનાથી અશોકવૃક્ષ એવો થયો કે તેના પાંદડાની કાંતિ અર્થાત્ રક્તતા લોપાઈ ગઈ કારણ કે જેના રાગદ્વેષ ગયા છે એવા હે વીતરાગ! ત-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મારા સાન્નિધ્યપણાથી પણ ( એટલે વચનશ્રવણ, રૂપદર્શન તો દૂર રહો ) પણ સમીપે હોવાથી, ચેતનાવાળો કયો નીરાગતા એટલે નિર્મમત્વને પામતો નથી ? ( અર્થાત્ સર્વ પામે છે. )

૩૮.

સાતમા દેવદુંદુભિ નામના પ્રાતિહાર્યે વિષે ભાવના.

भो भोः प्रमादमवधूय भजध्वमेन–
मागत्य निर्वृतिपुरिं प्रतिसार्थवाहम् ।
एतन्निवेदयति देव ! जगत्त्रयाय
मन्ये नदन्नभिनभःसुरदुंदुभिस्ते ॥

હું એમ માનું છું કે હે દેવ ! તમારો દેવદુંદુભિ આકાશને અ-ભિવ્યાપ્ત કરતો શબ્દાયમાન થઈ ત્રણ જગત્‌ને આ પ્રકારે નિવેદન કરે છે ! હે જગત્રયજનો ! પ્રમાદનો ત્યાગ કરી આ મોક્ષપુરી પ્રત્યે માર્ગવાહક—લઇ જનારા એવા શ્રી તીર્થંકર પ્રભુ પાસે આવીને તેને ભજો.

૩૯.

આઠમા છત્રત્રય નામના પ્રાતિહાર્યે વિષે ભાવના.

उद्योतितेषु भवता भुवनेषु नाथ !
तारान्वितो विधुरयं विहताधिकारः ।
मुक्ताकलापकलितोच्छ्वसितातपत्र-
व्याजात्त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ॥

વિસ્તાર અર્થઃ—હે નાથ ! આ તમારા ઉપર જે ત્રણ છત્ર છે તે ત્રણ છત્ર નથી પરંતુ શું છે ? તો કે મુક્તા એટલે મોતી તેના સમૂહથી સહિત અને ઉલ્લસિત એવા આતપત્ર કહેતાં ત્રણ છત્ર તેના મીશે ક-રીને તારામંડળ સહિત નિશ્ચયે ત્રણ પ્રકારનું શરીર ધારણ કરી વિધુ—ચંદ્રમા છે તે તમારી સેવા કરવા અર્થે જાણે તમારી પાસે આવ્યો હોય નહિ ? તે ચંદ્રમાનો અધિકાર ( જગત્‌માં પ્રકાશ આપવાનો ) હણાઇ ગયો છે કારણ કે તમો ત્રણ ભુવનને પ્રકાશિત કરો છો તેથી ચંદ્ર-માનો પ્રકાશ કરવાનો અધિકાર નિષ્ફલ થયો. તેથી તમારી પાસે આવી રહ્યો હોય તેમ લાગે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૪૦.

અતિશય એટલે ઉત્કૃષ્ટતા. આ મૂલ ચાર છે.

ચાર અતિશય.

૧. અપાયાપગમાતિશય-( અપાય = ઉપદ્રવ અને અપગમ=નાશ ) આ બે પ્રકારનાં છે.

અ-સ્વાશ્રયી-એટલે પોતાના સંબંધમાં અપાય એટલે ઉપદ્રવનો દ્રવ્યથીઅને ભાવથી નાશ કર્યો છે તે.

દ્રવ્યઉપદ્રવ-સર્વ રોગો. આ પોતાને ક્ષય થઈ ગયા હોય છે.

ભાવઉપદ્રવ-અંતરંગ એવાં અઢાર દૂષણ. આ અઢાર નીચે પ્રમાણે.

अंतरायादानलाभवीर्यभोगोपभोगगाः
हासो रत्यरतिर्भीतिर्जुगुप्सा शोक एव च ॥
कामो मिथ्यात्वमज्ञानं निद्रा चाविरतिस्तथा ।
रागद्वेषौ च तौ दोषौ तेषामष्टादशाप्यमी ॥

(૧) દાનાંતરાય. (૨) લાભાંતરાય. (૩) વીર્યાંતરાય. (૪) ભોગાંતરાય. (૫) ઉપભોગાંતરાય. (૬) હાસ્ય. (૭) રતિ. (૮) અરતિ. (૯) ભય. (૧૦) શોક. (૧૧) જુગુપ્સા = નિંદા. (૧૨) કામ. (૧૩) મિથ્યાત્વ. (૧૪) અજ્ઞાન. (૧૫) નિદ્રા. (૧૬) અ-વિરતિ. (૧૭) રાગ. (૧૮) દ્વેષ.

આ રીતે સ્વાશ્રયી અપાયાપગમ અતિશય.

બ-પરાશ્રયી અપાયાપગમ અતિશય-કે જેનાથી પારકાના ઉપદ્રવ નાશ પામે. એટલે જયાં ભગવાન્ વિચરે, ત્યાં દરેક દિશામાં મલીને સવાસો જોજન સુધીમાં પ્રાયઃ રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, દુકાળ આદિ થાય નહિ.

૨. જ્ઞાનાતિશય-જેનાથી ભગવાન્ લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે તે, કારણ કે તેમને કેવલજ્ઞાન છે તેથી કાંઇ પણ તેમને અજ્ઞાત રહી શકતું નથી.

૩. પૂજાતિશય-જેનાથી શ્રી તીર્થંકર સર્વ પૂજ્ય છે એટલે ભગવંતની પૂજા રાજા, બલદેવાદિ, દેવતા-ઇંદ્રઆદિ કરે છે, અગર કરવાની અભિલાષા કરેછે તે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૪. વચનાતિશય-જેનાથી શ્રી તીર્થંકરની વાણિ દેવ, મનુષ્ય અને તિર્યંચને પોતપોતાની ભાષામાં સમજાયછે તે. કારણકે તેમની વાણી સંસ્કારાદિક ગુણવાળી છે. આ વાણી ૩૫ ગુણે સહિત છે. તે ગુણો નીચે પ્રમાણેઃ—

## ૪૧.

### તીર્થંકરની વાણીના ૩૫ ગુણ.

संस्कारवत्त्वमौदार्यमुपचारपरीतता ।
मेघनिर्घोषगांभीर्यं प्रतिनादविधायिता ॥ १ ॥
दक्षिणत्वमुपनीतरागत्वं च महार्थता ।
अव्याहतत्वं शिष्टत्वं संशयानामसंभवः ॥ २ ॥
निराकृतान्योत्तरत्वं हृदयंगमितापि च ।
मिथःसाकांक्षता प्रस्तावौचित्यं तत्वनिष्ठता ॥ ३ ॥
अप्रकीर्णप्रसृतत्वमस्वश्लाघान्यनिंदिता ।
आभिजात्यमतिस्निग्धमधुरत्वं प्रशस्यता ॥ ४ ॥
अमर्मवेधितौदार्यं धर्मार्थप्रतिबद्धता ।
कारकाद्यविपर्यासो विभ्रमादिवियुक्तता ॥ ५ ॥
चित्रकृत्त्वमद्भुतत्वं तथानतिविलंबिता ।
अनेकजातिवैचित्र्यमारोपितविशेषिता ॥ ६ ॥
सत्वप्रधानतावर्णपदवाक्यविविक्तता ।
अव्युत्थितिरखेदित्वं पंचत्रिंशच्च वाग्गुणाः ॥ ७ ॥

૧. સર્વ ઠેકાણે સમજાય તેવી. ૨. યોજનપ્રમાણ સંભળાય તેવી. ૩. પ્રૌઢ. ૪. મેઘ જેવી ગંભીર. ૫. શબ્દવડે સ્પષ્ટ. ૬. સંતોષકારક. ૭. દરેક મનુષ્ય એમ જાણે જે મનેજ કહેછે એવી. ૮. પુષ્ટ અર્થવાળી. ૯. પૂર્વાપર વિરોધ રહિત. ૧૦. મહાપુરૂષને છાજે એવી. ૧૧. સંદેહ વગરની. ૧૨. દૂષણ રહિત અર્થવાળી. ૧૩. કઠણ વિષયને સહેલો કરે એવી. ૧૪. જ્યાં જેવું શોભે તેવું બોલાય એવી. ૧૫. ષડ્દ્રવ્ય અને નવ તત્વને પુષ્ટ કરે એવી. ૧૬. પ્રયોજન સહિત. ૧૭. પદરચના સહિત. ૧૮. છ દ્રવ્ય નવ તત્વે પટુતા સહિત. ૧૯ મધુર. ૨૦. પારકો મર્મ જણાઈ ન આવે એવી ચતુરાઈવાળી. ૨૧. ધર્મ-અર્થ પ્રતિબદ્ધ. ૨૨. દીપસમાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રકાશ અર્થ સહિત. ૨૩. પરનિંદા અને પોતાનાં વખાણ વગરની. ૨૪. કર્તા, કર્મ, ક્રિયા, કારક, કાલ, વિભક્તિ સહિત. ૨૫. આશ્ચર્યકારી. ૨૬. વક્તા સર્વગુણસંપન્ન છે એવું જેમાં લાગે તેવી. ૨૭. ધૈર્યવાળી. ૨૮. વિલંબરહિત. ૨૯. ભ્રાંતિરહિત. ૩૦. સર્વ પોતાની ભાષામાં સમજે. ૩૧. શિષ્ટ બુદ્ધિ ઉપજાવે એવી. ૩૨. પદના અર્થને અનેકપણે વિશેષ આરોપણ કરી બોલે તેવી. ૩૩. સાહસિકપણે બોલે એવી. ૩૪. પુનરૂક્તિ દોષ વગરની. ૩૪. સાંભળનારને ખેદ ન ઉપજે એવી.

આ ચારે અતિશય એક શ્લોકમાં ભગવંતને જુદાં જુદાં વિશેષણો આપી ઘટાવીએ, ધર્મસંગ્રહમાંની સ્તુતિ લઇએ.

**प्रणम्य प्रणताशेषसुरासुरनरेश्वरम् ।**

**तत्त्वज्ञं तत्त्वदेष्टारं महावीरं जिनोत्तमम् ॥**

સર્વ સુર અસુર અને રાજાઓ જેને નમેલા છે એવા (પૂજાતિશય), તત્ત્વને જાણનાર (જ્ઞાનાતિશય), તત્ત્વનો ઉપદેશ કરનાર (વચનાતિશય), અને રાગદ્વેષને જીતનાર એવા જિન એટલે સામાન્ય કેવળીમાં ઉત્તમ ('જિન' એ શબ્દથી અપાયાપગમાતિશય) એવા શ્રી મહાવીરને પ્રણામ કરીને......

હવે આ ચાર અતિશય કહ્યા તેને વિસ્તારવાથી ૩૪ અતિશય નીચે પ્રમાણેના બને છે:—

## ૪૨

### તીર્થંકરના ૩૪ અતિશય.

**तेषां च देहोद्भुतरूपगंधो निरामयः स्वेदमलोज्झितश्च ।**
**श्वासोब्जगंधो रुधिरामिषं च गोक्षीरधारा धवलं ह्यविस्रं ॥ १ ॥**
**आहारनीहारविधिस्त्वदश्यश्चत्वार एतेऽतिशयाः सहोत्थाः ।**
**क्षेत्रे स्थिति योजनमात्रकेऽपि नृदेवतिर्यग्जनकोटिकोटेः ॥ २ ॥**
**वाणी नृतिर्यक्सुरलोकभाषा संवादिनी योजनगामिनी च ।**
**भामंडलं चारु च मौलिपृष्ठे विडंबिताहर्पतिमंडलश्च ॥ ३ ॥**
**अग्रे च गव्यूतिशतद्वयेरू जावैरमार्यतिवृष्ट्यवृष्टयः ।**
**दुर्भिक्षमन्यस्वचक्रतो भयं स्यान्नैत एकादश कर्मघातजाः ॥ ४ ॥**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

खे धर्मचक्रं चमराः सपादपीठे मृगेन्द्रासनमुज्ज्वलं च ।
छत्रत्रयं रत्नमयो ध्वजोंह्रिन्यासे च चामीकरपंकजानि ॥ ५ ॥
वप्रत्रयं चारु चतुर्मुखांगता चैत्यद्रुमोधो वदनाश्च कंटकाः ।
द्रुमानतिर्दुंदुभिनादमुच्चकैर्वातोनुकूलः शकुना प्रदक्षिणाः ॥ ६ ॥
गंधाम्बुवर्षं बहुवर्णपुष्पवृष्टिः कचश्मश्रुनखापवृद्धिः ।
चतुर्विधामर्त्यनिकायकोटिर्जघन्यभावादपि पार्श्वदेशे ॥ ७ ॥
ऋतुनामिन्द्रियार्थानामनुकूलत्वमित्यमी ।
एकोनविंशतिर्देव्याश्चतुस्त्रिंशच्च मीलिताः ॥ ८ ॥

અર્થઃ—

૧. શરીર અનંતરૂપમય, સુગંધમય, રોગરહિત, પરસેવારહિત ને મલરહિત હોય.

૨. રૂધિર તથા માંસ, ગાયના દૂધ સમાન ધોળાં અને દુર્ગંધ વગરનાં હોય.

૩. આહાર તથા નીહાર, ચર્મચક્ષુથી અદૃશ્ય હોય.

૪. શ્વાસોચ્છ્વાસમાં કમળના જેવી સુગંધ હોય.

આ (૧-૪) ચાર અતિશય જન્મથીજ હોય માટે સ્વાભાવિક—સહજાતિશય અથવા મૂલાતિશય કહેવાય છે.

૫. યોજનપ્રમાણ સમવસરણમાં મનુષ્ય, દેવ, અને તિર્યંચની કોડાકોડ સમાય અને તેમને બાધા થાય નહિ.

૬. પચીસ યોજન એટલે બસેં ગાઉ સુધી પૂર્વોત્પન્ન રોગ ઉપશમે અને નવા રોગ થાય નહિ.

૭. વૈરભાવ જાય.

૮. મરકી થાય નહીં.

૯. અતિવૃષ્ટિ એટલે હદ ઉપરાંત વરસાદ થાય નહિ.

૧૦. અનાવૃષ્ટિ એટલે વરસાદનો અભાવ થાય નહિ.

૧૧. દુર્ભિક્ષ એટલે દુકાળ ન પડે.

૧૨. સ્વચક્ર અને પરચક્રનો ભય ન હોય.

૧૩. ભગવંતની ભાષા મનુષ્ય, તિર્યંચ, અને દેવતા સર્વ પોતપોતાની ભાષામાં સમજે.

૧૪. એક યોજન સુધી સરખીરીતે સંભળાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૫. બાર સૂર્યના તેજવાળું ભામંડલ હોય.
આ અગીયાર (૫-૧૫) અતિશયો કેવલજ્ઞાન થાય ત્યારે થાય તેથી તે કર્મક્ષયજાતિશય કહેવાય છે. અને ૬-૧૨ માં જણાવેલા રોગાદિક સાત ઉપદ્રવો તે ભગવંત વિહાર કરે ત્યારે પણ ચારે દિશાએ ફરતા પચીસ યોજન સુધી ન હોય.

૧૬. આકાશમાં ધર્મચક્ર હોય.

૧૭. બાર જોડી (ચોવીસ) ચામર અણવીંજાયાં વીંજાય.

૧૮. પાદપીઠ સહિત સ્ફટિક રત્નનું ઉજ્વલ સિંહાસન હોય.

૧૯. ત્રણ છત્ર દરેક દિશાએ હોય.

૨૦. રત્નમય ધર્મધ્વજ હોય (તેને ઇંદ્રધ્વજ પણ કહે છે)

૨૧. નવ સુવર્ણકમળ ઉપર પગ વડે (બે ઉપર પગ મૂકે અને સાત પાછળ રહે.)

૨૨. મણિ, સુવર્ણ, અને રૂપાના એ રીતે ત્રણ ગઢ હોય.

૨૩. ચાર મુખે કરી ધર્મદેશના દે, (બાકીનાં ત્રણ પ્રતિબિંબ-મુખ દેવ કરી દે.)

૨૪. સ્વશરીરથી બારગણું ઉંચું અશોક વૃક્ષ છત્ર, ઘંટ, પતાકા આદિથી યુક્ત હોય.

૨૫. કાંટા અધોમુખ એટલે અવળા થઈ જાય.

૨૬. ચાલતી વખતે સર્વ વૃક્ષ નમી પ્રણામ કરે.

૨૭. આકાશમાં દુંદુભિ ચાલતી વખતે વાગે.

૨૮. યોજન પ્રમાણ અનુકૂળ વાયુ હોય.

૨૯. મોહ વગેરે શુભ પક્ષીઓ પ્રદક્ષિણા કરતાં ફરે.

૩૦. સુગંધ જળની વૃષ્ટિ થાય.

૩૧. જળસ્થળમાં ઉપજેલાં પાંચ વર્ણફૂલની ટીંચણ સુધી વૃષ્ટિ થાય.

૩૨. કેશ, દાઢી, નખ, વધે નહિ. (સંયમ લીધા પછી).

૩૩. જઘન્યતાથી ચાર નિકાયના ક્રોડ દેવતા પાસે રહે.

૩૪. સર્વ ઋતુઓ અનુકૂળ રહે.
આ છેલ્લા ૧૬-૩૪ એટલે ઓગણીસ અતિશયો દેવતા કરે. તેથી તે દેવકૃતાતિશય કહેવાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૪૩.

સિદ્ધનું સ્વરૂપ.

જે આઠ કર્મથી મુક્ત થઈ મોક્ષમાં બિરાજે છે, જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્યાદિ અનંત ગુણોથી પૂર્ણ છે, જે અનંત જ્ઞાન અને અનંત દર્શન વડે લોકાલોકનું સ્વરૂપ ક્ષણે ક્ષણે જાણી અને જોઈ રહ્યા છે તે સિદ્ધ દેવ છે. તેમની સ્થિતિ સાદિ અને અનંત છે. જ્યારે આઠ કર્મ ખપાવી સિદ્ધત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તેમની શરૂઆત થઈ માટે તેમની સ્થિતિ સાદિ (આદિ=શરૂઆતે કરી સહિત), અને મોક્ષમાંથી ચવવાનો—ફરી જન્મ લેવાનો અભાવ હોવાથી અનંતકાળ સુધી સિદ્ધના સિદ્ધ રહેવાના એટલે કે તેમની સ્થિતિમાં ફેરફાર અનંતકાલ સુધી નહિ થવાનો હોવાથી તેમની સિદ્ધસ્થિતિ અનંત છે. સિદ્ધ આઠ કર્મે રહિત છે અને આઠ ગુણે સહિત છે. આ આઠ કર્મમાંથી એક એક ખપાવવાથી એક એક સિદ્ધનો ગુણ પ્રાપ્ત થાય છે. આનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે:—

| કર્મ. | તે કર્મ જવાથી મળતા ગુણ. |
|---|---|
| ૧. જ્ઞાનાવરણીય. | કેવલજ્ઞાન (આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણી શકાય છે.) |
| ૨. દર્શનાવરણીય. | કેવલદર્શન (આથી લોકાલોકના ભાવ સમસ્ત પ્રકારે દેખી શકાય છે.) |
| ૩. વેદનીય. આથી સુખદુઃખ વેદવામાં—સહવામાં આવે છે. | અવ્યાબાધ સુખ (અ = નહિ + વ્યાબાધ = પીડા) પીડા વગરનું, નિર્વેદનીય—નિરૂપાધિક અનંતસુખ કારણ કે અહીંના આનંદમાં સુખદુઃખ એ હોતું નથી. |
| ૪. મોહનીય. | ક્ષાયકસમ્યકત્વ—નિર્મોહ થવાથી અનંતચારિત્ર ઉત્પન્ન થાય છે. |

નોટ—એકથી ચાર કર્મો ઘનઘાતી—આત્માના સત્ય સ્વરૂપના સંહારક છે.

| | |
|---|---|
| ૫. નામ. | અરૂપીપણું—નામ કર્મ હોય ત્યાં શરીર હોય અને શરીર ત્યાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ, વર્ણાદિ હોય તેથી નામકર્મનો ક્ષય થવાથી અરૂપી ગુણ ઉત્પન્ન થાય છે. |



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૬. ગોત્ર. અગુરૂલઘુત્વ = ભારીપણું નહિ તેમ હલકાપણું નહિ. ગોત્રકર્મ ક્ષય થવાથી ઉંચ–નીચપણું રહેતું નથી.

૭. અંતરાય. અનંતવીર્ય–બલ. અંતરાય–કર્મ જવાથી અનંતજ્ઞાન–લાભ–ભોગ–ઉપભોગ–વીર્યમય થવાય છે.

૮. આયુષ્ય. અક્ષય સ્થિતિ. આયુષ્યકર્મ ક્ષય થવાથી સિદ્ધ થવાય છે અને બીજો જન્મ થતો નથી તેથી સિદ્ધની અવસ્થા સાદિ અનંત છે.

નોટ–પાંચથી આઠ આંકડાવાળાં કર્મો અઘાતી છે એટલે ઘનઘાતી નથી.

ઉપર કહ્યા પ્રમાણે આઠ કર્મ ક્ષય કરવાથી જે આઠ ગુણો પ્રાપ્ત થાય છે તે સિદ્ધના ગુણો છે. આ કર્મ મુખ્ય રીતે આઠ છે. અને બીજી રીતે જોતાં અનેક છે, પણ તે સઘળાનો સમાવેશ ઉક્ત આઠ કર્મોમાં થાય છે; એ આઠને પરિપૂર્ણ જાણતાં અનેક કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ વગેરેને યથાર્થ જાણી શકાય છે.

## ૪૪.

શ્રીમત્સિદ્ધસેનસૂરિ કહે છે કે

વિધિની જરૂર.

**धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसंध्य**
**माराधयन्ति विधिवद्विधुतान्यकृत्याः ।**
**भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः**
**पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥**

હે ત્રિભુવનનાથ ! હે વિભુ ! તેજ મનુષ્યોને ધન્ય છે કે જે બીજાં કાર્યો છોડીને ભક્તિએ કરી ઉલ્લાસ પામતા એવા રોમાંચથી પોતાના શરીરના ભાગ વ્યાપ્ત કરી આપના ચરણકમલને **વિધિપૂર્વક** ત્રણ કાલે આરાધે છે–સેવે છે.

કોઈ પણ કાર્ય વિધિપૂર્વક અને ભાવપૂર્વક કર્યાથી તેનું ફલ ઉત્કૃષ્ટ આવે છે. તો ચૈત્ય–દેવવંદન કરવાનો વિધિ શાસ્ત્રમાં કહેવા પ્રમાણે સમ્યક્ રીતે સાચવવો જોઈએ.

## ૪૫.

અંગશુદ્ધિ.

પ્રથમ તો દેવમંદિરે અંગ શુદ્ધ રાખી જવું જોઈએ. જે જે સ્થલે મધ્યસ્થ ભાગમાં જિનમંદિર હોય છે ત્યાં તો પોતાને ઘેરથીજ શુદ્ધ, જીવરહિત, અને કાંકરા કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રેળુવાળી જમીન ઉપર જરૂર જેટલા ઉષ્ણ પાણીથી સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર પહેરી, પાદ પ્રક્ષાલનાર્થે જળપાત્ર સાથે લઈ જિનમંદિરે જવું તે અત્યુત્તમ છે; પરંતુ જ્યાં પોતાના ઘરથી જિનમંદિર વધારે દૂર હોય ત્યાં તેમ કરવું તે લોકવિરૂદ્ધ અને શરીરને અપવિત્ર થવાના સંભવવાળું છે, કારણ કે મોટે અને લાંબે માર્ગે જતાં અશુચિનો તેમજ વ્યાવહારિક નીતિને અનુસરતાં મલીન જનોના સંસર્ગનો સંભવ છે. જ્યારે આમ હોય ત્યારે જિનમંદિરે જઈને સ્નાન કરવું યોગ્ય છે.

૪૬.

હવે ચૈત્યવંદનનાં ચોવીશ દ્વાર છે. તેમાંનું પહેલું દશત્રિક (ત્રિક= ત્રણનો સમૂહ) દ્વાર કહીએ. આમાં પ્રથમ ત્રિક (નૈષેધિકી નિસિહિ)ની છે.

૧. નૈષેધિકી ત્રિક—નૈષેધિકી = નિસિહી પ્રથમ દેરાસરે જતાં કહેવી.

દશત્રિક.

નિસિહિ એટલે નિષેધ—સાવદ્ય (પાપસહિત) વ્યાપારનો મન, વચન, અને કાયાથી નિષેધ કરવો.

(૧) ઘરના સાવદ્ય વ્યાપાર નિવર્તાવવા માટે શ્રી જિનમંદિરના અગ્રદ્વારે એકવાર યા મન, વચન, અને કાયાથી નિવર્તવવા ત્રણવાર નિસિહી કહેવી.

(૨) જિનગૃહ એટલે દેરાસરના વ્યાપારથી નિવર્તવારૂપ તેના મધ્યમાં (ગભારામાં) પેસતાં—એકવાર યા મન, વચન, કાયાથી નિવર્તવા ત્રણવાર નિસિહી કહેવી. અહીં દ્રવ્યપૂજાનો સ્વીકાર છે.

(૩) દ્રવ્યપૂજાના વ્યાપારના ત્યાગરૂપ ચૈત્યવંદનના અવસરે એકવાર યા મન, વચન, કાયાથી નિવર્તવારૂપ ત્રણવાર નિસીહી કહેવી. અહીં ભાવપૂજા—સ્તવનાદિકથી એકાગ્રચિત્તથી પઠનનો સ્વીકાર થાય છે.

૨. પ્રદક્ષિણા ત્રિક—ચૈત્યના દક્ષિણભાગથી ચૈત્યને ત્રણ પ્રદક્ષિણા દેવી એટલે ભાવથી એમ સમજવાનું છે કે સંસારના ભ્રમણ ટાળવા માટે શ્રી પ્રતિમાપ્રભુની જમણી બાજુથી અનુક્રમે જ્ઞાન, દર્શન, અને ચારિત્રની આરાધનારૂપ ત્રણ ફેરા ફરવા.

૩. પ્રણામત્રિક—ત્રણ જાતના પ્રણામ કરવા તે.

(૧) અંજલિબદ્ધ પ્રણામ—બે હાથ જોડી અંજલિ કરી પ્રણામ કરવા તે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૨) અર્ધાવનતપ્રણામ–અર્ધા નમેલા એટલે કેડથી શરીર જરા નમાડી તથા માથું, હાથ આદિથી ભૂમિને પગ આદિનો સ્પર્શ કરી પ્રણામ કરવા તે. આમાં ચાર અંગ નમે છે.

(૩) પંચાંગપ્રણામ–એટલે પાંચ અંગ–નામે બે જાનુ, બે હાથ, અને એક માથું નમાડી ખમાસમણ આપી પ્રણામ કરવા તે.

૪. પૂજાત્રિક. ત્રણ જાતની પૂજા.

(૧) અંગપૂજા–શરીરપૂજા–આમાં પ્રથમ સાતવાનાં–નામે મન, વચન, કાય, વસ્ત્ર, પૂજાનાં ઉપકરણો, ભૂમિ એ છની શુદ્ધિ તથા નીતિનું ધન એમ જોઇએ. એ પછી નિર્મલ વસ્ત્ર પહેરી આઠપડો મુખકોશ થાય એવું ઉત્તરાસંગ રાખી પ્રભુના શરીરની પૂજા કરવી જોઈએ. તે શરીરની પૂજા આ પ્રમાણે થાય છે. પહેલાં આશાતના ટાલવા માટે બિંબને–ભગવાનના અંગને મોરપીછીથી કે પુંજણીથી પુંજવા, પછી નવરાવી, અંગ લુહી, વિલેપન કરી, ઘરેણાં પહેરાવી આંગી રચી, ફૂલ ચડાવી, ધૂપ સુગંધ વાસક્ષેપ વગેરેથી પૂજા કરવી.

(અહીંઆ આંગીસંબંધી થોડું બોલવું યોગ્ય થઈ પડશે. પ્રભુની આંગીમાં સુધારો થવાની બહુ જરૂર છે. કેટલેક ઠેકાણે પ્રભુને કોટ, પાટલુન, ખમીશ, વાસકુટ વગેરે પહેરાવાય છે, એ બિલકુલ યોગ્ય નથી. શું પ્રભુને આપણા જેવા બનાવવા માંગીએ છીએ? ખરી રીતે એવો શણગાર પહેરાવવો જોઈએ કે જે જોતાંજ વીતરાગદશા–ગંભીરતા–પ્રૌઢતા એકદમ યાદ આવે. દર્શનની ઘણીજ અસર થાય છે. જેમ એક ક્રોધીને જોતાંજ ક્રોધ ચઢે છે, બલવાનને જોતાંજ બલ સ્ફુરે છે, સૂગ ચઢે એવી વસ્તુ જોતાં સૂગ આવે છે, ખાટી વસ્તુ જોતાંજ મોઢામાં પાણી આવે છે, રોગીને જોતાં ત્રાસ છૂટે છે, પોતાની સ્ત્રીની મૂર્તિ જોઈને કામ વ્યાપ્ત થાય છે, પોતાની માતા, પિતા, કે ગુરૂની છબી જોઈ આનંદ થાય છે અને તેને મન, વચન, અને કાયાએ કરીને નમસ્કાર થાય છે, તેવીજ રીતે પરમેશ્વરને–વીતરાગને જોતાંજ વીતરાગતા થવી જોઈએ. તેમની મૂર્તિ શાંત મુદ્રાવાળી છે અને તેમ હોવાથી તે જોઈને આપણને આનંદ ઉત્પન્ન થાય છે, એટલુંજ નહિ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ તેમના સદ્ગુણોનું અનુકરણ કરવાનું મન થાય છે. વળી આપણે જેમ વધારે ભાવથી વીતરાગ પ્રતિમાને નિરખીએ છીએ, તથા સ્તુતિ, નમસ્કાર, પૂજા આદિ પ્રકારથી તેનું બહુમાન કરીએ છીએ, તેમ તેમ આપણા આત્મામાં સદ્ગુણો ગ્રહણ કરવાની તથા સદાચરણથી ચાલીને મોક્ષ મેળવવાની ઇચ્છાના અંકુરો પ્રગટ થાય છે. પ્રતિમાનું દર્શન કરવાથી, તેની પૂજા કરવાથી, જે ઉત્તમ જીવનું તે પ્રતિબિંબ છે તેના ચરિત્રનું મનન કરવાથી, તથા આપણી જીંદગી પણ તેમના જેવી ધર્મિષ્ઠ, દયાળુ અને પરોપકારી થાય, અને આપણે પણ તેની પેઠે મોક્ષનાં અનંત સુખ મેળવીએ એવી ભાવના ભાવવાથી આપણને કલ્યાણ થાય છે. આ દર્શન પરંપરાએ પરિણામરૂપ છે તેથી તે પરંપરાએ દર્શનથી તેના જેવી સ્થિતિએ પહોંચવાને આપણે લાયક થઈએ છીએ. આ પરથી સમજાશે કે આંગી એવી હોવી જોઈએ કે જે વીતરાગ મુદ્રાનું યથાસ્થિત ભાન કરાવે, અને આપણા કરતાં અનંતગણા ગુણોને તે ધારણ કરનારા છે એવું હૃદયપૂર્વક સમજાય.

હમણાંના લોકો બાહ્ય આડંબરમાંજ મોહી રહ્યા છે. ઘેર આવીને વીતરાગ મુદ્રાનાં વખાણ એક કોર રહ્યાં, પરંતુ આંગીનાંજ વખાણ આપણે સાંભળીએ છીએ અને તે આવી રીતે કે 'ઓહો ! આંગી કેવી સરસ હતી ! હાર કેવો સુંદર લીલમનો હતો ! ઘડીઆળ કેવું શોભતું હતું !' આમ થવાથી મૂલ વસ્તુ ભૂલી જવાય છે, અને ચિત્તને વીતરાગ મુદ્રાથી પ્રાપ્ત થનારા ગુણ નામે સ્થિરતા, શાંતિ અને સમભાવ પ્રાપ્ત થતાં નથી; અને જો તે પ્રાપ્ત ન થાય તો સમજવું કે આપણા દર્શનમાં કાંઈ ખામી છે; અને આ ખામી દૂર કરવાનું આપણું કર્ત્તવ્ય છે.)

(૨) અગ્રપૂજા—ધૂપ, દીવો, નૈવેદ્યાદિ ભગવાનની આગળ મૂકી આરતી, ઘંટ, ચોખા આદિ સાહિત્યોથી પૂજા કરવી તે.

(૩) ભાવપૂજા—ભાવસહિત સ્તુતિ, સ્તવન, ચૈત્યવંદન વગેરે બોલી ચામર વગેરે ઢાળવાથી થતી પૂજા તે.

કહ્યું છે કેઃ—

ભાવે ભાવના ભાવીએ ભાવે દીજે દાન,
ભાવે જિનવર પૂજીએ ભાવે કેવલજ્ઞાન.

કાર્યની સફલતાનો આધાર ભાવના ઉપર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાવના એટલી બધી ઉંચ હોવી જોઈએ કે તે ભાવના પાસે સ્વર્ગાદિકનાં સુખો તૃણ સમાન ભાસે.

૫. અવસ્થા ત્રિક–ભગવંતની ત્રણ અવસ્થા છે, તે ત્રણે ભાવવાની છે.

(૧) પિંડસ્થ અવસ્થા–તીર્થંકરના શરીરની અવસ્થા–આ તીર્થંકર નામ કર્મ બાંધ્યું ત્યારથી કેવલજ્ઞાન થાય ત્યાંસુધીની છદ્મસ્થ અવસ્થા છે.

આ અવસ્થાના ત્રણ ભેદ છે.

અ. જન્માવસ્થા–આ અવસ્થા નવરાવવું, પ્રક્ષાલન કરવું, અંગ લુહવું વગેરે ક્રિયા કરતાં ભાવવાની છે.

આ. રાજ્યાવસ્થા–કેસર, ચંદન, ઘરેણાં ચઢાવતી વખતે તથા આંગી રચવી, માલા પહેરાવવી એ વખતે ભાવવાની છે.

ઈ. શ્રમણાવસ્થા–ભગવંતના કેશ આદિ રહિત મસ્તકાદિ ( સાધુ જેવા ) જોઇને ભાવવાની છે.

(૨) પદસ્થ અવસ્થા–પદ એટલે તીર્થંકર પદ–કૈવલ્યજ્ઞાન તે મોક્ષ ગયા સુધીની કેવલી અવસ્થા. પ્રભુનો આઠ મહા પ્રાતિહાર્ય અને ચાર અતિશય સહિત જોઈને આ ભાવવાની છે.

(૩) રૂપાતીત અવસ્થા–રૂપવગરની એવી સિદ્ધપણાની અવસ્થા–( જ્યાં પુદ્‌ગલનાં પરમાણુ હોય ત્યાં રૂપ હોય; પરંતુ સિદ્ધને પરમાણુમાત્ર નથી તેથી તે અરૂપી કહેવાય છે ). આ અવસ્થા પ્રભુને પર્યંકાસને ( પલાંઠીમાં ) કાયોત્સર્ગ ( કાઉસગ્ગ ) કરતાં જોઇને ભાવવાની છે. આવી અવસ્થામાં અપૂર્વશાંતિ પ્રગટે છે અને તેથી ઘણા તીર્થંકરો આ કાઉસગ્ગ મુદ્રામાં મોક્ષે ગયા છે.

૬. દિશા ત્રિક–ત્રણ દિશા–નામે ઊર્ધ્વ–ઉંચી, અધો–નીચી, અને તિર્યક્–તીર્છી–આડી અવળી છોડી દઈ ફક્ત જિનમુખ ઉપરજ દૃષ્ટિ રાખી એકાગ્રતા કરવી. આ ત્રિકનું આખું નામ ત્રિદિશિનિરીક્ષણવર્જન ત્રિક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૭. પદભૂમિપ્રમાર્જન ત્રિક–એટલે ચૈત્યવંદનાદિક કરતાં પગ મૂકવાની ભૂમિનું ત્રણ વાર પ્રમાર્જન (જીવ રક્ષાને અર્થે ગૃહસ્થે વસ્ત્રના છેડાથી અને સાધુએ રજોહરણથી પુંજવું) તે.

૮. આલંબન ત્રિક–આલંબન=આશ્રય, આધાર. તે ત્રણ છે.

(૧) વર્ણાલંબન–નમુથ્થુણં વગેરે સૂત્ર બોલતાં અક્ષરો શુદ્ધ, ન્યૂનાધિકતા રહિત, અને યથાસ્થિત બોલવા તે.

(૨) અર્થાલંબન–તે સૂત્રના અર્થ હૃદયમાં ભાવવા તે.

(૩) પ્રતિમાલંબન–જિન પ્રતિમા, ભાવ અરિહંત, આદિનું સ્વરૂપ ધારવું તે.

૯. મુદ્રાત્રિક–

(૧) યોગમુદ્રા–બે હાથની દશે આંગળીઓ માંહો માંહે મેળવી કમલના કોષ–ડોડાના આકારે હાથ જોડી પેટ ઉપર કોણી રાખી રહેવું તે. આ મુદ્રાએ પંચાંગ પ્રણિપાત (ઈચ્છામિ ખમાસમણ), અને સ્તવનાદિક કરવાં.

(૨) જિનમુદ્રા–જિનભગવાન્ કાઉસગ્ગમાં રહે છે તેથી તેની મુદ્રા એટલે બે પગના આંગળાના વચમાં આગળથી ચાર આંગળનું અને પાછળથી કાંઈક ઓછું અંતર રાખી કાઉસગ્ગ કરવો તે. આ મુદ્રાએ વાંદણાં તથા અરિહંત ચેઈઆણ આદિ કાઉસગ્ગ કરવાના છે.

(૩) મુક્તાશુક્તિમુદ્રા–મોતીની છીપ જેવી મુદ્રા એટલે બે હાથ સરખા ગર્ભિતપણે ભેગા કરી કપાળના મધ્યભાગમાં લગાડવા તે. આ મુદ્રાએ જયવિયરાય આદિ કહેવું.

૧૦. પ્રણિધાન ત્રિક–

(૧) ચૈત્યવંદનરૂપ–જાવંતિ ચેઈઆઈ એ ગાથાથી.

(૨) ગુરૂવંદનરૂપ–જાવંત કેવિ સાહૂ એ ગાથાવડે.

(૩) પ્રાર્થનાસ્વરૂપ–જયવીયરાય કહેવાથી

અથવા મન, વચન, અને કાયાનું એકાગ્રપણું કરવું એ ત્રણ પ્રણિધાન જાણવાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૪૭.

અભિગમ. અભિ–સન્મુખ. ગમ–જવું. ચૈત્યાદિકમાં જવાનો-પ્રવેશ ક-રવાનો વિધિ.

આ પાંચ પ્રકારે છે.

(૧) ફુલ ફલાદિ સચિત્ત વસ્તુને તજવી.

(૨) નાણું, વસ્ત્ર, આભૂષણ આદિ અચિત્ત વસ્તુને અણ-છાંડવી.

(૩) મનની એકાગ્રતા રાખવી.

(૪) ઉત્તરાસંગ એકવડું અને બંને છેડા સહિત રાખવું.

(૫) અંજલિબદ્ધ પ્રણામ જિનેશ્વરને દૂરથી જોઈ કરવો, અને કહેવું કે 'નમો જિણાણં.'

૪૮.

દ્વિદિશા. એટલે પુરૂષોએ જિનેશ્વરની જમણી દિશાએ રહી અને સ્ત્રીઓએ ડાબી દિશાએ રહી વંદન કરવું.*

૪૯.

અવગ્રહ. (૧) જઘન્ય અવગ્રહ–જિનેશ્વરથી ૯ હાથ વેગળા રહી ચૈત્યવંદના કરવી તે.

(૨) મધ્યમ અવગ્રહ–નવ હાથથી વધારે અને સાઠ હાથથી અંદર રહી વંદના કરવી તે.

(૩) ઉત્કૃષ્ટ અવગ્રહ–સાઠ હાથ દૂર રહી વંદના કરવી તે.

૫૦.

વંદના. (૧) જઘન્યવંદના–નવકારઆદિ શ્લોકથી વંદના કરવી તે.

(૨) મધ્યમ વંદના–નવકાર, શક્રસ્તવ કહી ઉભા થઇને અરિહંત ચેઇયાણં કહી કાઉસગ્ગ કરી સ્તુતિ કહેવી તે.

* હાલ આ ક્રમ સમવાતો નથી તેથી વૈષ્ણવની હવેલી જેવી ધમાલ શાંતિગૃહ (જિનમંદિર) માં થાય છે, તે ન થવી જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૩) ઉત્કૃષ્ટ વંદના–તે–પાંચ નમુથ્થુણું, આઠ સ્તુતિ અને ત્રણ પ્રણિધાન નામે જાવંતિ ચેઈયાણું, જાવંતિ કેવિ સાહુ અને જયવીયરાયથી વંદના કરવી તે.

**૫૧.**

પ્રણિપાત. પ્રણિપાત એટલે પ્રકર્ષે કરી ભક્તિ બહુમાનપૂર્વક નમવું તે. આ પંચાંગે એટલે બે જાનુ–ઢીંચણ, બે હાથ અને એક મસ્તક ભૂમિને લગાડી થાય છે અને તે ખમાસમણ આપતાં લગાડાય છે.

**૫૨.**

નમસ્કાર. એક, બે એમ માંડીને એકસો સાઠ સુધી નવકાર ગણવાથી નમસ્કાર થાય છે તે.

**૫૩,**

નવકાર પ્રમુખ નવ સૂત્રો. ૧. પંચમંગલ મહાશ્રુતસ્કંધ–નમસ્કાર એટલે નવકાર સૂત્ર.

| | | |
|---|---|---|
| ૨. | પ્રણિપાત. | ઇચ્છામિ ખમાસમણ સૂત્ર. |
| ૩. | પ્રતિક્રમણ શ્રુતસ્કંધ– | ઇરિયા વહિયાનું સૂત્ર. |
| ૪. | શક્રસ્તવ. | નમોથ્થુણં સૂત્ર. આમાં જિયભયાણં સુધી ભાવતિર્થંકરને અને જે અઈઆ સિદ્ધા એનાથી આગળ થનાર દ્રવ્ય જિનને વાંદવાના છે. |
| ૫. | ચૈત્યસ્તવઃ | અરિહંત ચેઇયાણું સૂત્ર. આથી ચૈત્યની સર્વ પ્રતિમાને વાંદવાની છે. |
| ૬. | નામસ્તવ. | લોગસ્સ સૂત્ર. આથી ઋષભાદિક ૨૪ જિનને વાંદવાના છે. |
| ૭. | શ્રુતસ્તવ. | પુખરવરદીનું સૂત્ર. આની પહેલી ગાથાથી શ્રી સીમંધર સ્વામી વિચરતા ભાવજિનને વાંદવાના છે. અને તમતિમિરપડલ ત્યાંથી શ્રુતજ્ઞાનને વાંદવાનું છે. |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | | |
|---|---|---|
| ૮. | સિદ્ધસ્તવ. | સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર. આથી તીર્થ અતીર્થ આદિ પંદર સિદ્ધને વાંદવાના છે. |
| ૯. | પ્રણિધાન ત્રિક. | જાવંતિ ચેઈયાઈ, જાવંત કેવિ સાહૂ અને જયવીયરાય. આથી વીર, નેમિનાથ, ૨૪ જિનપ્રતિમા, સમ્યગ્દૃષ્ટિ દેવતા આદિને વાંદવાના છે. |

આમાંના ૫ થી ૮ એ પંચદંડક કહેવાય છે.

આ ગ્રંથમાં જેટલી જેટલી ચૈત્યગૃહમાં કરવાની ક્રિયા કહી તે સર્વને સફલ કરવાને ચૈત્યગૃહમાં આશાતના દૂર કરવી જોઈએ.

૫૪.

આશાતના. (આય = લાભ + શાતના–ખંડના) જ્ઞાન, દર્શન, ચારિત્રના લાભની ખંડના કરવી.

આ આશાતના જઘન્યથી દશ પ્રકારની (કે જે મોટામાં મોટી છે) છે, મધ્યમથી ૪૨ પ્રકારની છે, અને ઉત્કૃષ્ટથી ૮૪ આશાતના છે.

જઘન્યથી દશ પ્રકારની આ પ્રમાણેઃ—

૧. તાંબૂલ–સોપારી, નાગરવેલનાં પાન આદિ ખાવું.
૨. પાન–પાણી પીવું તે.
૩. ભોજન–કરવું તે.
૪. ઉપાનહ–મોજડી, પગરખાં પહેરવાં તે.
૫. મૈથુન–કામચેષ્ટા કરવી તે.
૬. શયન–સુવું તે.
૭. થૂંકવું–શ્લેષ્મ નાંખવું તે;
૮. મૂત્ર–લઘુનીતિ કરવી તે.
૯. ઉચ્ચાર–વડી નીતિ કરવી તે.
૧૦. જુગટે રમવું તે.

મધ્યમ પ્રકારે ૪૨ આશાતના આ પ્રમાણેઃ—

૧–૧૦. ઉપર જણાવેલી છે.
૧૧. જુગટું આદિ જોવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૨. પલાંઠી વાળવી.
૧૩. પગ પ્રસારવા.
૧૪. પરસ્પર વિવાદ.
૧૫. પરિહાસ.
૧૬. મત્સર.
૧૭. સિંહાસન પરિભોગ.
૧૮. કેશ શરીર વિભૂષા.
૧૯. છત્ર રાખવું.
૨૦. ખડ્ગ ,,
૨૧. મુકુટ રાખવો.
૨૨. ચામર રાખવાં.
૨૩. ધરણું કરવું એટલે કોઇ કારણમાટે (સંઘ ઉપર) લાંઘણ કરવી
૨૪. હાસ્યાદિ વિલાસ પરિહાસ.
૨૫. વિટ સાથે પ્રસંગ કરવો (અન્ય પુરૂષ સાથે).
૨૬. મુખકોશ ન કરવો.
૨૭. મલિન શરીર રાખવું.
૨૮. મલિન વસ્ત્ર પહેરવું.
૨૯. અવિધિથી પૂજા કરવી.
૩૦. મનનું એકાગ્રપણું ન રાખવું.
૩૧. સચિત્ત દ્રવ્ય બહાર ન મૂકી આવવું.
૩૨. ઉત્તરાસંગ ન કરવું.
૩૩. અંજલિ ન કરવી.
૩૪. અનિષ્ટ પૂજોપકરણ રાખવાં.
૩૫. હીનકુસુમાદિ ,, ,,
૩૬. અનાદર કરવો.
૩૭. જિનેશ્વરના પ્રત્યનિક–શત્રુભાવે વર્તનારાને વારવો નહિ.
૩૮. ચૈત્ય દ્રવ્ય ખાવું.
૩૯. ચૈત્ય દ્રવ્યની ઉપેક્ષા કરવી.
૪૦. છતી શક્તિએ પૂજા, વંદન આદિમાં મંદતા કરવી.
૪૧. દેવદ્રવ્ય આદિ ખાનાર સાથે વ્યાપાર, મૈત્રી; કરવી.
૪૨. ,, ,, ને વડા (શેઠીઆ) કરવા, તેની આજ્ઞા માનવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉત્કૃષ્ટ પ્રકારે ૮૪ પ્રકારની આશાતના છે તેમાં ઉપલી જઘન્ય દશ અને મધ્યમ કે જેમાં જઘન્ય દશ સમાઈ જાય છે તે ૪૨ એક યા બીજી રીતે આવી જાય છે; છતાં આમ ત્રણ પ્રકારે વર્ગ પાડી આપવાનું કારણ એ છે કે તેનો ક્રમ છે. આ ઉત્કૃષ્ટ પ્રકારની ચોરાશી આશાતના ન થાય એવું વર્તન ન બની શકે તો મધ્યમ બેતાલીસ આશાતના વર્જવાની છે, તે પણ જો બની ન શકે તો જઘન્ય જે દશ મોટામાં મોટી છે તે તો અવશ્ય વર્જવાની છે. હવે ૮૪ પ્રકારની આશાતના કઈ તે જણાવીએ છીએ:—

૧. ખેલશ્લેષ્મ એટલે બળખા આદિ નાંખવા.
૨. જુગટું આદિ ક્રીડા.
૩. કલહ.
૪. ધનુર્વેદ આદિ કલા.
૫. કોગળા નાંખવા.
૬. પાનસોપારી ખાવી.
૭. પાન આદિના કૂચા નાંખવા.
૮. ગાળો દેવી.
૯. ઝાડે કે પેશાબ જવું.
૧૦. નાવું.
૧૧. વાળ ચોળવા.
૧૨. નખ કાઢવા.
૧૩. લોહી માંસ વગેરે નાંખવું.
૧૪. શેકેલાં ધાન્ય વગેરે ખાવાં.
૧૫. ચામડી વગેરે નાંખવું.
૧૬. ઓસડ ખાઈ ઉલટી કરવી.
૧૭. ઉલટી કરવી.
૧૮. દાતણ કરવું.
૧૯. વીસામણ કરાવવો દાખલા તરીકે પગ ચંપાવવા.
૨૦. બકરી ગાય ભેંસ ઘોડા હાથી બાંધવા.
૨૧–૨૭. દાંત, આંખ, નખ, ગંડસ્થલ, નાક, કાન, માથા આદિ સર્વનો મેલ નાંખવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨૮. સૂવું.
૨૯. મંત્ર, ભૂત, રાજા વગેરેનો વિચાર કરવો.
૩૦. વૃદ્ધ પુરૂષના સમુદાયમાં આવી મળવું, એટલે વિવાદ અર્થે તેથી વાદવિવાદ કરવો.
૩૧. નામાં લેખાં કરવાં.
૩૨. ધન વગેરેની વહેંચણી કરવી.
૩૩. પોતાનો દ્રવ્યભંડાર ત્યાં સ્થાપવો.
૩૪. પગઉપર પગ ચઢાવી બેસવું.
૩૫. છાણાં થાપવાં.
૩૬. કપડાં સૂકવવાં.
૩૭. દાલ વગેરે ઉગાડવું.
૩૮. પાપડ વણવા.
૩૯. વડી, શીરાવડી વગેરે કરવી.
૪૦. રાજા વગેરેના ભયથી દેરાસરમાં સંતાઈ જવું.
૪૧. દિલગીરીથી–શોકથી રહવું.
૪૨. વિકથા કરવી.
૪૩. બાણ, તરવાર વગેરે હથીઆર ઘડવાં કે સજવાં.
૪૪. ગાય ભેંસ રાખવી.
૪૫. તાપણી તાપવી.
૪૬. અન્નાદિ રાંધવું.
૪૭. નાણું પારખવું.
૪૮. અવિધિથી નિસિહિ કહ્યા વિના દેરાસરમાં જવું.
૪૯–પર. છત્ર, પગરખાં, હથીઆર, ચામર—આ ચાર સાથે લઈ પ્રવેશ કરવો.
૫૩. મનને ચંચલ રાખવું.
૫૪. તેલ વગેરે શરીરે ચોપડવું.
૫૫. સચિત્ત પુષ્પફલાદિક બાહેર ન મૂકવાં.
૫૬. અજીવ વસ્તુ જે હાર, વીંટી, કપડાં વગેરે બહાર મુકી શોભા વિનાના થઈ દેરાસરમાં દાખલ થવું.
૫૭. ભગવંતને જોતાંજ હાથ ન જોડવા,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫૮. ઉત્તરાસંગ ન રાખવું.
૫૯. મુગટ મસ્તકે ધરવો.
૬૦. બોકાનું મુખ આદિ પાઘડી પર હોય તે ન છોડવું.
૬૧. ફુલના હાર તોરા માથેથી ન મૂકી દેવા.
૬૨. હોડ પાડવી એટલે સરત બકવી.
૬૩. ગેડીદડે રમવું.
૬૪. પ્રાહુણ (પરોણા) આદિને જુહાર કરવો.
૬૫. ભાંડ, ભવૈયાની રમત કરવી.
૬૬. હુંકારે કોઈને બોલાવવો.
૬૭. લેવા દેવા આશ્રયી ધરણું માંડવું–લાંઘણ કરવી.
૬૮. રણસંગ્રામ કરવો.
૬૯. માથાના વાળ જુદા કરવા કે માથું ખણવું.
૭૦. પલાંઠી વાળીને બેસવું.
૭૧. ચાખડીએ ચડવું.
૭૨. પગ પસારીને બેસવું.
૭૩. પીપુડી કે સીટી બજાવવી (ઈશારા વિગેરે માટે.)
૭૪. પગનો મેલ કાઢવો.
૭૫. કપડાં ઝાટકવાં.
૭૬. માંકડ, જુ આદિ વીણીને નાંખવાં.
૭૭. મૈથુનક્રિડા કરવી.
૭૮. જમણ કરવું.
૭૯. વેપાર–લેવું દેવું, વેચવું કરવું.
૮૦. વૈદું કરવું.
૮૧. પથારી, ખાટલો ખંખેરવો.
૮૨. ગુહ્ય ઇંદ્રી ઉઘાડવી કે સમારવી.
૮૩. મુક્કાબાજી તથા કુકડા વગેરેનું યુદ્ધ કરાવવું.
૮૪. ચોમાસામાં પાણી સંઘરવું, તેથી સ્નાન કરવું અને પીવાને માટે પાણીનાં પાત્ર રાખવાં.

આ આશાતના કેટલીક દર્શન કરતાં અને કેટલીક પૂજા કરતાં વર્જવાની છે. આ ઉત્કૃષ્ટપણે ૮૪ આશાતના જિનભુવનમાં વર્જવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેટલાએક આશાતના ટાળવા જતાં પોતેજ આશાતના કરનારા બને છે, જેમકે કોઈ બરાબર ચૈત્યમાં કામ ન કરતો હોય તો જિનમંદિરમાં તેને ગાળાગાળી અપાય છે, મારામારી થાય છે, અને ક્રોધથી ગમે તેમ બોલી જવાય છે, તો તે ખાસ ધ્યાનમાં લઇ ઉપરની આશાતના વર્જવામાટે મનન કરવાની છે.

૫૫.

અવિધિથી કરવું તેના કરતાં ન કરવું સારૂં?


કોઈ એમ કહે કે અવિધિએ પૂજા કરવી તે કરતાં ન કરવી તે સારૂં. તો આને શિખામણરૂપે ઉત્તર આપવાનો કે તે વાક્ય ઉત્સૂત્ર છે કારણ કે જિનપૂજાદિ ક્રિયા ન કરવાથી આત્મા ભારે કર્મી થાય છે, અને કરવાથી લઘુ કર્મી થાય છે. માટે ધર્મક્રિયા હંમેશાં કરવી અને તેમાં પણ તે પોતાની સર્વ શક્તિથી વિધિપ્રમાણે કરવાનો યત્ન રાખવો. શાસ્ત્રમાં કહ્યું છે કે 'વિધિયોગને ધન્ય છે, નિરંતર વિધિપક્ષના આરાધકને ધન્ય છે, વિધિનું બહુમાન કરનારાને ધન્ય છે અને વિધિપક્ષને દૂષણ ન લગાડનારાને ધન્ય છે.'

આતો સર્વને અનુભવ થયો હશે કે સાંસારિક કાર્યો જેવાં કે વેપાર કરવો, ભોજન કરવું, ખેતી કરવી, ઔષધ ખાવું, આદિ વિધિપૂર્વક કર્યાથી સારૂં ફળ આપે છે, તો આ દેવસેવા, દેવપૂજા આપણા મહર્ષિઓપ્રણીત વિધિપૂર્વક કર્યાથી અવશ્ય ઉત્તમ ફળ આપે એમાં શું આશ્ચર્ય!

૫૬.

સ્વતિક એટલે સાથીઓ.

આ સાથીઓ નીચેના આકારમાં જિનમંદિરે ચોખાથી અથવા મોતીથી પૂરવામાં આવે છે.



આ ઘણો ગંભીર તેમજ ઘણોજ મનનીય અર્થસૂચક છે. સ્વસ્તિકનાં ચાર પાંખડાં તે ચાર ગતિ નામે મનુષ્ય, દેવ, તિર્યંચ અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નારકીને સૂચવે છે. તેની ઉપરના ત્રણ બિંદુ તે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયની સૂચના કરે છે. અર્ધચંદ્રકાર ચિહ્ન તે ઊર્ધ્વસ્થાન સિદ્ધશિલા.—મુક્તિસ્થાન સૂચવે છે. તેમાં રહેલ બિંદુ સિદ્ધસ્વરૂપ પુંજ સૂચવે છે. આ સ્વસ્તિક પૂરીને એ માગવાનું છે કે હે ત્રૈલોક્યનાથ! આ ચાર ગતિમાંથી મને મુક્ત કરી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયનું દાન દઈ મોક્ષસ્થાન પામવા શક્તિમાન કરો.

૫૭.

પૂજા.

આપણો અહીં પ્રસ્તુત વિષય શ્રી જિનદેવદર્શનનો છે, છતાં તેમાં જિનદેવના દર્શન સાથે પૂજનનો સામાન્ય પ્રકાર અંતર્ગત થાય છે, તેથી આપણે શ્રી જિનપૂજનનું દિગ્દર્શન તેનાં ફલ, હેતુ, અને ભેદ સાથે સામાન્ય પ્રકારે કરીએ.

પ્રભાતે શું કરવું જોઇએ? પૂજન. તેમાટે શ્રીમાન્ **આનંદઘનજી** સ્તવે છે કે,

> સુવિધિ જિણેસર પાય નમિને, શુભ કરણી એમ કીજે રે
> અતિઘણો ઉલટ અંગ ધરીને,પ્રહ ઉઠી પૂજીજે રે—સુવિધિ૦ ૧

અર્થ—અહો ભવ્યો! શ્રી સુવિધિ જિનેશ્વરનાં ચરણકમલને નમીને શુભ કરણી કરો, અતિશય ઉત્સાહ, હર્ષ ધરીને પ્રભાતમાં ઉઠીને અન્ય સર્વ સંસારી કામો કર્યાં પહેલાં જિનપૂજનરૂપ શુભ કરણી કરો.

તે પૂજનમાં સાચવવાની વિધિ બતાવે છેઃ—

> દ્રવ્યભાવ શુચિભાવ ધરીને, હરખે દેહરે જઇએ રે,
> દહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઇએરે-સુ.૨.

જે જે વખતે પૂજા કરવી તે તે વખતે પ્રથમ નિર્મલ જલથી સ્નાન કરવું (અંગશુદ્ધિ કરવી. જુઓ પૃ. ૩૪.) શુદ્ધ વસ્ત્ર પહેરવા —આ દ્રવ્યશુચિ કહેતાં દ્રવ્ય પવિત્રતા કરવી; આની સાથે ભાવશુચિ પણ હોવી જોઇએ. દ્રવ્ય ભાવની પવિત્રતાથી સાડાત્રણ કરોડ રોમરાજી વિકસ્વર થતાં નિસ્સિહિ પ્રમુખ દશત્રિક (જુઓ પૃ. ૩૫.) અને પાંચ અભિગમ (જુઓ પૃ. ૪૦.) કહ્યા છે તે સર્વ રીત સાચવતાં હર્ષભર હૈયે જિનમંદિર જઇએ; ત્યાં જઈ પ્રથમ તો માત્ર પૂજા કરવાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિષેજ મનની એકાગ્રતા કરવી, અર્થાત્ અન્ય સર્વ કાર્યથી સર્વ પ્રકારે મનની નિવૃત્તિ કરવી. આવીરીતે તન્મય થઈ પૂજારૂપ શુભ કરણી કરવી.

પૂજાના ત્રણ ભેદ છે. ૧ અંગપૂજા. ૨ અગ્રપૂજા. ૩ ભાવપૂજા. તેમાંની પ્રથમ અંગપૂજાના પાંચ ભેદ કહે છે:—

કુસુમ ન્હવણ વર વાસ સુગુરૂ, ધૂપ દીપ મન સાખી રે,
અંગપૂજા પણ ભેદ સુણી એમ, ગરૂ મુખ આગમ ભાખીરે—સુ. ૩.

૧. કુસુમ—પુષ્પપૂજા—મોગરો, ચંએલી, ગુલાબ પ્રમુખ, ૨. ન્હવણ—સ્નાનપૂજા તે ગંગાજલ પ્રમુખ, ૩ વર—પ્રધાન વાસ સુગંધી એટલે ચંદન પૂજા તેમાં કસ્તુરી, બરાસ, અંબર પ્રમુખ, ૪ ધૂપ તે તે અગર, દશાંગધૂપ પ્રમુખ, ૫ દીપક પૂજા તે ઘી તથા સૂતરની બત્તિયુક્ત. આ સર્વ મનની એકાગ્રતાએ સાર્થક છે અને તે વિના નિરર્થક છે. આ અંગપૂજા* પણ પાંચ ભેદે જેમ આગમમાં કહી છે, તેમજ ગુરૂમુખથી શ્રવણ કરી છે.

પૂર્વોક્ત અંગપૂજાનું ફલ કહે છે.

એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્ત પ્રસન્ની, સુગતિ સુગતિ સુરમંદિર રે—સુ. ૪.

ફલ બે પ્રકારનું છે. ૧ અનંતર, અને ૨ પરંપર. અનંતર એટલે આંતરારહિત ફલ એ છે કે પૂજામાં તદાકાર વૃત્તિએ સ્વામિ સેવકના સંબંધથી પ્રવર્તે, પરમેશ્વરની આજ્ઞા લોપે નહિ, વળી ચિત્ત પ્રસન્ન રહેવાની પ્રવૃત્તિથી આજ્ઞાપાલનરૂપ ફલની પ્રાપ્તિ થાય. પરંપરા ફલતો એ છે કે આજ્ઞા સહિત પૂજન કરનારને મુક્તિ તથા સુગતિ એટલે ઉત્તમ મનુષ્ય ગતિ, અને સુરમંદિર અર્થાત્ દેવભુવન પ્રાપ્ત થાય. આમાં પણ મુક્તિ ભાવની વિશેષતા એ છે, પરંતુ જો ભવસ્થિતિની પરિપકવતા થઈ ન હોય તેથી તેવા ભાવની નિર્મલતા ન હોય તોપણ મનુષ્ય તથા દેવની ઉત્તમ ગતિ પામે.

હવે અગ્ર પૂજા નામનો બીજો ભેદ વર્ણવે છે.

ફૂલ અક્ષત વર ધૂપ પઇવો, ગંધ નૈવેદ્ય ફલ જલ ભરી રે;
અંગ અગ્રપૂજા મલિ અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરી રે. સુ. ૫

* ન્હવણ, ચંદન, પુષ્પ, અલંકાર એટલાંને પણ કેટલાક અંગપૂજા કહે છે કેટલાક ધૂપને અંગપૂજામાં ગણેછે અને કેટલાક નથી ગણતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપર કહેલ અંગપૂજાના પાંચ પ્રકાર નામે ૧ ન્હવણ ૨ ચંદન ૩ પુષ્પ ૪ ધૂપ ૫ દીપ સાથે, અગ્રપૂજાના ત્રણ ભેદ નામે ૧ અક્ષત તે શુદ્ધ તંદુલ. ૨ નૈવેદ્ય તે સાકર પ્રમુખ. ૩ ફલ તે સોપારી પ્રમુખ મેળવતાં આઠ ભેદ છે. આ ભવ્યજીવ ભાવસહિત કરવાથી શુભગતિ કેહેતાં મોક્ષને પ્રાપ્ત કરે છે.

આવીરીતે અષ્ટપ્રકારી જે દ્રવ્યપૂજા તે ઉપર કહી ગયા. હવે ૨૦ હેલી ભાવનાઓ ટુંકમાં કહેવાની જરૂર છે, તેથી આપણે તે કહીએઃ–

## ૫૮.

### અષ્ટપ્રકારી દ્રવ્યપૂજામાં ભાવના.

**જલપૂજા.**

પ્રભુનું ન્હવણ કરતાં પૂજકે એ ભાવના ભાવવાની છે કે 'હે પ્રભુ! જેમ જલપ્રક્ષાલનથી આ બાહ્ય મલનો નાશ થાય છે તેમ મારા આત્મા સાથે રહેલ કર્મમેલ નાશ થાઓ!'

દ્રવ્યપૂજામાં ભાવના.

નોટ–જલપૂજા પંચામૃતથી કરવી જોઇએ. ગાયનાં દૂધ, દહીં અને ઘી, તથા પાણી અને સાકર એ પાંચ વસ્તુથી પંચામૃત થાય છે.

**ચંદનપૂજા.**

ચંદનમાં જે શીતલતા રહી છે, તેજ શીતલ ગુણ આપના મુખમાં રહ્યો છે, અને તેવી શીતલતા આત્મામાં પ્રાપ્ત કરવા અર્થે હું ચંદનપૂજા કરૂં છું.

નોટ–શાસ્ત્રમાં જ્યાં વાંચીએ છીએ ત્યાં દરેક ઠેકાણે ચંદનપૂજા એવું નામ આવે છે. તેનો હેતુ શ્રી **વી**રવિજયજી મહારાજે સ્વરચિત પૂજાઓમાં ઠેકાણે ઠેકાણે આત્મશીતલતા પ્રાપ્ત કરવાનું બતાવ્યું છે. હાલમાં કેસરપૂજા મુખ્ય થઈ ગઈ છે અને ચંદનપૂજાનું ગૌણત્વ સ્વીકારાય છે. કેસરમાં ઉષ્ણતાનો ગુણ છે અને ચંદનમાં શીતલતાનો ગુણ છે એ સૌ માન્ય રાખે છે; આથી સમજાશે કે કેસરપૂજા મુખ્યરીતે આજકાલ પ્રચારમાં વિશેષપણે આવવાથી જિનપ્રતિમામાં ઉષ્ણતાના ગુણને લીધે ખાડા વિગેરે પડેછે, અને તેથી કેટલીક વખત પ્રતિમાની અંગપૂજા કરી તેપર રૂપાનું ખોભરૂં ચડાવી દેવામાં આવેછે; અને આથી કેસરપૂજા, આ ખોભરાપર કરવી પડે છે; તો આ ઉપ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રથી ફલિતાર્થ એ કે ચંદનપૂજા મુખ્ય હોવી જોઇએ, અને કેસરપૂજા ગૌણ રાખવી ઘટે છે. કેસરપૂજા ગૌણ આ રીતે કે શાસ્ત્રમાં લખેલું છે કે ચંદનને વિશેષ સુગંધી બનાવવામાટે તેમાં કેસર, કસ્તૂરી, બ. રાસ, અંબર વિગેરેનું મિશ્રણ કરવું, પરંતુ ચંદનની વિશેષતા–મુખ્યતા રાખવી જોઇએ; અને કેસર ગૌણરીતે વાપરતાં શુદ્ધ હોવું ઘટે છે અને તેથી આજકાલ આવતા અપવિત્ર કેસરની બારીકાઈથી પરીક્ષા કરી તેનો ત્યાગ કરવો ઘટે છે.

**પુષ્પપૂજા.**

પુષ્પનું નામ સુમનસ્ છે, સુમનસ્નો બીજો અર્થ સુંદર–શુદ્ધ મન થાય છે અને પુષ્પમાં સુગંધનો ગુણ રહેલો છે; તો પુષ્પપૂજા કરતાં એ ભાવવાનું છે કે "હે પ્રભુ! આ સુમનસ્ અર્પી એ ઇચ્છુંછું કે મારૂં મન સુંદર–શુદ્ધ બનો, અને તેમાં જેવીરીતે દ્રવ્યસુગંધ રહી છે તેવીરીતે મારા મનમાં ભાવસુગંધ પ્રગટો !"

નોટ—જે જે સામગ્રી પ્રભુને ચડાવાય, પ્રભુપાસે મૂકાય તે તે સામગ્રી શુદ્ધ હોવી જોઇએ એ સૌ કોઈ કબૂલ કરશે. પુષ્પો શુદ્ધ હોવાં જોઈએ એટલે વાસી ન હોવાં જોઇએ, તેમ તે સુગંધી, સુંદર અને સારાં તથા પાંખડી છૂટી કર્યાં વગરનાં આખાં હોવાં જોઈએ; આજકાલ પુષ્પો વેચાતાં લઈ ચડાવવામાં આવે છે તેથી તેમાં ઉપરનો વિવેક રહેતો નથી. સવારના વ્હેલાં લઈ આવી વેચનારા માલીઓ પ્રાયઃ રાતનાં પુષ્પો રાખેછે, તેથી તે વાસી હોય છે, વળી કેટલીક વખત તેઓ પુષ્પની માળા કરતી વખતે દોરો પગમાં રાખે છે, અને તેથી મલીન થયેલો દોરો પ્રભુપર ચડે છે, તો ટુંકમાં એ કહેવાનું કે વાસી ન હોય તેવાં, આખાં, સુગંધી પુષ્પો હોવાં જોઇએ અને આશાતના ન થવી જોઇએ. આની સાથે બીજું એ વિચારવાનું છે કે કેટલીક વખત આગળ જે સુંદર પુષ્પો પ્રભુને પૂજા કરતાં ચડાવ્યાં હોય, તે બીજો નવો પૂજક પોતાનાં ગમે તેવાં પુષ્પો હોય તોપણ તેનાથી પૂજા કરવા આગલનાં સુંદર પુષ્પો કાઢી નાંખે છે, અથવા પૂજા કરતી વખતે તે પુષ્પોની સંભાળ રહેતી નથી તેથી પડી જાય છે; આથી પ્રભુની જે મુદ્રા પૂર્વે વિશેષ આનંદદાયક અને ભવ્યતા આપનારી હોય છે, તે ન રહેતાં આશાતના થાય છે. તો સહેતુ વિચાર કરી પુષ્પપૂજાનો ઉચ્ચ ઉદ્દેશ સાચવવો એજ કર્તવ્ય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### ધૂપપૂજા.

આ પૂજા કરતાં એમ ભાવવાનું છે કે જેમ અગ્નિમાં ધૂપ નાંખવાથી થતો સુગંધી ધૂમાડો ઉંચો ચડે છે, તેમ કર્મરૂપી કઠિન લાકડું બાળવા માટે ધ્યાનરૂપી અગ્નિ છે, તેમાં શુભભાવનારૂપી ધૂપ નાંખવાથી ધૂમાડાની ઉંચગતિ પેઠે મારો આત્મા ઉચ્ચ ચડો.'

નોટ—ધૂપમાં દશાંગ ધૂપ વપરાવો જોઇએ, અને તે ઘણાં સુગંધી દ્રવ્યોનો બનેલો હોવાથી તેના ધૂમાડામાં વિશેષ સુગંધ હોય છે, અને તે ધૂમાડો દેરાસરમાં વિશેષ પ્રસરતાં અશુભ મલીન રજકણો દૂર થાય છે; વાતાવરણ વિશેષ સારૂં બને છે. આજકાલ અગરબતીથી તદ્દન ચલાવી લેવાય છે તેમ સાવ થવું જોઈતું નથી. વળી કેટલાક અગરબતી પ્રભુપાસે સુંઘાડવા માગતા હોય, તેમ નાકપાસે લઈ જાય છે, તેથી રાખ શરીરપર પડે છે, અને આશાતના થાય છે; તો આમ થવું જોઇતું નથી.

### દીપપૂજા.

આ પૂજા કરતાં એમ ભાવના કરવાની છે કે દીપક જેમ અંધકારને દૂર કરે છે તેમ મારા આત્મામાં રહેલ જ્ઞાનરૂપી જયોત–દીવો, મારા કર્મરૂપી–અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરો.

નોટ—દેરાસરમાં દીવો બાળવામાટે વપરાતું ઘી શુદ્ધ અને સારૂં હોવું જોઇએ. અશુદ્ધ ઘીમાં ઘણી વખત ચરબી આદિ પદાર્થો હોય છે, તેથી આશાતના થાય છે, અને અશુદ્ધ ઘીથી કાળાશ–મશ બહુ થાય છે, અને તેથી મલીન રજકણો ફેલાય છે. બીજીવાત એ યાદ રાખવાની છે કે દીવા ઉઘાડા કદી ન રખાવા જોઇએ, કારણ કે તેમ થવાથી કેટલાંક જીવડાં, કુદાં, પતંગીઆં આદિ તેમાં પડીને મરી જાય છે તેથી હિંસાસાથે આશાતના મોટી થાય છે.

### અક્ષતપૂજા.

આ પૂજા અક્ષત (ચોખા)ના સાથીયા વગેરેથી થાય છે. આ પૂજા કરતાં એ ભાવવાનું છે કે સાથીઆમાં દર્શાવાતી ચાર ગતિમાંથી મુક્ત થઈ રત્નત્રયીની આરાધનાથી સિદ્ધ દશાનું અક્ષત–અખંડ પદ પ્રાપ્ત થાઓ !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નોટ—અક્ષત આખા અને ઉંચી જાતના ચડાવવા જોઇએ. કણકીના ન ચડાવવા જોઇએ.

**નૈવેદ્યપૂજા.**

આ પૂજા કરતાં એ ભાવવાનું છે કે: 'હે પ્રભુ! આપ નિર્વેદી છો અને સદા અનાહારી છો, આપની પાસે આ નૈવેદ્ય મૂકુંછું તે એ ભાવસાથે કે હું આ સર્વ નૈવેદ્યનો ત્યાગ કરી સદાને માટે આપના જેવું અનાહારી પદ પ્રાપ્ત કરૂં!'

નોટ—કંદોઇપાસેથી વેચાતી લીધેલી મીઠાઈ નૈવેદ્યમાં વપરાવી જોઈતી નથી, તેનાં કારણમાં પહેલું એ કે તે મીઠાઈ કંદોઈ મલીન કપડાં પહેરી કરે છે, અને તેમાં અપવિત્ર સાકર, ઘી આદિ વપરાય છે; બીજું એ કે બીજાં માણસોનો સ્પર્શાસ્પર્શ થવાથી સ્પર્શ્યાસ્પર્શ્યનો દોષ આવે છે. આથી આશાતના થાય છે એ સ્પષ્ટ છે. મીઠાઈ ઘેર પોતે અગર સ્નાન કરાવી સારાં લુગડાં પહેરેલ કંદોઈ પાસે શુદ્ધ રીતે શુદ્ધ દ્રવ્યોથી કરાવવી જોઈએ, અને તેમાં બીજાઓનો સ્પર્શ ન થાય તેમ થવું જોઇએ. તેમાં વપરાતી સાકર અને ઘી સ્વચ્છ અને શુદ્ધ હોવાં જોઇએ. એટલે ખાસ કરીને સાકર પરદેશી હોય છે તો તેમાં અપવિત્ર વસ્તુઓ આવે છે તે ઉઘાડી વાત છે; તેથી તે ન વપરાતાં શુદ્ધ સ્વદેશી સાકર વપરાવી જોઇએ. વળી આ મીઠાઈ થતી વખતે ધૂપ, અને ઘીનો દીવો રખાવાં જોઇએ છીએ.

**ફલપૂજા.**

આ પૂજા કરતી વખતે એ ભાવવાનું કે 'હે પ્રભુ! આ ફલ આપની પાસે મૂકુંછું અને તેની સાથે એ ઇચ્છું છું કે શિવરૂપી ફલ મને મળો'!

નોટ—આ સર્વ દ્રવ્યો પ્રભુપાસે મૂકી પૂજા કરવાનું કારણ એ છે કે પ્રભુ પ્રતિમા એ અંતિમ શુદ્ધ ફલ પ્રાપ્ત કરવામાં નિમિત્ત કારણ છે; આમ કરવામાં વૃત્તિઓ અને ભાવના ઉચ્ચ ઉચ્ચ ચડાવવી જોઇએ એટલે આત્માપ્રત્યે અંતર્મુખદૃષ્ટિ જોઇએ. અન્ય કોઇએ એ તર્ક લાવવાનો નથી કે જૈનો આ પૂજા કરે છે તેથી એમ સિદ્ધ થાય છે કે જૈનો ઇશ્વરને ફલદાતા માને છે; આનો ઉત્તર ઉપર અપાયેલો છે કે આત્માની ગતિ સિદ્ધ ઇશ્વરની ઉચ્ચતમ ગતિ જેવી કરવાની છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ અષ્ટપ્રકારી પૂજાના હેતુ બતાવ્યા, તેવાજ હેતુઓ બીજી સત્તરભેદી, એકવીશ પ્રકારી વગેરે પૂજાઓના છે, પરંતુ સ્થલસંકોચથી અત્ર લખવામાં આવ્યા નથી. સત્તરભેદી એટલે ૧ ન્હવણ, ૨ વિલેપન, ૩ વસ્ત્રયુગ, ૪ વાસક્ષેપ, ૫ પુષ્પ, ૬ પુષ્પમાલા, ૭ પંચવર્ણપુષ્પ ૮ ચૂર્ણ, ૯ ધ્વજા, ૧૦ આભરણ, ૧૧ પુષ્પગૃહ, ૧૨ પુષ્પપગર, ૧૩ અષ્ટમંગલ, ૧૪ ધૂપ, ૧૫ ગીત, ૧૬ નૃત્ય, ૧૭ વાજીત્ર, એમ થાય છે. એ ઉપરથી વિશેષ પ્રકાર થાય છે તે કહે છે કે

સત્તર ભેદ એકવીશ પ્રકારે, અઠોત્તર શત ભેદે રે;
ભાવપૂજા બહુવિધિ નિરધારી, દોહગ દુરગતિ છેદે રે–સુબુદ્ધિ. ૬.

એ રીતે સત્તર ભેદથી, એકવીશ પ્રકારથી, એકસો આઠ ભેદથી અને એક હજાર આઠ ભેદથી પણ દ્રવ્યપૂજા થાય. આ સર્વ પૂજાના ભેદ ભાવસહિત (ભાવના કેવી રીતે થાય છે તે ઉપર ટુંકમાં જણાવ્યું છે.) આચરતાં સુગતિ પ્રાપ્ત થાય.

હવે ત્રીજો ભેદ તે ભાવપૂજા છે. ભાવ શબ્દથી પરમાત્માના સ્વરૂપને જ્ઞાનાદિક બહુ વિધિથી એટલે ઘણા પ્રકારે નિરધારી એટલે તે તે લક્ષણે અવધારીને ચિંતવવું; આ પૂજાનું ફલ દુર્ભાગ્ય એટલે જે સ્વરૂપની અપ્રાપ્તિરૂપ કર્મસંબંધની ચારે દુર્ગતિ તેનો તથા તેના દુઃખનો નાશ થાય અને પંચમ ગતિ એટલે મોક્ષપદની પ્રાપ્તિ થાય તે રૂપ છે.

## ૫૯.

ભાવપૂજાનું વિશેષસ્વરૂપ.

ઉપર કહી તે સર્વ દ્રવ્યપૂજા છે. આ દ્રવ્યપૂજાને ભાવપૂજા સાથે શું સંબંધ છે તે દર્શાવીએ. દ્રવ્યપૂજા એટલે ન્હવણ, વિલેપનાદિક બાહ્ય ઉપચાર યોગ સમારવાને છે. પૂજા પોતેજ આત્માના દુઃખહેતુ એવા અઢાર પાપસ્થાનક તેને પલટાવવાને જે પ્રશસ્ત રાગ પૂજામાં કરીએ છીએ, તે આત્માને તજવા યોગ્ય કર્મને નિર્જરવાની નીતિ છે તેથી સંવરરૂપ છે, માટે અવશ્ય કરવા યોગ્ય છે. ભાવપૂજા એટલે ગુણગુણીની એકત્વતારૂપ પૂજા તેનું કારણ ઉપરોક્ત દ્રવ્યપૂજા છે.

આ ભાવપૂજા બે પ્રકારે છે. એકતો પ્રશસ્ત અને બીજી શુદ્ધ. પહેલામાં પ્રશસ્તરાગ મુખ્યપણે હોય છે. તે પ્રશસ્તરાગ શું છે?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રશસ્ત એટલે ગુણી ઉપર રાગ. જે વિષય, પરિગ્રહ ઉપર રાગ છે તે કર્મબંધ હેતુ છે; એટલે સ્વાર્થપ્રેમ જેવો કે સ્ત્રીપ્રત્યેનો, માતા આદિ પ્રત્યેનો પ્રેમ, એ રાગ, મોહ આદિને લઈને હોય, તો તે કર્મબંધરૂપજ છે; પરંતુ અરિહંતાદિ પંચ પરમેષ્ટી, આગમ અને સાધાર્મિક ઉપર પક્ષપાત વિના ગુણીપણા માટે જે રાગ તે પ્રશસ્તરાગ જાણવો. આ રાગ યદ્યપિ પુણ્યબંધનો હેતુ છે, તથાપિ છતા આત્મગુણને સ્થિર થવાનો તથા નવા પ્રગટ કરવાનો હેતુ છે.

આનાં ઉદાહરણ જોઇએ. ચારિત્ર ગ્રંથોમાં આપણે જોઈએ છીએ કે કેટલીક વખત રાજકુમારી આદિ કોઇને પરણવા ઇચ્છતી નથી ત્યારે તેનાં માતાપિતા જુદા જુદા રાજકુમારોની છબીઓ મંગાવી તે રાજકુમારીને આપે છે, અને બને છે એવું કે તેમાંથી એકની છબી જોઈ તે તુરતજ તેની સાથે પરણવાની સંમતિ આપે છે. આવીજ રીતે કોઈ રાજકુમાર આદિના સંબંધમાં બને છે. આનું કારણ પૂર્વભવનો રહેલો જીવપ્રેમજ છે.

પૃથ્વીચંદ્ર અને ગુણચંદ્રનો પ્રેમ ઠેઠ કલાવતિ અને શંખરાજાના ભવથી તે એકવીશ ભવસુધી ચાલ્યો આવ્યો હતો. શ્રી નેમિનાથ પ્રત્યેનો રાજુલનો પ્રેમ લાગલાગટ પૂર્વના નવ ભવથી ચાલ્યો આવ્યો. આ સર્વ પ્રેમ જીવપ્રેમ હતો–પ્રશસ્ત હતો અને છેવટે તે પ્રશસ્ત પ્રેમ મટીને શુદ્ધ થતાં આત્મા આત્મારૂપે પ્રગટ થાય છે.

અહીં કોઈ પૂછે કે શ્રી ગૌતમસ્વામીને ત્રિભુવનદયાલ, ત્રિશલાનંદન, શ્રી વીર પરમાત્માપર રાગ હતો તે કેવલજ્ઞાનને રોધક કેમ થયો? આનો ઉત્તર એ છે કે શ્રી ગૌતમનો પ્રશસ્ત રાગ ક્ષયોપશમ રત્નત્રયીનો તો દીપક હતો, પણ શ્રી વીર વિદ્યમાન છતાં રાગની મંદતા થઈ નહિ, કારણ કે છતે કારણે રાગ ટલવો દુષ્કર છે. જેમ દશ ઘડા ઘીથી ભરેલા હોય તેમાંથી થોડા ફૂટે છતાં બાકીના ઘડા ઘીવાળા રહે પરંતુ એક પાત્રમાં ઘી ભર્યું હોય અને તે ફૂટી જાય ત્યારે તે પાત્ર ઘીવાળું કહેવાતું નથી, તેવીજ રીતે જ્યારે કારણ મટ્યું તેથી શ્રી ગૌતમની રાગની અવસ્થા અટકી, તે વખતે શ્રેણી થઈ.

આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવશે કે પ્રશસ્ત રાગ સર્વ જીવોને ક્ષયોપશમી રત્નત્રયીનો વિરોધી નથી, ક્ષાયકતાની ઈહાયુક્ત ક્ષાયકતાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નજીક કરે, પરંતુ [1]ક્ષાયકરત્નત્રયી થવા દીએ નહિ. પ્રશસ્ત ભાવપૂજા સાધકતામાં છે; સાધ્યપ્રાપ્તિ જ્યારે શુદ્ધ ભાવ પ્રગટ થાય ત્યારેજ થાય.

પ્રશસ્ત રાગીપણાની ઓળખાણુ કરીએ. શ્રી અરિહંતના અતિશયનો મહિમા અને આઠ પ્રાતિહાર્યની વિસ્મયતા આદિ દેખી સાંભળીને જે રાગ ઉપજે છે તે પ્રશસ્તરાગ છે. જગત્‌ના જીવોને મોહરૂપી અંધકારથી નિવારવા ધર્મદેશના આપવાથી તથા તત્ત્વથી ભૂલા પડેલા જીવોને તત્ત્વના દેખાડવાથી શ્રી અરિહંતનું જે ઉપકારીપણું થયેલું છે તે પર ઇષ્ટતા રાખવી, તથા નિર્મલ કેવલજ્ઞાનાદિ ગુણો ઉપર રાગ રાખવો એ પ્રશસ્તરાગ છે. આ રાગથી કલ્પવૃક્ષ, ચિંતામણિરત્ન આદિ તુચ્છ ભાસે, કારણ કે તે આ લોકના સુખના હેતુ અને ભાવ અશુદ્ધતાના વધારનાર છે; આવો શ્રી અરિહંતનો રાગ પરંપરાએ આત્મસુખનો હેતુ છે.

શુદ્ધભાવપૂજા એટલે આત્માનું ચેતન વીર્ય શ્રી અરિહંત પરમાત્માના ક્ષાયક સિદ્ધત્વાદિ ગુણોની અનુસાર પ્રવૃત્તિ કરવી એટલે ગુણરાગી થઈને ગુણ બહુમાની થવું તે. આ પછી સ્વસ્વરૂપમાં તન્મય થયે થકે સ્વરૂપપૂર્ણતા નીપજે, એટલે મોક્ષમાર્ગ સાધ્ય થઈ શકે.

જે આત્માના ક્ષયોપશમભાવી દર્શન ગુણ, અને જ્ઞાનાદિ ગુણ પ્રભુની પ્રભુતામાં લયલીન થયા છે, એટલે જેટલી આત્મશક્તિ પ્રગટી છે તે સર્વ, અરિહંતના ગુણને અનુયાયી કરીને તન્મયતારૂપ કરે તે શુદ્ધભાવપૂજા છે.

આવી રીતે શુદ્ધ નિર્મલતત્ત્વી શ્રી અરિહંત દેવ સિદ્ધ ભગવાનના રસથી તેના ગુણની ભોગી ચેતના રંગાય એટલે અન્ય વિકલ્પ ટાળી અનુભવભાવના સહિત પ્રભુસ્વરૂપે રસીલી થાય ત્યારે આત્મભાવ પ્રગટે એટલે ભવ્યજીવ પહેલાં આત્માવલંબી થાય ત્યારે પોતાના ગુણને સાધતો–નિપજાવતો, સમ્યગ્દર્શનાદિક ગુણને પ્રગટ કરતો, ગુણસ્થાન ક્રમે સ્વરૂપાનુભવ કરતો થકો તલ્લીનતા કરી અનાદિકાલના સત્તાગત પૂજ્ય સ્વભાવને પ્રગટ કરે. ભાવાર્થ એ કે પહેલાં 'હું પણ પૂજ્ય અનંતગુણી છું' એ નિર્ધારરૂપ સમ્યગ્દર્શન પ્રગટે, સ્યાદ્વાદ સત્તાનું

૧ જોકે પ્રશસ્ત રાગમાં ક્ષાયિક સમકીત થાય છે, અહીં તે કરતાં ઉંચી સ્થિતિની વ્યાખ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાસન થાય; પછી જે સત્તા પ્રગટી, તેના રમણરૂપ—અનુભવરૂપ ચારિત્રગુણ પ્રગટે, પછી શુકલધ્યાન પ્રગટે, પછી નિરાવરણ કેવલજ્ઞાન પ્રગટે. આવી રીતે પરમપૂજ્ય શ્રી અરિહંતને પૂજવાથી પોતાનો પૂજ્ય સ્વભાવ પ્રગટે.

૬૦.

પૂજાનો પ્રસ્તાવ.

હવે આપણે પ્રભુની પૂજા—સ્તુતિ આદિ જે સૂત્રોથી કરીએ છીએ તે સર્વ હેતુ સહિત વિચારીએ. પ્રભુની પૂજા સામાન્ય પ્રકારે બે ભેદે છે. દ્રવ્યપૂજા અને ભાવપૂજા. દ્રવ્યપૂજા મુખ્ય ત્રણ પ્રકારે છે. અષ્ટપ્રકારી, સત્તરભેદી અને એકવીશ પ્રકારી. તેમાંની કેટલીક દ્રવ્યપૂજા અંગપૂજા તરીકે કરવામાં આવે છે, કેટલીક અગ્રપૂજા તરીકે કરવામાં આવે છે. પ્રભુના અંગ ઉપર ચીજો ચડાવીને પૂજા કરવામાં આવે છે તેને અંગપૂજા કહે છે, અને પ્રભુ આગળ સામગ્રી મૂકીને પૂજા કરવામાં આવે છે તે અગ્રપૂજા કહેવાય છે. આનું વર્ણન આપણે આગળ કરી ગયા છીએ.

હાલમાં જે નવપદની ૯૯ પ્રકારની તથા બીજી પૂજા થાય છે તે સર્વનો સમાવેશ ઉપરની અષ્ટપ્રકારી સત્તરભેદી અને એકવીશ પ્રકારી પૂજામાં થઇ જાય છે.

દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ બંને કરવાનો અધિકાર શ્રાવક અને શ્રાવિકાને છે. સાધુ અને સાધ્વીને તો ભાવપૂજા કરવાનો અધિકાર છે. હવે દ્રવ્યપૂજાનો વિશેષ વિસ્તાર ન કરતાં ભાવપૂજાપર આવીએ.

ભાવપૂજામાં મુખ્ય હેતુ એ છે કે સામાન્ય પ્રભુની સ્તુતિ, તે પ્રભુના ગુણો સાથે પોતાના આત્માની સરખામણી અને તે પ્રભુપદ મેળવવાની ભાવના કરવી.

૬૧.

સ્તુતિના પ્રકાર.

પ્રભુની સ્તુતિ—સ્તવનાદિ સામાન્યપણે ચાર પ્રકારે કરવામાં આવે છે:—

૧. યાંચા—પ્રભુ પાસે મોક્ષસુખ આદિની માગણી કરવાની રચનામય સ્તુતિ કરવી તે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨. ગુણોત્કીર્તન—પ્રભુના બાહ્ય અને અભ્યંતર ગુણોના વર્ણન સાથે તેમની વાણી અને અતિશયો આદિનું નિરૂપણ કરવું તે.

૩. સ્વનિંદા—પોતાની નિંદા પ્રભુ સમીપ કરવી તે. આનું મુખ્ય ઉદાહરણ રત્નાકરપચીશી છે.

૪. આત્મસ્વરૂપાનુભવ—પ્રભુ સન્મુખ નિશ્ચય સ્વરૂપથી પોતાનામાં અને પ્રભુમાં કાંઈ પણ અંતર નથી એમ અનુભવ સહિત સબળ આત્મસ્વરૂપના નિરૂપણ સાથે સ્તુતિ કરવી તે.

આ રીતે સામાન્ય સ્તુતિ કરવાનો નિયમ છે.

ભાવપૂજા એક શ્લોકથી તે એક હજાર ને આઠ શ્લોક સુધી કરાય તોપણ ઓછી છે. પ્રભુની નિયમિત સ્તુતિ અમુક નિર્ણીત સૂત્રોદ્વારા કરવાનો નિયમ શિષ્ટ પુરૂષોએ બાંધ્યો છે; તેનો હેતુ શું છે અને તે કેવીરીતે કરવી જોઈએ તેનું દિગ્દર્શન કરાવવાનો પ્રયત્ન કરીએ છીએ.

૬૨.

ચૈત્યવંદન અને તેના પ્રકાર.

પ્રથમ ભાવપૂજા "ચૈત્યવંદન" એવા પારિભાષિક શબ્દથી પ્રખ્યાત છે અને તેનું બીજું નામ 'દેવવંદન' પણ વપરાય છે. આ દેવવંદન (ચૈત્યવંદન) ત્રણ પ્રકારે કરાય છે. જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટપણે. જઘન્યમાં એક, મધ્યમમાં બે અને ઉત્કૃષ્ટમાં પાંચ નમુત્થુણં આવે; એટલે જઘન્ય ચૈત્યવંદન કે જે હાલ ઘણા ભાગે કરવામાં આવે છે તે એ કે ચૈત્યવંદન કરી, નમુથ્થુણં કહી, સ્તવન બોલી, જયવીયરાયનો પાઠ ભણી, અરિહંત ચેઈયાણુંના પાઠથી એક નવકારનો કાઉસગ્ગ કરી, એક થોય (સ્તુતિ) બોલી સમાપ્ત કરવું; મધ્યમ ચૈત્યવંદનમાં ચાર થોઈ (સ્તુતિ)થી દેવને વંદન કરવામાં આવે છે, અને ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં આઠ થોઈથી દેવવંદન કરાય છે.

૬૩.

જઘન્ય ચૈત્યવંદનનું વિશેષ સ્વરૂપ.

અહીંઆ જઘન્ય ચૈત્યવંદન સામાન્ય રીતે લોકમાં વિશેષ પ્રચલિત હોવાથી તેનું કંઈક વિશેષ સ્વરૂપ લખીશું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચૈત્યવંદનમાં મુખ્યત્વે કરીને નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન, અને ભાવજિન એ ચાર પ્રકારના જિનને નમસ્કાર કરવાનો છે. તે-ઓની દરેક ક્રિયાની આદિમાં ઇરિયાવહી પડીકમવી જોઇએ. આ પડિ-કમવાની પ્રવૃત્તિ હાલમાં વ્રતધારી સીવાય બીજામાં દેખાતી નથી. તે પડિકમતાં કાઉસગ્ગને અંતે 'લોગસ્સ' બોલવો જોઇએ, કારણ કે તે સૂત્રથી નામજિનને નમસ્કાર થાય છે. હાલમાં ચૈત્યવંદન કરનાર અ-મુક તીર્થંકરનું ચૈત્યવંદન બોલે છે તેથી પણ નામજિનને નમસ્કાર થઈ શકે છે. 'નમુત્થુણં'થી ભાવજિનને નમસ્કાર થાય છે. "જે અ-ઇઆ સિદ્ધા, જેઅ ભવિસ્સંતિ ણાગએ કાલે; સંપઇઅિ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ" આ ગાથાથી દ્રવ્યજિનને નમસ્કાર થાય છે.

૬૪.

સૂત્રોના ક્રમના હેતુ સાથે સૂત્રો.

હવે ચૈત્યવંદન કરતાં બોલાતા સૂત્રોના અનુક્રમનો હેતુ સાથે જ-ણાવીએ છીએ.

પ્રથમ પોતાના કાયયોગથી છતી શક્તિ ન ગોપવવાનો ઉપદેશ સ્મરણમાં લાવી, તે સાથે હું જેમને નમું છું તે ક્ષમા આદિ ગુણથી સહિત છે, માટે મારા પૂજ્ય છે અને નમસ્કાર કરવા યોગ્ય છે એ હેતુ સ્મરણમાં લાવવા **ઇચ્છામિ ખમાસમણો** (પ્રણિપાત–નમસ્કાર)-નો પાઠ ત્રણ વખત બોલવો. તે પાઠ નીચે પ્રમાણે છેઃ—

**इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए ।**
**निसीहिआए । मत्थएण वंदामि ॥**

અર્થ—હે ક્ષમાશ્રમણ! યાપનીયયા એટલે શક્તિસહિત, નૈષેધિ-કયા એટલે શરીરથકી, વાંદવાને ઇચ્છું છું, મસ્તકવડે નમસ્કાર કરૂં છું.

તથા ત્રણ વખત પંચાંગ પ્રણિપાત (નમસ્કાર) કરવો. પંચ અંગ તે બે ઢીંચણ, બે હાથ, અને એક મસ્તક, એ બધાં ભૂમિને નમતાં અડાડવાં જોઈએ અને ત્યારેજ પંચાંગનમસ્કાર ગણાય. (અત્યારે કહેવું પ્રસ્તુત થઈ પડશે કે હાલમાં કેટલાએક નમસ્કાર કરતાં માથું અધર રાખે છે, અને વળી કેટલાએક તો હાથ પણ ભૂમિને અડકાડતા નથી. આ રીત પંચાંગ નમસ્કારમાં દૂષણરૂપ છે.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આટલું જણાવ્યા પછી જરા જણાવવાનું કે દશત્રિકમાં જે મુદ્રા-ત્રિક નામે યોગમુદ્રા, મુક્તાશુક્તિમુદ્રા અને જિનમુદ્રાનું સ્વરૂપ આગળ બતાવ્યું છે તે પર ચૈત્યવંદન કરતાં ખાસ ધ્યાન રાખવું ઘટે છે. આમાંની યોગમુદ્રાને 'જયવીયરાય' પહેલાંની નીચે જણાવેલ સર્વે ક્રિયાસુધીમાં રાખવાની છે, જયવીયરાયમાં મુક્તાશુક્તિ મુદ્રા રાખવાની છે અને કાઉસગ્ગમાં જિનમુદ્રા રાખવાની છે.

આ યોગમુદ્રા કરીને પ્રથમ કોઈપણ તીર્થંકરની નામજિન તરીકે સ્તુતિ કરવાને માટે **ચૈત્યવંદન** બોલવું. ઉદાહરણ તરીકે ચૈત્યવંદન લઈએ:—

## સીમંધરચૈત્યવંદન.

શ્રી સીમંધર જગધણી, આ ભરતેં આવો
કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો. ૧
સકલભક્ત તુમો ધણી એ, જો હોવે હવે નાથ
ભવો ભવ હું છું તાહરો, નહિ મેલું હવું સાથ. ૨
સકલ સંગ છંડી કરી, એ ચારિત્ર લેઇશું
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ૩
એ અલજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ,
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪

અર્થ—હે જગત્‌ના નાથ એવા શ્રી સીમંધરસ્વામી! આ ભરત-ક્ષેત્રમાં પધારો, અને આપ કરૂણાવાળા હોવાથી કૃપા કરી અમને દર્શન-વંદનનો લાભ આપો. તમે કે જે સર્વ ભકતોના સ્વામિ છો તે જો અમારા સ્વામિ થાય તો હું કે જે ભવોભવ તમારો છું તે તમારો સાથ-સંગત કદી છોડું તેમ નથી. પછી અમે સર્વ સંગ-આસક્તિ છોડી ચારિત્ર-દીક્ષા લઇશું, અને તમારા પગ સેવીને શિવરૂપી સ્ત્રીને વરીશું એટલે મોક્ષ પ્રાપ્ત કરીશું. આ અરજ સીમંધર દેવ! મારી ઘણી ઘણી કરીને છે તે પૂરજો, અને હું અહીંથી આપને વિનવું છું કે મારી સેવા લક્ષમાં લેજો.

આ રીતે નામજિનનું સ્તવન થયું, હવે સ્થાપનાજિનનું સ્મરણ કરવા '**જંકિંચિ**'નો પાઠ બોલવો, કારણ કે આહીં જીવને ભાવના ભાવવાની તક મળે છે કે હે જીવ! જ્યાં જ્યાં જિનેશ્વરની પ્રતિ-માઓ છે ત્યાં ત્યાં સર્વ સ્થલે જઇને તારે તેનાં દર્શન કરવાં જોઇએ;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરંતુ તેવું પુણ્ય અને તેટલી શક્તિ ન હોવાથી આ જિનબિંબની સ્તુતિ કરતાં હૃદયમાં દરેક જિનબિંબોને સ્થાપી તે સર્વને નમસ્કાર કરવાનો છે. આ હેતુથી 'જંકિંચિ'નો નીચે પ્રમાણેનો પાઠ બોલવો.

ગાથા.*

जं किंचि नाम तित्थं, सग्गे पायालि माणुसे लोए ।
जाइं जिणबिंबाइं, ताइं सव्वाइं वंदामि ॥

અર્થ—સ્વર્ગમાં, પાતાલમાં, મનુષ્યલોકમાં જે જિનબિંબો છે તે સર્વ પ્રત્યે—જે કાંઈ તીર્થ છે તે પ્રત્યે હું વંદન કરૂં છું.

હવે ભાવજિનને નમસ્કાર કરવાનું આવે છે. આનું કારણ આ પ્રમાણે છેઃ—જે જિનબિંબોની મુદ્રા હું નિહાળું છું તે પરમોપકારી, લોકાલોકપ્રકાશી, કેવલજ્ઞાનના ધારક, ભવ્ય જીવોનું કલ્યાણ કરનાર, અરિહંત મહારાજ થઈ ગયા છે, તેમનાં બિંબો છે; અને તે વખતે તેમનાં સાક્ષાત્ દર્શન પામવાને હું ભાગ્યહીન હોવાથી શક્તિવાન્ થયો નહિ, અથવા તેવા પ્રભુ કોઈ ભવમાં મેં નિરખ્યા હશે તો તે પ્રભુને પ્રભુ તરીકે ઓળખ્યા નહિ હોય; આથીજ આ દુઃખમય સંસારમાં હું હજુ પણ પરિભ્રમણ કરતો રહ્યો છું; પરંતુ કોઈ શુભ ક્ષયોપશમયોગે અને શ્રી અરિહંત પ્રભુ પ્રત્યે ભક્તિભાવ ઉલ્લસ્યો છે તેથી આ જિનપ્રતિમાને જિનેશ્વર સરખી માની સમોવસરણમાં બેઠેલા પ્રભુનું—કેવલી આત્માનું સ્વરૂપ તે પ્રતિમામાં સ્થાપી સાક્ષાત્ અરિહંતરૂપે માની હું ભાવતીર્થંકરની સ્તુતિ કરૂં છું. આ હેતુથી ભાવસ્તવ નામે **નમુત્થુણં**નો પાઠ નીચે પ્રમાણે કહેવો.

નમુત્થુણં—શક્રસ્તવ—ભાવસ્તવ.

नमुत्थुणं अरिहंताणं भगवंताणं ॥ १ ॥
आइगराणं, तित्थयराणं, सयंसंबुद्धाणं ॥ २ ॥
पुरिसुत्तमाणं, पुरिससीहाणं, पुरिसवरपुंडरीआणं, पुरीसवरगंधहत्थीणं ॥ ३ ॥
लोगुत्तमाणं, लोगनाहाणं, लोगहिआणं, लोगपईवाणं, लोगपज्जोअगराणं ॥ ४ ॥
अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाणं, सरणदयाणं, बोहिदयाणं ॥ ५ ॥

* ગાથા સંસ્કૃત આર્યા પ્રમાણે ગવાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**धम्मदयाणं, धम्मदेसियाणं, धम्मनायगाणं**
**धम्मसारहीणं, धम्मवरचाउरंतचक्कवट्टीणं ॥ ६ ॥**
**अप्पडिहयवरनाणदंसणधराणं, विअट्टछउमाणं ॥ ७ ॥**
**जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं,**
**बुद्धाणं बोहयाणं, मुत्ताणं मोअगाणं ॥ ८ ॥**
**सव्वन्नूणं, सव्वदरिसिणं, सिव मयल मरुअ मणंत-**
**मरकय मव्वाबाह मपुणराविति सिद्धिगइ नामधेयं, ठाणं**
**संपत्ताणं, नमो जिणाणं, जिअभयाणं ॥ ९ ॥**

પ્રથમ સ્તોતવ્ય સંપદા છે, કારણ કે નીચેનાં વિશેષણોવાળા પ્રભુને વિવેકી પુરૂષોએ સ્તવવા યોગ્ય છે.

૧. અરિહંત (કે જેનો વિશેષથી અર્થ આગળ અપાઇ ગયેલ છે) તેને અને ભગવંતને નમસ્કાર હો.

ભગવંત એટલે ભગવાળા. ભગના ૭ અર્થ. સમસ્ત ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન. આ ૭ વસ્તુઓ અરિહંતમાં ઉત્કૃષ્ટપણે વર્તે છે તે આ રીતેઃ–દેવતાઓ ભક્તિથી મહાપ્રાતિહાર્ય કરે છે તે સમસ્ત ઐશ્વર્ય; સકલ સ્વભાવથી થયેલ અંગુઠારૂપ અંગારનિદર્શનાતિશયે કરી જે સિદ્ધ ઇંદ્રનું સારમાંસાર એવું રૂપ પ્રભુના અગુઠા પાસે લાવી એ તો તે તેની પાસે અંગાર–કોલસા જેવું લાગે એવું તે રૂપ; રાગ, દ્વેષ, ત્રણ્ પરિસહ, ઉપસર્ગ સહન કરવારૂપ પરાક્રમથી ઉત્પન્ન થયેલો યશ; ઘાતીકર્મના નાશરૂપ પરાક્રમથી પ્રાપ્ત કરેલાં સુખરૂપી સંપત્તિ તે ઉત્કૃષ્ટ લક્ષ્મી; સમ્યગ્દર્શનાદિરૂપ, અને દાન, શીલ, તપ, ભાવનામય ધર્મ; અને પરમ વીર્યથી ઉત્પન્ન થયેલ એક રાત્રિક્યાદિક એક રાત્રિ આદિપ્રમાણની મહાપ્રતિમાભાવહેતુ તે પ્રયત્ન. આ ૭ પ્રકારનું ભગ જેને છે

૨. તે ભગવંત.સ્તવવા યોગ્યનો સામાન્ય હેતુ કહેવામાટે સામાન્ય હેતુસંપદા.

આ પ્રમાણેઃ–શ્રી અરિહંત કેવા છે? તેનાં વિશેષ નામો.

આદિકર—પોતપોતાના તીર્થમાં દ્વાદશાંગીની આદિના કરનાર.

તીર્થંકર—જેણે કરી સંસાર સમુદ્ર તરાય છે તે તીર્થ એટલે પ્રવચન તથા સંઘ, અથવા ગણધર, તે રૂપી તીર્થના કરનાર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વયંસંબુદ્ધ—પોતાની મેળે સમ્યક્ પ્રકારે બુદ્ધ એટલે તત્વના જાણનાર.

૩. તેનો વિશેષ હેતુ કહેવામાટે વિશેષહેતુ સંપદા આ પ્રમાણેઃ—
પુરૂષોત્તમ—પુરૂષોને વિષે ધૈર્ય, ગાંભીર્યાદિ ગુણે કરી ઉત્તમ.
પુરૂષસિંહ—પુરૂષોમાં શૌર્યાદિ ગુણે કરી સિંહ.
પુરૂષવર પુંડરીક—પુરૂષોને વિષે પ્રધાન પુંડરીક એટલે કમલસમાન.

૪. ઉપયોગહેતુ સંપદા.
લોકોત્તમ—લોકમાં ઉત્તમ.
લોકનાથ—લોકના નાથ છે. કારણ કે જ્ઞાનાદિક ગુણ ન પામ્યા હોય તેવાને તે પમાડે છે, અને પામ્યા હોય તેની રક્ષા કરે છે.
લોકહિત—લોકનું હિત કરનાર છે. કારણ કે દ્રવ્ય થકી આ લોકની સંપદા આપે છે, અને ભાવથકી પરલોકનાં સુખ આપે છે.
લોકપ્રદીપ—લોકમાં દીવા સમાન છે. કારણ કે ભવ્યજીવોના સમૂહનું દેશના આદિથી મિથ્યાત્વરૂપ અંધકાર ટાળે છે.
લોકપ્રદ્યોતકર—લોકને વિષે વિશેષ ઉદ્યોત એટલે પ્રકાશ કરનાર છે; કારણ કે જેમ સૂર્ય સર્વ વસ્તુનો પ્રકાશ કરે છે તેમ ભગવંત જીવ, અજીવ આદિ પદાર્થના પ્રકાશ કરનાર છે.

૫. તદ્ધેતુ સંપદા.
અભયદય—આભયદાનના દેનાર છે, કારણ કે ભગવંતના દર્શનથી ભવ્ય જીવોને સંસારમાં ભમવારૂપ ભયનો નાશ થાય છે.
ચક્ષુદય—જ્ઞાનરૂપ આંખને આપનાર છે. કારણ કે જેમ વૈદ્ય આંખનાં પડલોને ઓસડથી દૂર કરે છે, તેમ ભગવંત ભવ્યજીવોના મિથ્યાત્વરૂપ પડલો દૂર કરી સમ્યકત્વરૂપ આંખ આપી દેખતા કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માર્ગદય—માર્ગ (મોક્ષમાર્ગ)ના આપનાર છે. જેમ ભૂલા પડેલા મુસાફરને ચોર લુંટી અવળે માર્ગે લઈ જાય છે તેને સત્પુરૂષ વસ્ત્ર, ધન આપી ખરો માર્ગ દેખાડી તેને સ્થાનકે પહોંચાડે છે તેમ ભગવંત મિથ્યાત્વ કષાયરૂપ ચોરથી લુંટાયેલ જનોને કુમાર્ગથી મૂકાવી જ્ઞાનાદિક રત્નત્રયરૂપી લક્ષ્મી આપી મોક્ષમાર્ગ દેખાડે છે.

શરણદય—શરણ આપનાર છે, કારણ કે જેમ દુશ્મનથી બીધેલા પુરૂષને કોઈ ઉત્તમ પુરૂષ શરણ આપે તેમ દુર્ગતિથી બીધેલા પુરૂષને ભગવંત શરણ આપે છે.

બોધિદય—બોધ બીજરૂપ સમ્યકત્વ આપનાર છે.

૬. સવિશેષઉપયોગહેતુ સંપદા.

ધર્મદય—ચારિત્રરૂપ ધર્મના દાતાર છે.

ધર્મદેશક—સર્વવિરતિ અને દેશવિરતિરૂપ ધર્મના ઉપદેશક છે

ધર્મનાયક—ચતુર્વિધસંઘના પ્રવર્તાવનાર છે તેથી ધર્મના નાયક છે.

ધર્મસારથી—ધર્મરૂપ રથના સારથી છે.

ધર્મવર—એટલે ધર્મમાં પ્રધાન છે અને ચાતુરંત ચક્રવર્તિ એટલે ચતુર્ગતિનો અંત લાવનાર એવું જે ધર્મચક્ર તેના પ્રવર્તાવનાર છે; અથવા ધર્મવિષે પ્રધાન ચારગતિનો અંત લાવનાર ચક્રવર્તિ છે.

૭. સ્વરૂપહેતુ સંપદા.

અપ્રતિહતવરજ્ઞાનદર્શનધર—એટલે (પર્વતાદિકે) ભેદાય નહિ તેવા પ્રધાન કેવલ જ્ઞાન, તથા કેવલ દર્શનના ધરનાર છે.

વ્યાવૃત્તછદ્મા—એટલે છદ્મ કહેતાં ઘનઘાતીઆં કર્મ અને કામક્રોધાદિક છ અંતરંગ વૈરી જેના વ્યાવૃત્ત એટલે ગયા છે તે.

૮. સ્વતુલ્યફલકારી સંપદા.

જિન—રાગદ્વેષને જીતનાર છે.

જાપક—ભવ્યજીવને રાગદ્વેષથી જીતાવનાર—મૂકાવનાર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તીર્ણ-સંસાર સમુદ્રથી તરી ગયા છે.
તારક-સંસાર સમુદ્રથી તારનાર છે.
બુદ્ધ-સર્વ તત્ત્વના જાણ છે.
બોધક-બીજાને તત્ત્વ સમજાવવાને સમર્થ છે.
મુક્ત-આઠ કર્મરૂપ બંધનથી મુકાયેલા છે.
મોચક-આઠ કર્મરૂપ શત્રુથી મુકાવવાને સમર્થ છે.

૯. મોક્ષસિદ્ધાવસ્થા સંપદા-એટલે મોક્ષનું સ્વરૂપ દાખવવામાં આવ્યું છે માટે.

સર્વજ્ઞ-લોકાલોક સર્વને કેવલજ્ઞાને કરી જાણનાર છે.
સર્વદર્શી-સમસ્ત વસ્તુઓનું સામાન્ય સ્વરૂપ કેવલ દર્શનથી દેખનાર છે.
શિવ-ઉપદ્રવ રહિત છે.
અચલ-જેને ચલાયમાન થવું નથી તેવા છે.
અરૂજ-રોગ રહિત છે.
અનંત-અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્યથી સહિત છે.
અક્ષય-જેનો ક્ષય-નાશ નથી તે.
અવ્યાબાધ-બાધા-પીડા રહિત છે.
અપુનરાવૃત્તિ-જ્યાંથી ફરી આવવું નથી તે.
સિદ્ધિગતિનામધેય સ્થાન સંપ્રાપ્ત-(ઉપરના સાત ગુણે કરી) સિદ્ધિ ગતિ એવું નામ છે જેનું એવા સ્થાનને પ્રાપ્ત કરેલ છે એવા.
જિન-રાગદ્વેષને જીતનાર જિન ભગવાનને.
જિતભય-જેણે સાત ભયને જીત્યા છે એવાને.
નમો-અગર નમોઽસ્તુ-નમસ્કાર મારા હો.

ભાવજિનની ઉપરપ્રમાણે સ્તુતિ કર્યા પછી જીવે એવી ભાવના ભાવવી જોઇએ કે આવા ભાવ અરિહંત થવાને લાયક જે જીવો આ સંસારમાં છે તે, અને ભાવ અરિહંતનું કાર્ય પૂરૂં કરી જે મોક્ષમાં બીરાજ્યા છે તે દરેક મારા જેવા પામર જીવને નમસ્કાર કરવા યોગ્ય છે; કારણ કે સકલ સંઘના નાયક તરીકે બનવું, ચતુર્વિધ સંઘની સ્થાપના કરવી, વાણીના ૩૫ ગુણ, અને ૩૪ અતિશય પામવા, અને અરિહંત નામ કર્મ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાંધવું એ કંઈ સામાન્ય વાત નથી. મહા ઉગ્ર શુભ ભાગ્યનો ઉદય હોય તોજ તીર્થંકર પદવી મળે છે, માટે તે પદને ભોગવી સિદ્ધ પ-દને પામેલા, અને હવે પછી તે પદવીને લાયક થનારા, અને વર્ત-માનકાલમાં તે પદવીને સમ્મુખ થયેલા દરેક દ્રવ્યજિનેશ્વરને હું નમ-સ્કાર કરૂં છું. ભરત ચક્રવર્તિએ મરિચિ જેવાને એજ બુદ્ધિએ નમ-સ્કાર કર્યો હતો, ત્યારે હું અજ્ઞાની છું તેમજ ભાગ્યહીન છું કે આ સમયમાં કોઈ કેવલજ્ઞાનીનો જોગ નથી, તેથી કયા કયા જીવો તીર્થંકર થવાના છે તે હું જાણી શકું તેમ નથી; માટે સામાન્ય રીતે ઉક્ત હેતુ-પૂર્વક નીચેની ગાથાથી દરેક દ્રવ્યજિનને નમસ્કાર કરૂં છું.

ગાથા.

**जेअ अईआ सिद्धा, जेअ भविस्संति णागए काले ।**
**संपइअ वट्टमाणा, सव्वे तिविहेण वंदामि ॥**

અર્થ—જે જિન અતીત એટલે ભૂતકાલમાં સિદ્ધ થયા અને જે અનાગત એટલે ભવિષ્યકાલમાં સિદ્ધ થશે અને સંપ્રતિ એટલે વર્ત-માનકાલ વિષે વર્તમાન છે તે સર્વ જિનોને હું ત્રિવિધ–મન, વચન, અને કાયાની એકાગ્રતાથી વંદન કરૂં છું.

વિવેચન—દ્રવ્યઅરિહંત જો નરકાદિ ગતિમાં હોય તોપણ તે વાંદવા યોગ્ય છે. **भूतस्य भाविनो हि यत्कारणं तत् द्रव्यं**—ભૂત કાર્યનું અને ભાવી કાર્યનું જે કારણ હોય તે દ્રવ્ય કહેવાય છે. જેમકે માટી એ ભાવી એટલે ભવિષ્યમાં થનારા ઘટનું કારણ છે, અને ઠીં-કરાં એ ભૂત ઘટનું કારણ છે; કેમકે તેથી ઘટનું જ્ઞાન થાય છે, તેવીજ રીતે જે અરિહંતો મોક્ષમાં ગયા છે તે સિદ્ધના જીવો ભૂત અરિહંતના આત્મદ્રવ્યો છે, અને ભાવી જીવો ભવિષ્ય અરિહંતના આત્મદ્રવ્યો છે. વર્તમાનકાળના જીવદ્રવ્યો ભવિષ્યમાં આવી જાય છે, તોપણ તેમને નિકટ કાળની અપેક્ષાએ વર્તમાનમાં લીધેલા છે.

હવે ઉપરોક્ત દ્રવ્યજિનને નમસ્કાર કરતાં લોકસ્વરૂપનું ભાન થાય છે, તેથી સમગ્ર લોકમાં જે જે તીર્થો, જિનકલ્યાણક ભૂમિઓ અને જિનપ્રતિમાઓ છે તે સર્વને નમન કરવું જોઇએ. આની સાથે તે સ્વરૂપને બતાવનારા, તેમજ તેના માર્ગને પ્રકાશનારા અને તેમાં વર્ત-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નારા એવા મુનિરાજોને પણ આ સ્થલે ભૂલી જવા જોઈતા નથી; એવા હેતુથી નીચેની બે ગાથા બોલવી.

ગાથા.

**जावंति चेइआइं, उड्ढे अ अहे अ तिरि अ लोए अ ।**
**सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं ।**

અર્થ—ઊર્ધ્વલોકને વિષે અને અધો લોકને વિષે, વળી તીર્ચ્છા લોકને વિષે જેટલાં ચૈત્યો-જિનપ્રતિમાઓ છે (કે જે ત્રણ લોકમાં વિરાજમાન છે) તે સર્વને હું વંદન કરૂંછું.

**जावंत केवि साहू भरहेरवयमहाविदेहे अ ।**
**सव्वेसिं तेसिं पणओ तिविहेण तिदंडविरयाणं ॥**

ભરત, ઐરવત અને મહાવિદેહ (દરેક પાંચ છે એટલે એ પંદર ક્ષેત્ર-કર્મભૂમિઓમાં) જે સાધુઓ-સાધ્વીઓ છે કે જેણે ત્રિવિધ એટલે મન વચન કાયાએ ત્રિદંડ એટલે અશુભ મન, વચન, કાયારૂપ ત્રણ દંડને નિવર્ત્યા છે તેમને મારો નમસ્કાર થાઓ.

વિવેચન—મનોદંડ એટલે મનનું કુધ્યાનમાં વર્તવું; વચનદંડ તે સાવદ્ય વચન બોલવાં અને કાયદંડ તે કાયાને કુવ્યાપારમાં પ્રવર્તાવવી.

આ પછી ચૌદપૂર્વમાં રહેલ **नमोर्हत्सिद्धाचार्योपाध्याय सर्वसाधुभ्यः ।** એ લઘુસૂત્ર વડે શ્રી પંચપરમેષ્ઠીને નમસ્કાર કહેવો. આ કહેવાનો હેતુ એ છે કે પંચપરમેષ્ઠી એ દરેક કાર્યના પ્રારંભમાં, મધ્યમાં અને અંતમાં મંગલરૂપ છે. આ ચૈત્યવંદનના મધ્યમાં તેથી આ મંગલભૂત પંચપરમેષ્ઠીનું સ્મરણ થવું જોઇએ.

આવું મંગલ પુનઃ પુનઃ કરવા યોગ્ય છે, કારણ કે, સુબુદ્ધિ અને દૃઢતા કાર્યના અંતસુધી રહેવી બહુજ મુશ્કેલ છે કારણકે દરેક કાર્યમાં તેમાં ખાસ કરીને શુદ્ધ શ્રદ્ધા રહેવામાં અનેક વિઘ્નો છે. ઘણા ભવ્ય જીવોને ખરાબ સંજોગોના ભોગ થવાથી શ્રદ્ધાભ્રષ્ટ થતાં આપણે નજરે જોઇએ છીએ. દુનિયામાં યુક્તિઓ કરતાં કુયુક્તિઓનું પ્રાબલ્ય અજ્ઞાનીઓના માટે વધારે અસરકારક થઈ પડ્યું છે, તેથી ઘણા જીવો ભવભ્રમણની સામગ્રી મેળવી મનુષ્યભવ હારી જાય છે. આવી કુબુદ્ધિ કોઈપણ સંજોગમાં મારી ન થાઓ અને જે સુબુદ્ધિથી વસ્તુસ્વરૂપ સમજી હું આ વખતે પ્રભુસ્તુતિ કરી રહ્યો છું તેવી સુબુદ્ધિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મારામાં સ્થિર રહો એ હેતુથી આ મંગલાચરણની આવશ્યકતા રહે છે.

બીજું કારણ એ પણ છે કે અમુક સૂત્રોથી પ્રભુની સ્તુતિ કર્યા પછી આપણે જે આગળ ચાર પ્રકારની સ્તુતિ બતાવી ગયા તેનાથી ગુંથાએલા અમુક સ્તવનથી હું હવે પછી પ્રભુની જે સ્તવના કરનાર છું, તે સ્તવના શુદ્ધ ભાવરૂપે મને પરિણમે અને મારામાં શાંતિ વસે તેવા હેતુથી તે સ્તવના પહેલાં પ્રથમ મંગલાચરણરૂપે પંચપરમેષ્ટીને નમસ્કાર કરવો આવશ્યક છે. આ પાઠ ચૌદપૂર્વમાંહેલો છે માટે આ સ્થલે યાદ રાખવાનું છે, કે પૂર્વ ભણવાનો અધિકાર પુરૂષોને છે પણ સ્ત્રીઓને નથી, તેથી આ પાઠ પુરૂષોનેજ બોલવાનો છે અને સ્ત્રીઓએ આ પાઠને બદલે મંગલમાટે ફક્ત **નમો અરિહંતાણં** એટલુંજ અથવા તો **પૂર્ણ નવકાર** ભણવાનો છે.

હવે સ્તવન બોલવાનું આવે છે. તે સ્તવનમાં પૂર્વે કહી ગયા તે યાંચાદિ ચાર સ્તુતિરૂપે છે તેથી તે ચારે પ્રકારનાં સ્તવન અહીં ઉદ્દાહરણરૂપે આપીશું.

## ૧. યાંચાપૂર્વક સ્તવન.

(રાયજી અમે ન હિંદુવાણા કે રાજ ગરાસીયા રે લો)–એ દેશી.

જિનજી ચંદપ્રભુ અવધારો કે નાથ નીહાલજો રે લો.
બમણી બિરૂદ ગરીબનવાજ કે વાચા પાલજો રે લો.
હરખે હું તુમ શરણે આવ્યો કે મુજને રાખજો રે લો.
ચોરટા ચાર ચૂગલ જે ભુંડા કે તેહ દુરે નાંખજો રે લો. ૧

પ્રભુજી પાંચતણી પરશંસા કે રૂડી થાપજો રે લો.
મોહન મેર કરીને દર્શન મુજને આપજો રે લો.
તારક તુમ પાલવ મેં ઝાલ્યો કે હવે મુને તારજો રે લો.
કુતરી કુમતિ થઇ છે કેડે કે તેહને વારજો રે લો. ૨

સુંદરી સુમતિ સોહાગણ સારી કે પ્યારી છે ઘણી રે લો.
તાતજી ! તે વિણ જીવે ચૌદ ભુવન કર્યું આંગલું રે લો.
લખગુણ લખમણા રાણી જાયો કે મુજ મન આવજો રે લો.
અનુભવ અનોપમ અમૃત મીઠો કે સુખડી લાવજો રે લો. ૩

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દીપતી દોઢસો ધનુષ પ્રમાણ કે પ્રભુજીની દેહડી રે લો.
દેવની દસપૂરવ લખમાને કે આઉખું વેલડી રે લો.
નિર્ગુણ નિરાગી પણ હું રાગી કે મનમાહે રહ્યો રે લો.
શુભ ગુરૂ સુમતિવિજય સુપસાય કે રામે સુખ લહ્યો રે લો. ૪

**ચોવીશી વીશીસંગ્રહ પૃ. ૧૨૫.**

અર્થ—હે ચંદ્રપ્રભ જિન ભગવાન્! લક્ષમાં રાખી હે નાથ! મારાપર નજર કરજો. આપતો ગરીબના પાલનાર અને બમણી કીર્તિ ધરાવનાર છો તેથી આપનું વચન પાળજો. હું આનંદથી આપને શરણે આવ્યો છું તો શરણે રાખજો, અને ક્રોધ, માન, માયા, અને લોભ એવા ચાર કષાયરૂપી નિંદક અને દુષ્ટ ચાર ચોરથી મને દૂર કરજો. અને હે પ્રભુજી! પંચ વ્રતની પ્રશંસા મારામાં સારીરીતે સ્થાપજો એટલે હું તેની પ્રશંસા કરતો થકો તેને પાલતો રહું એમ કરજો. હે મોહન! મહેરબાની કરીને આપનાં દર્શન મને આપજો અને આપ તારનારનો પાલવ એટલે છેડો ઝાલ્યો છે તો મને તારજો. કુમતિરૂપી કુતરી કે જે મારી પાછળ ભમ્યાં કરે છે તેને તેમ કરવા દેતા નહિ; અને સુમતિરૂપી સૌભાગ્યવંતી સુંદરી મને સારી તેમજ બહુ પ્રિય લાગે છે, છતાં તે મને મળી નથી. હે પિતાજી! તેના વગરજ ચૌદભુવન મને ભવભ્રમણથી આંગણા જેવા થઈ પડ્યા છે, અર્થાત્ આ મારો જીવ ચૌદ રાજલોકમાં રખડ્યો છે; માટે લક્ષ્મણા રાણીના લાખો ગુણ ધરાવનારા પુત્ર! આપ મારા મનમાં આવજો અને તેની સાથે અનુપમ અમૃતરસ જેવા મીઠા અનુભવરૂપી સુખડી—પકવાન લેતા આવજો. પ્રભુનો દોઢસો ધનુષ્ય પ્રમાણવાળો દેહ દીપે છે—શોભે છે અને તે દેવનું આયુષ્ય દશ પૂર્વ લક્ષ હતું. આ દેવ કે જે નિર્ગુણ, અને રાગવગરનો છે તે જો રાગવાળો એવો હું તેના ચિત્તમાં રહ્યો હોય તો રામવિજય કવિ કહે છે કે મારા શુભ ગુરૂ એવા સુમતિવિજયના સારા પ્રતાપે સત્ય સુખ લહું.

## ૨. ગુણોત્કીર્તનરૂપ સ્તવન.

### બાહ્ય ગુણરૂપ વાણી, અતિશયોનું વર્ણન.

(રાગ—મલ્હાર. વાહાણની દેશી.)

**શ્રી શ્રેયાંસ જિણંદ, ઘનાઘન ગહગહ્યો રે ઘ૦**
**વૃક્ષ અશોકની છાયે, સુભર છાઈ રહ્યો રે સુ૦**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભામંડલની ઝલક, ઝબૂકે વીજલી રે
ઉન્નત ગઢ ત્રિક ઇંદ્ર, ધનુષ શોભા મલી રે— ૧
દેવદુંદુભિનો નાદ, ગુહિર ગાજે ઘણું રે
ભાવિક જનનાં નાટિક, મોર ક્રીડા ભણું રે
ચામર કેરી હાર, ચલંતી બગતતિ રે
દેશના સરસ સુધારસ, વરસે જિનપતિ રે— ૨
સમકિતી ચાતક વૃન્દ, તૃપ્તિ પામે તિહાં રે
સકલ કષાય દાવાનલ, શાંત હુવે જિહાં રે
જનચિત્તવૃત્તિ સુભૂમિ, ત્રેહાલી થઈ રહી રે
તિણે રોમાંચ અંકૂર, વતી કાયા લહી રે— ૩
શ્રમણ કૃષી બલ સજ્જ, હુવે તવ ઊજમી રે
ગુણવંત જન મનક્ષેત્ર, સમારે સંજમી રે
કરતા બીજા ધ્યાન, સુધાન નિપાવતા રે
જેણે જગના લોક, રહે સવિ જીવતા રે— ૪
ગણધર ગિરિ તટ સંગ, થઈ સૂત્ર ગુંથના રે
તેહ નદી પરવાહે, હુઈ બહુ પાવના રે
એહજ મોહોટો આધાર, વિષમ કાલે લહ્યો રે
**માનવિજયજી** ઉવઝાય, કહે મેં સદ્દહ્યો રે— ૫

જૈનપ્રદીપ પૃ. ૧૬૪.

અર્થ—આ શ્રેયાંસ નાથ ભગવાનનું સ્તવન છે. તે ભગવાનને મેઘ સાથે સરખાવ્યા છે. શ્રી શ્રેયાંસ જિનેશ્વર અંધારેલા મેઘની પેઠે અશોકવૃક્ષની નીચે પૂર્ણતાથી છવાઈ રહેલ છે. ભામંડલની ઝલક એવી છે કે જાણે વિજલી ઝુબકતી હોય નહિ! ત્રણ ઉંચા ગઢની શોભા ઇંદ્રધનુષ્ય જેવી છે. મેઘની સાથે ગર્જના જોઈએ તો દેવદુંદુભીનો નાદ જબરો ગાજે છે, અને મોરની ક્રીડા તે ભવ્ય જીવોનાં નાટક છે. બગલાની પંક્તિઓરૂપી ચામરોની હાર થઈ રહી છે, અને જિન ભગવાન્ દેશનારૂપી વરસાદ સરસ અમૃતના રસ જેવો વરસાવે છે; અને તેનાથી ચાતકનું ટોળું એવા સમકિતીઓ ત્યાં તૃપ્તિ પામે છે, અને સર્વ કષાયરૂપી જબરી અગ્નિ (દાવાનલ જેવી) શાંત થાય છે; મનુષ્યોના ચિત્તની વૃત્તિઓરૂપી સારી ભૂમિ તરબોળ થઇ રહી છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેથી શરીરના રોમાંચરૂપી અંકૂર ફૂટ્યાં છે. સાધુઓરૂપી ખેડૂતો ઉજમાળ થઈ સજ્જ થયા છે અને તે સંયમી સાધુઓ ગુણવાન પુરૂષોના મનરૂપ ખેતરને સમારે છે, અને બીજા સાધુઓ ધ્યાન કરી સારૂં ધાન્ય ઉગાડે છે કે જેથી જગતના બધા લોક જીવતા રહે છે. ગણધરરૂપી પર્વતોના તળીઆમાંથી સૂત્રગુંથના થઇ. અને તે સૂત્રરૂપી નદિના પ્રવાહથી પાવન થવાય છે. એજ આગમો આ વિષમ કાલમાં મોટા આધારરૂપ છે એવું મેં સન્નિષ્ઠાથી શ્રી માનવિજય ઉપાધ્યાય કહે છે તે લહ્યું છે–માન્યું છે.

## ૩. સ્વનિંદાપૂર્વક સ્તવન.

ઉધાજી કહીસો બહુરિ—એ દેશી.

*પ્રભુજી મુજ અવગુણ મત દેખો—
રાગદિશાથી તૂં રહિ ન્યારો, હું મન રાગે ઘાલૂં
દ્વેષ રહિત તું સમતાભીનો, દ્વેષમારગ હું ચાલૂં–પ્રભુજી. ૧
મોહલેશ ફરસ્યો નહિ તૂંહિ, મોહ લગન મુઝ પ્યારી
તું અકલંકી, કલંકી હું તો, એ પણ રહિણી ન્યારી–પ્રભુજી. ૨
તું હિ નિરાશ, ભાવપદ સાધે, હું આશાસંઘ વિલુદ્ધો
તું નિશ્ચલ, હું ચલ, તું સુદ્ધો, હું આચરણે ઉંધો–પ્રભુજી. ૩
તુઝ શુભાવથી અવલા માહરા, ચરિત્ર સકલ જગજાણ્યા
ભારે ખમા પ્રભુને તે કહેતાં, ન ઘટે મોઢે આણ્યા–પ્રભુજી. ૪
પ્રેમ નવલ જો હોયે સવાઇ, વિમલનાથ મુખ આગે
કાંતિ કહે ભવવન ઉતરતાં, તો વેલા નવિ લાગે–પ્રભુજી. ૫

ચોવીશી વીશીસંગ્રહ–પૃ. ૧૧૧.

અર્થ—હે પ્રભુજી ! મારા અવગુણ સામું જોશો નહિ. (કારણ કે) તું રાગમાર્ગથી જુદો છે, જ્યારે હું તો મારૂં મન રાગમાં પરોવું છું. તું દ્વેષરહિત, અને સમતારસથી ભીંજાયેલો છે અને હું દ્વેષમાર્ગે ચાલું છું. લેશ માત્ર તને મોહ સ્પર્શ્યો નથી, અને મને તો મોહની લગની–પ્રીતિ પ્રિય છે. વળી તું નિષ્કલંક છો ત્યારે હું તો કલંકી છું. આ પરથી તારી અને મારી રહેણી (રીતભાત–વલણ) જુદી છે. તેં આશા–ઇચ્છા રહિત ભાવ એટલે નિશ્ચયપદ એવું મોક્ષપદ સાધ્યું

* આ ભૈરવીમાં ઉત્તમ રીતે ગવાશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે, જ્યારે હું અનેક આશાથી લુબ્ધ છું. તું અચળ છે, હું ચલાયમાન છું; તું શુદ્ધ છે જ્યારે હું આચરણે ઉંધો-વિપરીત છું. તારા સ્વભાવથી મારાં જે વિપરીત વર્તનો છે તે જગજાહેર છે. હે પ્રભુ! તને ભારે ખમા! તે સઘળાં વર્તનો મોઢે કહેવાં અયોગ્ય છે. શ્રી વિમલનાથ સમક્ષ શ્રી કાંતિવિજય કહે છે કે હે પ્રભુ! જો આપ પ્રત્યે અપૂર્વ પ્રેમ સવાયો એટલે પરવસ્તુ કરતાં અધિક હોય તો આ સંસારરૂપી વન ઉતરી જવા માટે કંઈપણ વિલંબ થાય તેમ નથી.

### ૪. આત્મસ્વરૂપાનુભવપૂર્વક સ્તવન.

**શ્રી નમીશ્વર સ્વામિ જિનસ્તવન.**

( હો પિયુ પંખીડા )—એ દેશી.

*જગત દિવાકર શ્રી નમિશ્વર સ્વામ જો,
તુજમુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો,
જાગ્યો સમ્યગ્જ્ઞાન સુધારસ ધામજો,
છાંડી દુર્જય મિથ્યા નિંદ પ્રમાદની રે લો— ૧
સહજે પ્રગટયો નિજપરભાવ વિવેક જો,
અંતર આતિમ ઠહર્યો સાધન સાધવે રે લો.
સાધ્યાલંબી થઈ જ્ઞાયકતા છેક જો,
નિજ પરણતિ નિજ ધર્મરસે ઠવે રે લો— ૨
ત્યાગી પર પરણતિ રસ રીઝજો,
જાગી આતિમ અનુભવ ઇષ્ટતા રે લો,
સહેજે છૂટી આશ્રવભાવની ચાલ જો,
જાલમ પ્રગટી સંવરશિષ્ટતારે લો— ૩
બંધહેતૂ જે છે પાપસ્થાન જો,
તે તુજ ભગતિ પામ્યા પુષ્ટ પ્રશસ્તતા રે લો,
ધ્યેય ગુણે વલગો ઉપયોગ જો,
તેહથી પામે ધ્યાતા ધ્યેય સમસ્તતા રે લો— ૪
જે અતિ દુસ્તર જલધિ સમો સંસાર જો,
તે ગોપદસમ કીધો પ્રભુ અવલંબને રે લો— †૫

---

* ઓધવજી સંદેશો કહેજો શ્યામને એની લાંબી ઢાલમાં ગવાશે.

† ચોવીશી વીશીસંગ્રહમાં આની ચાર કડીને બદલે બેજ કડી છે; કોઈ બીજી બે કડી પૂરી પાડશે તો ઉપકાર થશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વાધ્યાયાદિ પ્રભુતાને એકત્વ જો,
　　ક્ષાયક ભાવે થઈ નિજ રત્નત્રયી રે લો.
પ્રત્યાહાર કરીને ધારે ધારણ શુદ્ધ જો
　　તત્ત્વાનંદી પૂર્ણ સમાધિલયે મચી રે લો– ૬
અવ્યાબાધ સ્વગુણની પૂરણ રીત જો
　　કર્તા ભોક્તાભાવે રમણપણે ધરે રે લો,
સહજ અકૃત્રિમ નિર્મલ જ્ઞાનાનંદ જો
　　**દેવચંદ્ર** એકત્વે સેવનથી વરે રે લો. ૭

અર્થ—શ્રી **નમિશ્વર** ભગવાન્! આપ જો જગત્માં સૂર્યરૂપે હો, તો આપના મુખના દર્શન કરવાથીજ મારી અનાદિની ભૂલ ભાગી જાય તેમ છે. સમ્યગ્જ્ઞાન અમૃતરસના સ્થાનરૂપ છે. તે જો જાગ્યો તો પ્રમાદરૂપી દુઃખે કરી જીતાય એવી દુર્જય અને અયથાર્થ નિદ્રા દૂર થઈ સમજવી ૧

જો સ્વભાવ અને પરભાવ એ સંબંધી વિવેક સ્વાભાવિક પ્રકટ પામ્યો, તો અંતરાત્મા સાધન સાધવામાં સ્થિર થયો, અને જો મારી જ્ઞાયકતા (જાણવાપણું) તે કેવલ સાધ્યને અવલંબવાવાળી થઇ, તો સ્વપરિણતિ સ્વધર્મ–સ્વભાવના રસમાં સ્થિત થાયજ. ૨.

જો પરપરિણતિના રસ વિષેની પ્રીતિ દૂર થઇ તો આત્માનુભવ એજ ઇષ્ટ છે એવી વૃત્તિ સ્ફુરે છે; અને જે યોગથી કર્મોનું આવવું થાય છે તે આશ્રવભાવની ગતિ સ્વાભાવિક રીતે નષ્ટ થાય, તો જેનાથી કર્મો રોકી શકાય એવા સંવર ભાવની જ્વલંત ઉત્તમતા પ્રગટેજ છે. ૩

જે પાપસ્થાનો કર્મબંધના હેતુરૂપ છે તે તારી ભક્તિથી પ્રબલ પ્રશસ્તતાને પામે છે અને જો ધ્યાન કરવા લાયક એવા જે ગુણો તે વિષે આત્મજાગૃતિ થાય તો ધ્યાન ધરનાર એવો હું તેથી સમસ્ત ધ્યેયતાને અવશ્ય પામુંજ. ૪

(વળી) સંસાર કે જે અતિશય દુઃખેકરી તરી શકાય તેવા સમુદ્રની ઉપમાને પામેલો છે તે હે પ્રભુ! તારા અવલંબનથી મેં ગાયના પગલાં જેટલો કીધો એટલે અલ્પસંસારી હું થાઉંજ. ૫

જો સ્વાધ્યાય આદિથી પ્રભુતામાં એકત્વ પમાય તો મારાં રત્નત્રય એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્ર ઉદય પામેજ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જો બાહ્યવૃત્તિને ખેંચી આત્મસંમુખ શુદ્ધ ધારણા હું ધારૂં તો તત્વમાં આનંદી, અને પૂર્ણ સમાધિની તન્મયતામાં લીન બનું. ૬

જો સ્વગુણમાં પૂર્ણ રીતે બાધાનપીડા ન આવે તો મારો આત્મા કર્તા અને ભોક્તાભાવે નિજસ્વરૂપમાંજ રમણ કરે અને જો જ્ઞાનમાં આનંદ સ્વાભાવિક, અકૃત્રિમ અને નિર્મલ-વિશુદ્ધ હોય તો તે અભ્યાસથી દેવચંદ્ર એવા પ્રભુ તેમાં એકતા હું પામું. ૭.

આ સ્તવન એટલું બધું અર્થવાહક છે કે તેનું વિવેચન કરતાં ઘણાં પૃષ્ઠો ભરાય તેમ છે.

અહીં અમુકભાગે પ્રભુસ્તુતિની સમાપ્તિ થાય છે. હવે સ્તુતિ કરનારે એવી ભાવના ભાવવી જોઇએ કે હે પ્રભુ! આટલા ભવોમાં પરિભ્રમણ કરતાં આપના આ ગુણો ગાવાનું ભાન મને આ ભવમાં થયું છે, તો હે ભગવન્! હવે સદા હું ભવથી ઉદ્વેગ પામું, અને માર્ગાનુસારી આદિ ગુણોથી ઇષ્ટ ફલને પામનારો થાઉં તે માટે ઉત્તમ પુરૂષોની આવી સ્તુતિ કરવાની સદા બુદ્ધિ થાઓ અને રહો એવી ભાવનાપૂર્વક માગણીથી પૂર્વે બતાવેલી મુક્તાશુક્તિ મુદ્રાથી 'જયવીયરાય' સૂત્ર બોલવું. (આપણે જણાવી ગયા છીએ કે 'જયવીયરાય' પહેલાંની જે ક્રિયા બતાવી છે ત્યાંસુધી યોગમુદ્રા રાખવી).

## જયવીયરાય-ગાથામાં.

**जयवीयराय जगगुरु, होउ ममं तुह पभावओ भयवं ।**
**भव निव्वेओ मग्गा, णुसारिआ इठफलसिद्धी ॥ १ ॥**
**लोगविरुद्धच्चाओ, गुरुजणपूआ परत्थकरणं च ।**
**सुह गुरु जोगो तव्वय, ण सेवणा आभवमखंडा ॥ २ ॥**
**वारिज्जइ जइवि निआ, ण बंधणं वीअराय तुह समए ।**
**तहवि मम हुज्ज सेवा, भवे भवे तुझ्झ चलणाणं ॥ ३ ॥**
**दुखखओ कम्मखओ, समाहिमरणं च बोहिलाभो अ ।**
**संपज्जउ मह एअं, तुह नाह पणामकरणेणं ॥ ४ ॥**
**सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।**
**प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥ ५ ॥**

અર્થ-હે વીતરાગ! હે જગત્‌ના ગુરૂ! આપ જયવંતા વર્તો! આપના પ્રભાવથી મને હે ભગવન્! ભવનિર્વેદ એટલે ભવથી ઉદાસીપણું, માર્ગાનુસારીપણું એટલે કદાગ્રહને ત્યાગી આપના માર્ગને અનુસરવું, અને ઇષ્ટફલસિદ્ધિ એટલે વાંછિતફલ-શુદ્ધ આત્મધર્મની સિદ્ધિ પ્રાપ્ત થાઓ ૧

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોક વિરૂદ્ધનો ત્યાગ થાઓ, ગુરૂજન–માતપિતા સદ્‌ગુરૂ આદિની પૂજા, પરાર્થકરણ એટલે પરોપકાર અથવા મોક્ષનું સાધન જે રત્નત્ર-યાદિ તે, સદ્‌ગુરૂનો જોગ, તે સદ્‌ગુરૂનું વચન, સેવા આ ભવ છે ત્યાં-સુધી અખંડ રહો. ૨.

હે શ્રી વીતરાગ! તમારા સિદ્ધાંતવિષે યદ્યપિ નિઆણાનું બાંધવું એટલે અમુક રાજ્યાદિકની પદવી હું પામું એવા નિદાનની વાંછાનું કરવું તેને વાર્યું છે, નિષેધ્યું છે. તથાપિ તમારા ચરણોની સેવા મારે ભવે ભવે હોજો. ૩

દુઃખ (શારીરિક અને માનસિક)નો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિ મરણ, બોધીલાભ–સમ્યક્‌ત્વની પ્રાપ્તિ, એ ચાર મને તું નાથ પ્રત્યે પ્ર-ણામ કરવાથી સંપાદિત થાઓ. ૪

હવે જિનશાસનને માંગલિક ભણી આશીર્વાદ અપાય છે.

જૈન શાસન કે જે સર્વ મંગલમાં મંગલ છે, સર્વનું કલ્યાણ કરનાર છે અને સર્વ ધર્મોમાં પ્રધાન છે તે જયવંતુ વર્તો.

જયવીયરાય કહ્યા પછી સ્તુતિ કરનાર પોતે પોતાનામાં સદા પૂજા, સત્કાર, સન્માન, સમકીતની પ્રાપ્તિ વગેરે નિમિત્તે અને તેમાં તે દરે-કની વૃદ્ધિ થાય તે માટે ભાવતપરૂપ મંગલાચરણ નિમિત્તે કાયોત્સર્ગ કરે, અને તે હેતુથી જિનમુદ્રા રાખી '**અરિહંત ચેઈઆણં**'નો પાઠ બોલે.

આ પાઠમાં ભાવના એ છે કે જીવના ક્ષણે ક્ષણે પરિણામ ફરે છે, તો ઘડીક પછી શું થશે અને હું સદા શુભવાળો રહી શકીશ કે નહિ એવી ઉત્તમ જીવોએ સદા ફીકર રાખવી ઘટે છે, માટે આ અંતના મંગલાચરણથી મારામાં આવી શુભબુદ્ધિ સ્થિર રહો.

**अरिहंत चेइआणं, करेमि काउस्सग्गं ॥ १ ॥**
**वंदणवत्तिआए, पूअणवत्तिआए, सक्कार-**
**रवत्तिआए, सम्माणवत्तिआए, बोहिलाभ-**
**वत्तिआए, निरुवसग्गवत्तिआए ॥ २ ॥**
**सद्धाए, मेहाए, धीईए, धारणाए, अणुप्पेहाए,**
**वड्ढमाणीए, ठामि काउस्सग्गं ॥ ३ ॥**

અરિહંત ચૈત્યો પ્રત્યે હું કાઉસગ્ગ કરૂં છું. એટલે એક સ્થાનકે મૌન ધરી રહી ધ્યાન ધરી બીજી ક્રિયાનો ત્યાગ કરૂં છું. ૧

હવે તે કરવાનાં નિમિત્ત આ છેઃ—વંદન એટલે પ્રશસ્ત મન,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વચન, અને કાયાની પ્રવૃત્તિથી શુદ્ધિથી પ્રણામથી થતા ફલ માટે, પૂજન કરવાથી થતા ફલ માટે,—સત્કારથી વસ્ત્ર, આભરણાદિકથી પૂજવાથી, સન્માનથી—સ્તવન આદિએ ગુણગ્રામ કરવાથી, જે નિર્જરારૂપ ફલ થાય છે તે માટે, બોધિલાભની પ્રાપ્તિને અર્થે, અને નિરૂપસર્ગ એટલે જન્મ જરા આદિ ઉપસર્ગથી રહિત એવા મોક્ષસ્થાનની પ્રાપ્તિ માટે હું કાઉસગ્ગ કરૂંછું. ૨.

હવે જે કરવાથી કાઉસગ્ગ સફલ થાય તે કહે છે:—શ્રદ્ધાથી, મેધા એટલે હેયઉપાદેય જ્ઞાનરૂપ બુદ્ધિથી, ધૃતિથી એટલે ચિત્તની સ્થિરતાથી, ધારણા એટલે જિનેશ્વરના ગુણ ધારવાથી, અનુપ્રેક્ષા એટલે જિનેશ્વરના ગુણ વારંવાર ચિંતવવાથી તે તે એટલે શ્રદ્ધાદિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તેમ કરી કાઉસગ્ગ કરૂં છું. ૩

આ ક્રિયા કરવામાં ભાવ ઉત્પત્તિ કરવાનું નિમિત્તકારણ જિનબિંબ છે માટે જિનમંદિરમાં જે મૂળનાયકની આગળ આ ચૈત્યવંદનાદિકની ક્રિયા કરવામાં આવે, તે મૂળ નાયકના બિંબ અનંતર ઉપકારી છે. તે ઉપકારને સ્મરણમાં લાવી એક નવકારનો કાઉસગ્ગ પાળી **નમોર્હત્** એ પાઠથી મંગલાચરણ કરી તે મૂળ નાયકની ઓછામાં ઓછી એક ગાથાથી સ્તુતિ કરવી.

ઉદાહરણ તરીકે.

**આ**દિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
**મ**રૂદેવી માયા, ધોરી લંછન પાયા.
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલ સિરિ રાયા, મોક્ષ નગરેં સિધાયા. ૧

અર્થ:—**આ**દિ જિનેશ્વરરાજ કે જેની સુવર્ણ કાયા છે, જેની માતુશ્રીનું નામ **મ**રૂદેવી છે, જેને પગે વૃષભનું લાંછન છે, જેણે જગત્‌ની સ્થિતિ કરી એટલે યુગલીઆ ધર્મનું નિવારણ કરી ચોસઠ તથા બહોતેર કલાઓ અને રાજનીતિ વગેરે લોકોને શીખવ્યું, શુદ્ધ ચારિત્ર—યથાખ્યાત ચારિત્ર પામી કેવલરૂપી લક્ષ્મીના રાજા મોક્ષનગરે સીધાવ્યા એટલે સિદ્ધગતિ પામ્યા.

પ્રાંતે અમે પ્રાર્થીએ છીએ કે:—

**जिने भक्तिर्जिने भक्तिर्जिने भक्तिर्दिने दिने ।**
**सदा मेऽस्तु सदा मेऽस्तु सदा मेऽस्तु भवे भवे ॥**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## મુનિ મહારાજશ્રી ચારિત્રવિજયજી

### તૈયાર થઈ બહાર પડેલ પુ

### ૧.

૧. નયકર્ણિકા ( શ્રી કલ્પસૂત્રની ટીકા રચનાર
વિનયવિજયની કૃતિ; કર્તાજીવન, અને ન...
પર સ્ફુટ વિવેચન સાથે. ) ... ... ૦– ૬–૦

૨. શ્રી જિનદેવદર્શન ( દેવવંદનની ઉત્તમ રીત દાખવનાર )
વિધિ, હેતુ, વિવેચન સહિત. ... ... ૦– ૩–૦

### ૨. પ્રેસમાં ગયેલ પુસ્તકો.

અગાઉથી કિંમત.

૧. ન્યાયાવતાર ( શ્રી સિદ્ધસેન દિવાકરકૃત )
વિવેચન, કર્તાજીવન સહિત ... ... ૦– ૬–૦

૨. સામાયક સૂત્ર–સંસ્કૃત અવચૂરિસાથે
( વિધિ, હેતુ, વિવેચન સહિત. ) ... ૦– ૪–૦

### ૩. તૈયાર થનાર પુસ્તકો.

૧. શ્રી પ્રતિક્રમણ સૂત્ર
( વિધિ, હેતુ, વિવેચન સહિત. ) ... ૧– ૮–૦

૨. શ્રી ગુણસ્થાન ક્રમારોહ–( શ્રી રત્નશેખરસૂરિકૃત. ) ૦– ૮–૦

૩. શ્રી વિનયવિજયકૃત ગુજરાતી કાવ્યસંગ્રહ.
( કર્તાજીવન, ઉપોદ્‌ઘાત, શબ્દાર્થકોષ સાથે. ) ૦–૧૨–૦

૪. શ્રી વીરવિજયકૃત ગુજરાતી કાવ્યસંગ્રહ.
( કર્તાજીવન, ઉપોદ્‌ઘાત, શબ્દાર્થકોષ સાથે.) ૧–૧૨–૦

૫. શ્રીમદ્ યશોવિજયજીકૃત ગુજરાતી કાવ્યસંગ્રહ.
( વિસ્તારપૂર્વક કર્તાજીવન, ઉપોદ્‌ઘાત,
શબ્દાર્થકોષ સાથે. ) ... ... ... ૨– ૦–૦

શેઠ ગોકુલભાઈ મૂલચંદ જૈન હોસ્ટેલ
એલ્ફીન્સ્ટન રોડ સ્ટેશન સામે,
પરેલ મુંબઈ.

વિશેષ માટે લખો.
**મોહનલાલ દ. દેશાઈ.**
બી. એ. એલ્‌એલ્. બી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com